بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧–નવેમ્બર–૨૦૦૯**

ઝિલ કઅદ–ઝિલ હજ્જ

હિજરી સન : ૧૪૩૦

વર્ષ : ૦૬, અંક : ૧૧, સળંગ અંક : ૭૧



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | સૂરતમાં યોજાયેલ સુન્ની–તબ્લીગી એકતાનું નાટક ! | ૦૨ |
| ૦૨ | **નમાઝમાં રસૂલનો ખયાલ શું 'શિર્ક' પ્રતિ લઈ જશે ?!** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | ઈમામે આ'ઝમની વસિય્યતો તથા નસીહતો | ૧૪ |
| ૦૬ | શેર બે શએ અહલે સુન્નત હશ્મતઅલીખાં પીલીભીતી رحمۃ اللہ علیہ | ૧૭ |
| ૦૭ | **મદ્રસાના જ વિદ્યાર્થીઓની જગતને આટલી લાગણી શા માટે ?!** | ૨૦ |
| ૦૮ | કુત્બે ગુજરાત સૈયદના શાહ વજીહુદ્દીન અલ્વી હુસૈની رحمۃ اللہ علیہ | ૨૫ |
| ૦૯ | **કુર્બાનીનું વર્ણન તથા જરૂરી મસાઈલ** | ૩૧ |
| ૧૦ | **મુહદ્દિષે ભરૂચ** : હઝરત અલ્લામા સૈયદ સિબ્ગ઼તુલ્લાહ હુસૈની મદની رحمۃ اللہ علیہ | ૩૪ |
| ૧૧ | દા'વત તથા તબ્લીગનો બદલો તથા સવાબ | ૩૭ |
| ૧૨ | **ઈસ્લામની દા'વત ઈન્ટરનેટ પર** | ૪૧ |
| ૧૩ | હજ્જમાં શરૂથી અંત સુધીનાં કામો | ૪૭ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


**નાતે મુસ્તફા** ﷺ

રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે,
કમી હો ઈશ્કે નબી મેં કભી ખુદા ન કરે
રૂખે નબી સે હય ફિર લાફ ઝિંદગી ગુલ કો
ખુદા કિસી કો બસ ઈત્ના ભી ના–સઝા ન કરે
ઈશારા કર દેં અગર વો કમાને અબરૂ કા
હમારા તીરે દુઆ, ફિર કભી ખતા ન કરે
કદે નબી કે સિવા કુછ હમેં નહીં ભાતા
હમારે આગે કોઈ ઝિક્રે સરોકા ન કમર
હમારે દેખે હૂએ હંય મદીને કે ઝર્રે
સુના દો મહેર કો, અબ દા'વ–એ–ઝિયા ન કરે
નહીં મૈં રોતા હૂં, કુછ યાદે બાગો–ગુલશન મેં,
હમારે રોને પે, એ ગુલ, કોઈ હંસા ન કરે
ખિલેગા ગુન્ચ–એ–દિલ, ગુલ કી બાદે સમન સે,
હઝાર બાર અર્ક રેઝિયાં સબા ન કરે
યે દિલ કો ભાયા ગુલ, ઝખ્મ ઈશ્ક઼ કા લિખા
હઝાર ફૂલે ચમન, ક઼સ્દે ઈન્તેહા ન કરે
**'રઝા'**એ નામા સિયાહ કા, કહાં ઠિકાના હય
શફાઅત ઉસ કી જો મેહશર મેં મુસ્તફા ન કરે

## સૂરતમાં યોજાયેલ સુન્ની–તબ્લીગી એકતાનું નાટક !

.................કાર્યાલય.................

અમને આ સમાચાર તા. ૨૦–૯–૨૦૦૯ના ‘ગુજરાત ટુ ડે’ દૈનિક પત્ર (પેજ–૨)માં વાંચવા મળ્યા કે, **''સૂરતમાં સુન્ની–તબ્લીગ જમાઅત વચ્ચે એક સૂત્રતા : બંને સાથે મળીને કામ કરશે.''** હેડીંગ વાંચતાં આશ્ચર્ય થયું કે સુન્ની–તબ્લીગી ફિર્કાઓ વચ્ચે કઈ રીતે સમાધાન થઈ ગયું અને બંને સાથે મળીને શું કામ કરશે ? તો સમાચારની વિગત વાંચતાં જાણવા મળ્યું કે..... ''ગઈકાલે સાંજે બડેખાં ચકલામાં આવેલ હઝરત ખ્વાજાદાના દરગાહના આસ્તાને ''રાંદેર ચાંદ કમિટી'' (દેવબંદી)ના મુફતી યાકુબ અશરફ અને ''હઝરત ખ્વાજાદાના ચાંદ કમિટી''ના મુફતી કૈશર આલમ મિસ્બાહી મનદુઃખ ભૂલીને ભેટી પડયા હતા. આ સોનેરી અવસરે શહેરના કેટલાક જાણીતા આગેવાનો પણ હાજર હતા. હઝરત ખ્વાજાદાના ચાંદ કમિટીના પ્રમુખ અને દરગાહના સજ્જાદાનશીન, દરગાહના ટ્રસ્ટી તથા ચાંદ કમિટીના કેટલાક સભ્યો વગેરે બંને પક્ષ તરફથી હાજર રહ્યા હતા.'' *(ગુજરાત ટુ ડે, ૨૦–૯–૨૦૦૯)*

આ સમાચારમાં જો કાંઈ તથ્ય છે તો પ્રશ્ન એ છે કે, ''સુન્ની–તબ્લીગી જમાતી દેવબંદી'' વચ્ચેનો મતભેદ એ કોઈ અંગત ઝઘડો નથી કે સામાન્ય મતભેદ નથી, બલ્કે સૌ જાણે છે કે એ **કુફ્ર** તથા **ઈસ્લામ**નો મતભેદ છે. દેવબંદીઓના મોલ્વીઓ પેશવાઓએ નબી કરીમ ﷺની શાનમાં ગુસ્તાખીઓ કરી જેના કારણે જે તે સમયના હરમૈન શરીફૈન (મક્કા–મદીના) તથા અન્ય દેશોના ઉલમાએ તેમને કાફિર જાહેર કર્યા છે. અને જે તેમના કુફ્રથી માહિતગાર થયા બાદ તેમના કાફિર હોવામાં શક કરે તે પણ કાફિર છે. (હુસ્સામુલ હરમૈન, અસ્સવારિમુલ હિંદિયા) તો શું રાંદેર ચાંદ કમિટી (દેવબંદી)વાળાઓએ એમના પેશવાઓને કાફિર સ્વીકારી લીધા અને દેવબંદિયતથી તૌબા કરી લીધી જેથી સુન્ની મુફતી કેશર આલમ મિસ્બાહી મનદુઃખ ભૂલીને તેમને ભેટી પડયા ?! નહીં ! એવું કાંઈ સમાચારમાં જાહેર નથી કર્યું બલ્કે સુન્ની મુફતી કેશર આલમ મિસ્બાહીએ જણાવ્યું છે કે, ''રાંદેર ચાંદ કમિટી'' સાથે એવા મતલબની સુલહ થઈ છે કે ચાંદ ન દેખાવાની સ્થિતિમાં ગવાહી આવે તો બંને ચાંદ કમિટીઓ સંયુક્તપણે અથવા પોતાની રીતે ગવાહોને ચકાસે અને ઈદ કરવી કે નહીં તેનો નિર્ણય કરવાનો રહેશે. આમ ઈદ એક જ કરવી અને કોઈપણ પ્રકારની શરીઅત વિરુદ્ધની ગવાહીને ગણકારવી નહીં. તેવા મુદ્દાઓ પર સંમતિ સધાઈ છે.......'' *(ગુજરાત ટુ ડે, ૨૦–૯–૨૦૦૯)*

અમે કહીએ છીએ કે આ સઘળુ એક નાટક છે જે થોડાક સમય માટે સૂરતના એક ખૂણામાં ભજવાઈ ગયું ! આ જ મુફતી કેશર આલમ મિસ્બાહીએ અખ્બારને આ જ વિવાદમાં અગાઉ કહ્યું હતું, ''અમો જમાતીઓને મુસલમાન જાણતા જ નથી !'' તો પછી અત્યારે શું લાગણી ઉભરાઈ ગઈ કે જમાતીઓ સાથે ચાંદ બાબતે મિટિંગ કરીને ગળે મળી ગયા ? વળી સુન્ની બાશરઅ ગવાહ સિવાય કોઈ ગવાહી શરીઅતમાં માન્ય નથી તો ચાંદ ન દેખાવાની સ્થિતિમાં દેવબંદીઓની રાંદેર ચાંદ કમિટીમાં દેવબંદી ગવાહો ગવાહી આપશે તો શું તે એમને (સુન્ની મુફતીને) પણ માન્ય થશે ખરા ભલે તે જાહેરમાં બાશરઅ દેખાવવાળા હોય ?! વળી અત્યાર સુધી શું ગવાહોને ચકાસ્યા વિના જ ઈદો જાહેર થતી હતી કે હવે એને ચકાસવા ? તથા ઈસ્લામી શરીઅતમાં એવું કઈ જગાએ છે કે સર્વ ઠેકાણે એક જ દિવસે ઈદ થાય ? હદીષમાં તો છે કે, ''વાદળ કે ગુબારને કારણે ૨૯મીના ચાંદ ન દેખાય તો ૩૦ની ગણત્રી પૂર્ણ કરો.'' અને ઉલમા ફર્માવે છે કે શરઈ ગવાહો મળે તો સ્વીકારીને ઈદ વગેરે જાહેર કરવામાં આવે. અને સુન્ની તથા વહાબીની ઈદ સાથે થવી જોઈએ એવી એકતાની ઈસ્લામી શરીઅતમાં કોઈ તાકીદ છે ખરી ?

આવી એકતાનું નાટક કરનારા ભલે તે કહેવાતા સુન્ની મુફતી કે આગેવાનો હોય પણ તેઓના આવા શોના શા પડઘા પડે છે એ એમણે વિચાર્યા પછી કાંઈ કરવું જોઈએ ? ''દીની મસાઈલ બાબતમાં'' આવી એકતા ક્યારે જાઈઝ થઈ શકે છે ? અને આવાં નાટકોથી સુન્ની અવામ ગેરમાર્ગે દોરાયને ગુસ્તાખે રસૂલ વહાબીઓ સાથે ભેળસેળ થવા માટે અધિક દિલેર બની જશે કે જ્યારે સુન્ની મુફતી તથા રહબરો, આગેવાનો ગળે મળી રહ્યા છે તો આપણે સર્વ ભૂલીને એક થઈ જવું જોઈએ ! અને સુલેહ કુલ્લિયતને વેગ મળશે. જ્યાં સુધી આવાં દૈનિકપત્રોવાળાનો સવાલ છે તો એમનું કામ તો ''કાગનો વાઘ'' બનાવવાનું જ હોય છે, આ બનાવના પ્રત્યાઘાતો દિવસો સુધી એમાં અવનવારૂપે સર્વ ફિર્કાવાળાને એક થવાની સલાહો આપતાં ચાલુ જ રહે છે. જેથી સુન્ની જિમ્મેદારોએ આવી દીની મસાઈલ સંબંધી મિટિંગો જેમાં શરીઅત તરફથી કોઈ છૂટ નથી થઈ શકતી તેવી મિટિંગો યોજવી જ ન જોઈએ. હા ! ગવર્નમેન્ટ સામે કોઈ જનરલ મુસ્લિમોના પ્રશ્નોની રજૂઆત માટે સાથે રજૂઆત કરી શકે, જેમ કે આપણા અકાબિર ઉલમાએ કર્યું છે, પણ આ રીતે ''દીની મસાઈલ'' બાબતે નિરર્થક મિટિંગો કરી ગળે મળી જવાની શરીઅતમાં ક્યાંથી છૂટ છે ? સુન્ની અવામને વિનંતિ કે કોઈનાં પણ આવાં નાટકોથી ગેર માર્ગે દોરાવું નહીં, દેવબંદી વહાબી સાથે એકતા શક્ય નથી જ્યાં સુધી તેઓ તેમના કુફ્રી અકીદાથી તૌબા જાહેર ન કરે કે જે અકીદાઓ જ મુસ્લિમ વિચ્છેદનો સબબ બન્યા છે.

**એક વહાબી ગૈર ઈસ્લામી અક઼ીદાનું કુર્આન–હદીષની રૂએ ખંડન !**

# નમાઝમાં રસૂલનો ખયાલ શું 'શિર્ક' પ્રતિ લઈ જશે ?!

**તંત્રી લેખ.....**

અત્રે હું દરેક કલ્મા ગો ભાઈ બહેનોને નિષ્પક્ષપણે વિચારવાની દા'વત આપુ છું કે આ લેખ વાંચી તમે જાતે જ નિર્ણય કરી લો કે, "તૌહીદની આડમાં નબીની તૌહીન" કરવી એ વહાબી દેવબંદી ધર્મનો પાયો છે કે નહીં ? **નબી કરીમ ﷺની તા'ઝીમની જ્યાં વાત આવે છે ત્યાં એમને શિર્કની ગંધ આવવા માંડે છે !** જેમ કે દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની કિતાબ *"સિરાતે મુસ્તક઼ીમ"*માં નમાઝમાં રસૂલે પાક ﷺના ખયાલના બારામાં લખે છે કે :–

> *"ઝિનાના વસવસા કરતાં પોતાની પત્નીથી સંભોગનો ખયાલ બેહતર છે, અને શયખ અથવા એના જેવા બુઝુર્ગોની તરફ ચાહે* **જનાબ રિસાલત મઆબ (અલ્લાહના રસૂલ) જ કેમ ન હોય** *તેમના પ્રતિ પોતાના ધ્યાનને લગાડવું એ* **પોતાના બળદ તથા ગધેડાંના ખયાલોમાં ખોવાઈ જવા કરતાંય બુરુ છે.** *કેમ કે શયખનો ખયાલ તો તા'ઝીમ અને બુઝુર્ગી સાથે માણસના દિલમાં ચોંટી જાય છે, અને બળદ તથા ગધેડાંનો ખયાલ તો એ રીતે ચોંટે છે અને ન તા'ઝીમ સાથે, બલ્કે નીચ તથા ઝલીલ હોય છે, અને* **ગૈરની આ તા'ઝીમ** *તથા* **બુઝુર્ગી** *જે નમાઝમાં બાકી રહે તે* **શિર્ક તરફ ખેંચીને લઈ જાય છે."** *(સીરાતે મુસ્તક઼ીમ, લેખક : દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

અહીં નમાઝમાં "ઝિનાના વસવસા" કરતાં પોતાની પત્ની સાથેના સંભોગના ખયાલને તો બેહતર કહ્યો ! અને પીર તથા બુઝુર્ગોનો ખયાલ ચાહે અલ્લાહના રસૂલ ﷺનો જ ખયાલ કેમ ન હોય, તેને લાવવો એ પોતાના બળદ તથા ગધેડાંના ખયાલો કરતાંય બુરો છે" એવું દર્શાવ્યું.

## ★ દેવબંદીઓ નજીક નબીની હૈસિયત શું છે ?! ★

હવે તમે નિષ્પક્ષ બનીને વિચારો કે શું **ઝિના** તથા **સંભોગ** અને **બળદ** તથા **ગધેડાં** જેવી હલકી ચીજો સાથે નબી કરીમ સૈયદુલ અંબિયા ﷺનો ઉલ્લેખ કરવો **એમાં કોઈ બેઅદબી નથી ?!** વળી આ લખાણમાં ન કેવળ એ નીચ ચીજો સાથે રસૂલે પાક ﷺનો ઉલ્લેખ છે બલ્કે સ્પષ્ટ શબ્દોમાં **નમાઝમાં હુઝૂર ﷺના ખયાલને બળદ તથા ગધેડાંના ખયાલ કરતાંય બુરો કહ્યો છે.**

એટલું જ નહીં દેવબંદી ધર્મમાં જે કિતાબને પાયો ગણવામાં આવે છે અને કુર્આને પાક કરતાં તેમને ત્યાં અધિક મહત્વની ગણાય છે ! તે કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' (લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)માં નબી કરીમ ﷺની હૈસિયત દેવબંદીઓની દૃષ્ટિમાં શું છે તે પણ જોતા ચાલો :–

☞ દરેક મખ્લૂક઼ મોટો હોય કે નાનો (વલી હોય કે નબી) તે અલ્લાહની શાન સમક્ષ ચમાર (મોચી–ખાલ્પા)થી પણ અધિક નીચ છે.

☞ જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કશી ચીજના મુખ્તાર નથી.

☞ અંબિયા તથા અવલિયા તુચ્છ રજકણથી પણ હલકા છે.

☞ (હુઝૂર ﷺ) ગમારની વાત સાંભળીને ડરના માર્યા બેહોશ થઈ ગયા.

☞ માણસ આપસમાં ભાઈ ભાઈ છે, જે મોટો બુઝુર્ગ (નબી–વલી) હોય તે મોટો ભાઈ છે, જેથી તેની **"મોટા ભાઈ જેટલી તા'ઝીમ"** કરવામાં આવે.

☞ લખે છે કે નબીએ ફર્માવ્યું, હું પણ એક દિવસ મરીને માટીમાં ભળી જનાર છું.

☞ રસૂલના ઈચ્છવાથી કશું થતું નથી !...ગૈબની વાત અલ્લાહ જ જાણે છે, રસૂલને એની શી ખબર ?!

☞ લખે છે કે, "અલ્લાહે આપને જ હુકમ આપ્યો કે લોકો સામે તમારી વિસાત (હેસિયત) વર્ણવી દો કે **મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી** અને હું ગૈબ પણ જાણતો નથી, મારી કુદરતનો અંદાઝો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટે પણ નફા નુકસાનનો માલિક નથી !** તો બીજાઓને તો શું નફો નુકસાન પહોંચાડી શકવાનો હતો ?!........ *(તક્વિયતુલ ઈમાન)*

આ છે વહાબી દેવબંદી ધર્મનો પાયો અને તેમની પાયાની માન્યતાઓ ! એને વારંવાર વાંચો અને વિચારો કે **અલ્લાહે પોતાના રસૂલ બનાવી જેમને મોકલ્યા તેમની આ જ શાન છે ?! શું અલ્લાહે કોઈ ઈખ્તિયાર કે કમાલો એમને આપ્યા જ નથી ?! શું કુર્આન હદીષમાં આવું બધું ફર્માવ્યું છે જેવું કે દેવબંદી પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ લખ્યું છે ?!** એનો ખુલાસો તો આગળ જતાં થશે પણ અત્યારે દેવબંદી અકીદો કે, "નમાઝમાં રસૂલનો ખયાલ લાવવું એ પોતાના બળદ તથા ગધેડાંના ખયાલોમાં ખોવાઈ જવાં કરતાંય બુરુ છે. તા'ઝીમ સાથે નબીનો ખયાલ શિર્ક તરફ ખેંચીને લઈ જાય છે." એના પર ચર્ચા કરીએ.

## ★ એવી કોઈ નમાઝ ખરી જેમાં હુઝૂરનો ખયાલ ન આવે ?! ★

સૌ પ્રથમ વાત તો એ છે કે હુઝૂરે અકરમ ﷺએ ખૂદ ફર્માવ્યું : صلّوا کما رائیتمونی اصلی **"નમાઝની અદાયગીમાં મારી અદાયગીનો ખયાલ રાખો."** આ હદીષમાં તો હુઝૂર ﷺની પ્રતિ ખયાલને ખૂદ હુઝૂરે અનિવાર્ય ઠરાવ્યો છે કે જેવી રીતે હું પઢું છું એવી રીતે કયામ, રુકૂઅ, સિજદા કરતી વખતે ખયાલ રાખીને તે પ્રમાણે નમાઝ પઢો. એટલે જેવી રીતે હુઝૂરે કયામ કર્યો તેવો આપણે કરવાનો, રુકૂઅ, સિજદા, કાયદો વગેરે આપે કર્યો એ રીતે કરવાનો છે, **તો શું જેનો તરીકો ખયાલમાં રાખીશું તથા અપનાવશું તેનો ખયાલ દિલમાં નહીં આવે ?** અને નમાઝમાં તસ્બીહો જેવી રસૂલે પઢી તેવી આપણે પઢવાની છે, તો તે પઢતાં તેમનો ખયાલ નહીં આવે ? વળી અસંખ્ય આયતો કુર્આને પાકમાં નબી કરીમ ﷺનો ઉલ્લેખ કરતી આવે છે, તો શું તેને પઢતાં નબી કરીમ ﷺનો ખયાલ નહીં આવે ? અને જેવો ખયાલ આવ્યો તો સમજો કે, **"દેવબંદી ધર્મના કાયદા" પ્રમાણે** એ ખયાલ **બળદ** તથા **ગધેડાંના ખયાલ કરતાંય બુરો ગણાશે !** અને **શિર્ક** પ્રતિ દોરી જશે ! કેમ કે નબીનો ખયાલ તો તા'ઝીમની સાથે જ આવશે ! અને દેવબંદી ધર્મમાં આ તા'ઝીમ ગયરુલ્લાહની તા'ઝીમ ગણાશે જે તેમના ધર્મમાં "શિર્ક" છે. અને એ પણ યાદ રાખશો કે નબી પાક ﷺનો ખયાલ તા'ઝીમની સાથે જ આવે છે અને **જે પોતે દિલમાં નબીનો ખયાલ તુચ્છકાર સાથે લાવે તે તો ઈસ્લામથી જ નીકળી જશે !** તો હવે નમાઝ પઢવી કેવી રીતે ?! કઈ યુક્તિ કરવી કે નબીનો ખયાલ ન આવે ?!

ચાલો માની લો કે તકબીરે તહરીમાથી કાયદા સુધીની નમાઝમાં નબીનો ખયાલ ન આવ્યો, પણ

કાયદામાં **આખી અત્તહિય્યાત** પઢવી તો વાજિબ છે અને અત્તહિય્યાતમાં તો સ્પષ્ટપણે નબી ﷺ પર સલામ કરવામાં આવે છે કે, "અસ્સલામુ અલૈક ઐયુહન્નબી" (હે નબી ! આપ પર સલામ !) કહીશું ત્યારે કોનો ખયાલ આવશે ? કોઈ હજી કહે કે નબીનો ખયાલ નહીં જ આવે, તો આશ્ચર્યની વાત છે કે, **"જેને સલામ કહો તેનો ખયાલ પણ દિલમાં ન હોય !"** વળી કાયદામાં અત્તહિય્યાત બાદ દુરૂદ શરીફ પઢવું પણ સુન્નત છે તો તેમાં તો "અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદ...." "હે અલ્લાહ મુહમ્મદ ﷺ પર સલામતી મોકલ !" તો શું નબી કરીમ ﷺનું નામ લેવા છતાં ખયાલ નહીં આવે ?

## ★ નમાઝમાં રસૂલના ખયાલ વિશે ફકીહો બુઝુર્ગોનાં ફર્માનો ★

સાંભળો ! **દુર્રે મુખ્તાર**, ભાગ–૧, પ્રકરણ કૈફિયતુસ્સલાતમાં છે : "અત્તહિય્યાતના શબ્દોમાં જાતે કહેવાની નિય્યત કરે. એનો અર્થ થયો, જાણે નમાઝી રબ્બને 'તહય્યિહ' અને ખૂદ નબી કરીમ ﷺને સલામ અર્ઝ કરે છે."

તથા **શામી**માં આ જ લખાણ હેઠળ છે : "અત્તહિય્યાતમાં 'મેઅરાજ'ના એ સંવાદના કિસ્સાની નિય્યત ન કરે જે હુઝૂર ﷺ અને રબ તઆલા તથા ફરિશ્તાઓ વચ્ચે થયો હતો." એટલે કે **અત્તહિય્યાતમાં હુઝૂરને હાઝિર નાઝિર જાણી–માનીને સલામ અર્ઝ કરવી જોઈએ.**

**"અશઅતુલ લમ્આત"** નામની મશ્હૂર કિતાબમાં 'અત્તહિય્યાત' (તશહહુદ)ના પ્રકરણમાં તથા **"મદારિજુન્નબવ્વત"**માં ભાગ–૧, પેજ–૧૩૫ પર હુઝૂરે અન્વરે ﷺના ઝિક્રની ફઝીલતોના વર્ણનમાં હઝરત **અલ્લામા શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "અમુક આરિફોએ કહ્યું કે અત્તહિય્યાતમાં "અસ્સલામુ અલૈક ઐયુહન્નબી"નું સંબોધન એટલા માટે છે કે હકીકતે મુહમ્મદિયહ્ જે મૌજૂદ છે એ બધામાં અને જે મુમ્કિન છે એ સઘળામાં દરેકે દરેક વસ્તુમાં પ્રવાહ પેઠે વહે છે. આથી હુઝૂર પુરનૂર નમાઝીઓની ઝાતમાં મૌજૂદ તથા હાઝિર છે. એટલે **નમાઝીઓએ આ અર્થથી માહિતગાર રહેવું જરૂરી છે....**

જગમશ્હૂર કિતાબ **"અહયાઉલ ઉલૂમ"** ભાગ–૧, "નમાઝની આંત્રિક શરતો"માં **હઝરત ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, **"અને પોતાના દિલમાં નબીએ કરીમ ﷺ અને આપની પાક ઝાતને હાઝિર જાણો અને કહો, "અસ્સલામુ અલૈક અય્યહુન્નબિય્યુ વ રહ્મતુલ્લાહિ વ બરકાતુહુ......"** એ જ પ્રમાણે મિર્કાતમાં તશહહુદના પ્રકરણમાં લખેલું છે.

એટલે સુધી કે 'મુશ્કલ ખેતામ'માં વહાબી મોલ્વી નવાબ સિદ્દીક હસનખાન ભોપાલી ૨૪૩ પેજ ઉપર લખે છે : "નમાઝીએ નમાઝમાં હુઝૂરને હાઝિર નાઝિર જાણીને અત્તહિય્યાતમાં સલામ કરવી જોઈએ." *(હવાલો : સુન્ની કોણ ?)*

સારાંશ કે દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો ધર્મ ઉપર જે દર્શાવ્યો તે કે, **"નમાઝમાં રસૂલનો ખયાલ બળદ તથા ગધેડાંના ખયાલ કરતાં બુરો છે."** એ મહાન ફકીહો તથા બુઝુર્ગોથી વિરુદ્ધનો છે જેથી પુરવાર થાય છે કે એમનો મઝહબ **બાતિલ** તથા **ગુમરાહ કરનાર** છે. હવે આવો નમાઝમાં પઢાતી કુર્આની આયતોની નમાઝી પર શું અસર પડશે તેનો અભ્યાસ કરીએ.

## ★ નમાઝમાં રસૂલનો ખયાલ અને તા'ઝીમવાળી કુર્આની આયતોની તિલાવત ★

દરેક મુસલમાન જાણે છે કે, **નમાઝમાં કિરાઅત** એટલે કુર્આનમાંથી કોઈ આયતો, સૂરતો પઢવી **ફર્ઝ** છે. અને આખા કુર્આનમાંથી કોઈપણ આયત પઢવામાં આવી શકે છે. હવે માનો કે કોઈ આ આયતો પઢે :–

★ لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ ـــ قَبْلُ لَفِیْ ضَلَالٍ مُّبِيْنٍ "બેશક ! અલ્લાહનો 'મહાન એહસાન' થયો મુસલમાનો પર કે એમનામાં એમનામાંથી જ એક 'રસૂલ' મોકલ્યા." *(સૂરએ આલે ઈમરાન, પારા–૪, રુકુઅ–૧૭)* જાણવા મળ્યું કે નબી ﷺનું આગમન એ સર્વ નેઅમતો કરતાં મહાન નેઅમત છે ત્યારે જ તો રબે એહસાન કર્યાનું જણાવ્યું બાકી કોઈ નેઅમત આપવા પર એહસાન કર્યાનું નથી ફર્માવ્યું.

★ تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مِنْ كَلَّمَ اللّٰه وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ "આ રસૂલો છે કે એમનામાં અમે એકને બીજા પર અફઝલ કર્યા. એમનામાંથી કોઈની સાથે અલ્લાહે વાત કરી અને કોઈ એ છે જેને સર્વના ઉપર દરજ્જામાં બુલંદ કર્યા. *(પારા–૨, સૂરએ બક્રરહ, રુકૂઅ–૧૩)*

તફસીરકારો કહે છે કે આ આયતમાં સ્પષ્ટ અર્થ એ છે કે અન્ય નબીઓને પણ દરજ્જા આપવામાં આવ્યા છે પણ હુઝૂર ﷺને એવા એવા દરજ્જા અર્પણ થયા છે જેની કોઈ કલ્પના પણ નથી કરી શકતું. *(શાને હબીબુર્રહમાન, અઝ : મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ)*

★ مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰه وَمَنْ تَوَلّٰى فَمَا اَرْسَلْنٰكَ عَلَيْهِمْ حَفِيْظًا "જેણે રસૂલનો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો." *(પારા–૫, સૂ. નિસાઅ, રુકૂઅ–૧)*

આ આયતનું શાને નુઝૂલ (ઉતરાણનું કારણ) એ છે કે એકવાર હુઝૂરે અક્દસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "જેણે મારી ઈતાઅત (આજ્ઞાપાલન) કરી તેણે રબની ઈબાદત કરી." આ સાંભળી **કેટલાક મુનાફિક્રો બોલ્યા, હુઝૂર એવું ઈચ્છે છે કે આપણે તેમને રબ માની લઈએ !** જેમ કે ઈસાઈઓએ હઝરત ઈસા علیہ السلامને રબ માની લીધા હતા. એના પર આ આયત ઉતરી અને અલ્લાહે હુઝૂર ﷺના કથનને સમર્થન આપી દીધું.

આ પરથી ઘણા લાભ મળ્યા જેમાંથી એક તો એ કે **હુઝૂર ﷺની તા'ઝીમ (માન આપવા)ને શિર્ક સમજવું એ મુનાફિક્રોનું કામ છે.** તા'ઝીમ અલગ ચીજ છે અને ઈબાદત અલગ ચીજ છે. દરેક તા'ઝીમ ઈબાદત નથી. *(શાને હબીબુર્રહમાન)*

★ وَاَطِيْعُو اللّٰه وَ اَطِيْعُو الرَّسُوْلَ وَاحْذَرُوْا فَاِنْ تَوَلَّيْتُمْ فَاعْلَمُو اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلَاغُ الْمُبِيْنُ "અને હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને સાવધાન રહો, પછી જો તમે ફરી જાવ, તો જાણી લો કે અમારા રસૂલ પર સ્પષ્ટ હુકમ પહોંચાડી દેવાનું છે." *(પારા–૭, સૂ. માઈદા, રુકૂઅ–૧૨)*

★ قُلْ يَاَيُّهَا النَّاسُ اِنِّی رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعًا "તમે ફર્માવો કે હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસૂલ છું." *(પારા–૯, સૂરએ અઅ્રાફ, રુકૂઅ–૨૦)*

★ يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને એના રસૂલના બોલાવવા પર હાજર થાવ, જ્યારે રસૂલ તમને એ વસ્તુ માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે." *(પારા–૯, સૂ. અન્ફાલ, રુકૂઅ–૩)*

હઝરત ઉબય બિન કઅબ નમાઝ પઢી રહ્યા હતા એવામાં હુઝૂર ﷺએ અવાજ આપ્યો તો જલ્દીથી નમાઝ પૂરી કરીને આપ હાજર થયા. આપે ઈર્શાદ ફર્માવ્યો કે તમને હાજર થવું મોડુ કેમ થયું ! અરજ કરી, નમાઝમાં હતો ! ફર્માવ્યું, **"તમે આ આયત (ઉપરોક્ત) નથી પઢી ?!"** જેનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ બોલાવે તો તાત્કાલિક હાજર થઈ જાવ. ફક્રીહોએ ફર્માવ્યું છે કે, **"નમાઝી નમાઝની હાલતમાં હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ જાય, જે કાર્ય હુઝૂર ﷺ સોંપે તેને પૂર્ણ કરે. એમનું એ સઘળુ કાર્ય નમાઝમાં જે સામેલ છે.** (કસ્તલાની શરહે બુખારી, કિતાબુત્તફસીર, સૂરએ હજર બહવાલા શાને હબીબુર્રરહમાન ﷺ) એટલે કે કામ પત્યા પછી જ્યાંથી બાકી હતી તે નમાઝ પૂરી

કરે, તેની નમાઝ તૂટતી નથી.

★ وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ "અને ઈજ્જત તો અલ્લાહ અને એના રસૂલ અને મુસલમાનોના માટે છે, પણ મુનાફિકોને ખબર નથી." *(પારા–૨૮, સૂ. મુનાફિકૂન, રુકૂઅ–૧)*

★ مَاكَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ "મુહમ્મદ (ﷺ) આપ પુરૂષોમાં કોઈના પિતા નથી, હા ! અલ્લાહના રસૂલ છો અને બધા નબીઓથી પાછળના." *(પારા–૨૨, સૂ. અહ્ઝાબ, રુકૂઅ–૫)*

★ اِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ "બેશક ! આપ અખ્લાક (સંસ્કાર)ની ઉચ્ચ કક્ષાએ બિરાજમાન છો." *(પારા–૨૯, સૂ. કલમ, રુકૂઅ–૧)*

★ وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ "અને અમે આપના માટે આપના ઝિક્રને બુલંદ કર્યો." *(પારા–૩૦, સૂ. અલમ નશ્રહ, રુકૂઅ–૧)*

★ اِنَّا اَعْطَيْنٰكَ الْكَوْثَرَ "હે મહબૂબ ! અમે આપને અગણિત ખૂબીઓ અતા ફર્માવી." *(પારા–૩૦, સૂ. કૌષર)*

હવે શાંતિથી વિચારો કે ઉપરોક્ત સર્વ આયતોમાં હુઝૂર ﷺની શાનની ઉચ્ચતા જ દર્શાવવામાં આવી છે તો જે નમાઝી એ સર્વ તથા એના જેવી અન્ય અસંખ્ય આયતો કુર્આનમાં છે તે પઢશે તો શું તેને **અલ્લાહના રસૂલની યાદ તથા ખયાલ નમાઝમાં નહીં આવે ?! અને સ્વભાવિક છે કે નબી પાક ﷺનો ખયાલ આવશે જ !** અને ખયાલ આવશે તો એ **"દેવબંદી ધર્મના કાયદા" હેઠળ બળદ, ગધેડાંના ખયાલ કરતાં બુરો તથા શિર્ક પ્રતિ લઈ જનાર થશે !** તો હવે કોણ છે જેની નમાઝ આ બધાથી બચીને દેવબંદી કાયદા હેઠળ સહીહ ઢંગથી થશે ?!

જો કે અગાઉ દર્શાવ્યું તેમ **ફકીહો** તથા **બુઝુર્ગોએ** તો નબી પાક ﷺના ખયાલને લાવવાને બુરુ નથી કહ્યું બલ્કે, **"નમાઝી નબી પાક ﷺને હાઝિર નાઝિર જાણીને નમાઝમાં અત્તહિય્યાત વેળા સલામ પેશ કરે"** એવું દર્શાવ્યું છે. એટલું જ નહીં જેમનું ઈમાન શ્રેષ્ઠ કક્ષાનું છે તે સહાબાએ કિરામ નમાઝમાં શું રસૂલે પાક ﷺનો ખયાલ લાવતા હતા કે નહીં, તેનો અભ્યાસ કરી લઈએ.

## ★ નમાઝમાં નબીનો ખયાલ અને સહાબાએ કિરામનો અમલ ★

આ પ્રસંગ હુઝૂરે અકરમ ﷺની વિસાલ સમયની બીમારી વેળાનો છે કે, એક દિવસે ઝહોરની નમાઝના સમયે બીમારીમાં કાંઈક રાહત થઈ ત્યારે આપે હુકમ આપ્યો કે પાણીની સાત મશકો મારા ઉપર રેડો. જ્યારે આપ ગુસ્લ કરી ચૂક્યા તો હઝરત અબ્બાસ તથા હઝરત અલી આપના બાહુઓ પકડીને આપને મસ્જિદમાં લાવ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા. **અવાજ સાંભળીને (કે હુઝૂર તશરીફ લાવ્યા) ચાલુ નમાઝે પાછળ ખસવા લાગ્યા,** પરંતુ આપે સંકેત કરીને તેમને રોક્યા અને તેમની બાજુમાં બેસીને નમાઝ પઢાવી. આપને જોઈને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہને જોઈને અન્ય મુક્તદીઓ (સહાબીઓ) નમાઝના અરકાન અદા કરતા રહ્યા." *(બુખારી શરીફ, સીરતે મુસ્તફા ﷺ, આ'ઝમી સાહબ)*

આવો ! સહીહ બુખારી શરીફની એક અધિક હદીષે મુબારકાનો અભ્યાસ કરો અને વહાબીઓના ખડા કરેલા વસવસાઓને દૂર કરો અને તમારા ઈમાનને રોશન કરો.

હઝરત સહલ ઈબ્ને સઅદ સાઈદી رضی اللہ عنہએ રિવાયત કર્યું કે રસૂલુલ્લાહ ﷺ બની અમ્ર બિન ઔફના વચ્ચે સુલહ કરાવવાના માટે (કુબા) તશરીફ લઈ ગયા હતા. એવામાં નમાઝનો સમય થઈ ગયો

તો મોઅઝ્ઝિન અબૂબક્રની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, તમે નમાઝ પઢાવશો તો હું ઈક઼ામત કહું ? અબૂબક્રે કહ્યું, પઢાવી દઈશ. નમાઝ થઈ રહી હતી એવામાં રસૂલુલ્લાહ ﷺ પરત આવી ગયા અને સફોમાં થઈને આગળ વધ્યા ત્યાં સુધી કે પ્રથમ સફમાં ઉભા થઈ ગયા. એ જોઈને લોકોએ તાલી બજાવી. અને **અબૂબક્ર નમાઝની હાલતમાં કોઈ બાજુ જોતા ન હતા. જ્યારે લોકોએ અધિક પ્રમાણમાં તાલી બજાવી તો નજર ફેરવી અને રસૂલુલ્લાહ ﷺને જોયા.** રસૂલુલ્લાહ ﷺએ ઈશારો કર્યો કે પોતાની જગાએ રહો, એના પર અબૂબક્રે પાતાનો હાથ ઉઠાવ્યો અને રસૂલુલ્લાહ ﷺના આ આદેશ પર અલ્લાહની હમ્દ કરી. **ત્યાર બાદ અબૂબક્ર પાછળ હટીને સફમાં ઉભા થઈ ગયા અને રસૂલુલ્લાહ ﷺ આગળ વધ્યા અને નમાઝ પઢાવી.** જ્યારે નમાઝથી પરવાર્યા તો ફર્માવ્યું, હે અબૂબક્ર ! જ્યારે મેં હુકમ આપી દીધો હતો તો તમારી જગાએ કેમ ન રહ્યા ? એના પર અબૂબક્રે અર્ઝ કર્યું, અબૂ કહાફા (અબૂબક્રના પિતા)ના પુત્રમાં મજાલ નથી કે રસૂલુલ્લાહ ﷺની મૌજૂદગીમાં નમાઝ પઢાવે ! ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે લોકોએ આટલી અધિક તાલીઓ કેમ બજાવી ? જ્યારે નમાઝમાં કોઈ બનાવ બની જાય તો "સુબ્હાનલ્લાહ" પઢો, કેમ કે સુબ્હાનલ્લાહ પઢશો તો ઈમામ એના પ્રતિ ધ્યાનિત થશે, તાલી કેવળ સ્ત્રીઓ માટે છે. *(બુખારી શરીફ, જિલ્દ અવ્વલ, પેજ-૯૪ નુઝહતુલ ક઼ારી શરહે બુખારી, ભાગ-૩, પેજ-૧૫૪)*

બુખારી શરીફની ઉપરોક્ત હદીષનો વારંવાર અભ્યાસ કરો કે એમાં નબી કરીમ ﷺ ચાલુ નમાઝમાં આવ્યા તો સર્વ સહાબાએ (ડાબા હાથની પીઠ પર હાથ મારી) તાલી બજાવી હઝરત અબૂબક્રને ખબર કરી. તો તેમનું આ કૃત્ય કે **નબીને જોઈને નબીનો ખયાલ નમાઝમાં લાવ્યા અને નબી પાક ﷺની તા'ઝીમની કારણે જ તો ચાલુ નમાઝે તાલીના અવાજથી હઝરત અબૂબક્રને ખબર કરી કે રસૂલુલ્લાહ આવી ગયા !** અને હઝરત અબૂબક્ર ચાલુ નમાઝે પાછા હટી ગયા અને હુઝૂરે નમાઝ પઢાવી અને હઝરત અબૂબક્રનો જવાબ કે, "અબૂ કહાફાના બેટામાં શું મજાલ કે રસૂલુલ્લાહની મૌજૂદગીમાં નમાઝ પઢાવે ?!" આ નબી કરીમ ﷺની બેહદ તા'ઝીમમાં જ કહ્યું છે.

હવે વિચારો શું સહાબીઓએ નમાઝમાં રસૂલનો ખયાલ કર્યો કે હુઝૂર આવ્યા તથા અબૂબક્રને તાલી વડે ખબર કરી તો **આ સહાબીઓને ખબર ન હતી કે નમાઝની હાલતમાં હુઝૂર ﷺનો ખયાલ કરવો એ ઝિનાના વસવસા, પત્નીથી સંભોગ તથા પોતાના બળદ તથા ગધેડાંના ખયાલમાં ખોવાઈ જવાં કરતાંય બુરુ છે ?!** અને સ્પષ્ટ પ્રસંગ છે કે **નબીની તા'ઝીમમાં સૌએ અબૂબક્રને ચાલુ નમાઝે ખબર કરી** અને **હઝરત અબૂબક્રે તા'ઝીમમાં જ ચાલુ નમાઝે ઈમામતથી હટી હુઝૂરને આગળ કર્યા, તો શું શિર્કનો તેમને ડર ન હતો ?!** કે આ રીતે નબીની તા'ઝીમ શિર્ક પ્રતિ દોરી જશે ?! અને આ બધું કરવા છતાં ન તેમની નમાઝ મકરૂહ થઈ ન તૂટી ! કેમ કે એવું જો હોત તો હુઝૂર જણાવી આપત, જેમ કે તાલી વિશે મસ્અલો દર્શાવ્યો.

ઉપરોક્ત ચર્ચામાં કુર્આન, હદીષ, ઉલમાના કથનો તથા સહાબીઓના અમલોથી પુરવાર થાય છે કે **નબી કરીમ ﷺની તા'ઝીમ હર હાલતમાં અનિવાર્ય તથા લાઝમી છે અને એ ઈમાનની તથા ઈબાદતની જાન છે.** અને નમાઝમાં પણ નબીનો ખયાલ આવવો તથા લાવવો જરૂરી છે, ન એમાં કોઈ બુરાઈ છે અને ન કોઈ શિર્કનો અંદેશો છે. અને આ વહાબી દેવબંદીઓનો **એક બોગસ** તથા **બાતિલ અક઼ીદો** છે કે નમાઝમાં રસૂલનો ખયાલ લાવવો એ પોતાના બળદ તથા ગધેડાંના ખયાલોમાં ખોવાઈ જવા કરતાં બુરુ છે તથા શિર્ક પ્રતિ લઈ જનાર છે. (મઆઝલ્લાહ !) જેથી મુસલમાનોએ વહાબી દેવબંદીથી દૂર રહી પોતાના ઈમાનને બચાવવું જોઈએ.

***શિર્ક ઠહરે જિસ્મેં તા'ઝીમે રસૂલ-ઉસ બુરે મઝહબ પે લા'નત કિજીએ***

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِمَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ
يَّاْتِىَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ ؕ
وَالْكٰفِرُوْنَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۲۵۴﴾ اَللّٰهُ لَاۤ اِلٰهَ اِلَّا
هُوَ ۚ اَلْحَىُّ الْقَيُّوْمُ ۚ لَا تَاْخُذُهٗ سِنَةٌ وَّلَا نَوْمٌ ؕ
لَهٗ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ ؕ مَنْ ذَا الَّذِىْ
يَشْفَعُ عِنْدَهٗۤ اِلَّا بِاِذْنِهٖ ؕ يَعْلَمُ مَا بَيْنَ
اَيْدِيْهِمْ وَمَا خَلْفَهُمْ ۚ وَلَا يُحِيْطُوْنَ بِشَىْءٍ مِّنْ
عِلْمِهٖۤ اِلَّا بِمَا شَآءَ ۚ وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ
وَالْاَرْضَ ۚ وَلَا يَئُوْدُهٗ حِفْظُهُمَا ۚ وَهُوَ الْعَلِىُّ
الْعَظِيْمُ ﴿۲۵۵﴾

### ત.....ર્જુ.....મો.....

હે ઈમાનવાળાઓ ![૩૩૪] ખર્ચ કરી લો એ (માલ)માંથી જે અમે આપ્યો છે તમને એનાથી પહેલાં કે આવી જાય તે દિવસ જેમાં ન તો ખરીદ વેચાણ થશે અને ન (કાફિરો માટે) દોસ્તી થશે અને ન (તેમના માટે) શફાઅત થશે, અને જેઓ કાફિર છે તેઓ જ જાલિમ છે, અલ્લાહ[૩૩૫] (તે છે કે) કોઈ ઈબાદતના લાયક (પૂજ્ય) નથી તેના સિવાય[૩૩૬] જીવંત છે[૩૩૭] સૌને જીવંત રાખનાર છે[૩૩૮] ન તેને ઊંઘ આવે છે ન નીંદ[૩૩૯] એનું જ છે જે કાંઈ આસ્માનોમાં[૩૪૦] અને જે કાંઈ જમીનમાં છે. કોણ છે જે સિફારિશ કરી શકે તેની પાસે તેની રજા વિના[૩૪૧]. જે એનાથી પહેલાં (થઈ ચૂક્યું) અને જે એમના બાદ (થનાર) છે અને તે નથી ઘેરી શકતા કોઈ ચીજને એના ઈલ્મમાંથી પણ જેટલું એ ચાહે, સમાવી રાખેલ છે તેની કુર્સીને આસ્માનો તથા જમીનને[૩૪૨] અને નથી થકવતી તેને જમીન તથા આસ્માનની રક્ષા અને તે જ છે સૌથી ઉચ્ચ મહાનતાવાળો.

### તફસીર...............

**૩૩૪.** પાછલી આયતમાં એ દર્શાવવામાં આવ્યું હતું કે હક્ક તથા બાતિલની જંગ ચાલુ રહેશે. અને આ જંગમાં હક્કને કામયાબ કરવાને માટે હક્કવાળાઓએ જાની કુર્બાનીઓની સાથોસાથ માલી કુર્બાનીઓ પણ આપવી પડશે. આ આયતમાં મુસલમાનોને એવું કહીને અલ્લાહ તઆલાની રાહમાં માલ ખર્ચ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે કે આ માલ તથા દૌલત જે તમને તમારા રબે અતા ફર્માવી છે અને જે રીતે ચાહો તેને ખર્ચ કરવાની તમને મોહલત આપી છે, યાદ રાખો ! એ મોહલત કેવળ તે સમય સુધી છે જ્યાં સુધી તમારી જિંદગીનો આ ચિરાગ જગમગી રહ્યો છે, જે દિવસે એ ઓલવાઈ ગયો તો મોહલત ખતમ ! જેણે આ ઈખ્તિયાર તથા મોહલતથી ફાયદો ન ઉઠાવ્યો તે કયામતના દિવસે અફસોસ કર્યા કરશે. તે દિવસે ન તો ખરીદ વેચાણ થઈ શકશે અને ન ત્યાં કોઈ દુનિયવી ભાઈચારો કામ આવશે અને ન કોઈની (અલ્લાહની રજા વિના) સિફારિશ થશે. **આ આયતથી અમુક લોકો ઉતાવળા બાવરા બની હુઝૂરે અકરમ ﷺ તથા અવલિયાએ કિરામની**

**શફાઅત તથા તેમની મહોબ્બત તથા ગુલામીની બરકતોનો ઈન્કાર કરી બેસે છે !** જ્યારે કુર્આને કરીમમાં સ્પષ્ટપણે મૌજૂદ છે :– **"સર્વ الاخلاء یومئذٍ بعضهم لبعض عدوالا المتقین દોસ્તો એ દિવસે એકબીજાના દુશ્મન થશે, પણ મુત્તક઼ી (અલ્લાહથી ડરનારા)"** એટલે કે **આ મર્દાને ખુદાની દોસ્તી એ દિવસે પણ ક઼ાયમ રહેશે અને કામ આવશે.** અને હુઝૂરે અકરમ ﷺનું શફીઉલ મુઝનબીન હોવું તો કુર્આનની વિવિધ આયતો તથા પુષ્કળ મુતવાતિર સહીહ હદીષોથી સાબિત છે. અને عسی ان یبعثك ربك مقامامحمودا માં રહ્‌મતુલ્ લિલ્ આલમીનને મક઼ામે મહમૂદ (શફાઅતે કુબરા) પર સરફરાઝ (અર્પણ) થવાની બશારત (ખુશખબરી) આપવામાં આવી છે. એટલા માટે કુર્આનની કોઈ આયતનો એવો ભાવાર્થ રજૂ કરવો જેનાથી બીજી આયતો ગલત ઠરતી હોય એ કોઈ ઈમાનદારની શાનને શોભાપાત્ર નથી.

**૩૩૫.** આ આયતને આયતુલ કુર્સી કહેવામાં આવે છે કેમ કે એમાં અલ્લાહ તઆલાની ઝાતી તથા સિફાતી તૌહીદનું અતિ સ્પષ્ટપણે વર્ણન છે. એટલા માટે હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું : **"ان اعظم اية فی القرآن اية الكرسی કુર્આનની સૌથી અઝીમુશ્શાન આયત આયતુલ કુર્સી છે."** હદીષોમાં એની ઘણી ફઝીલતો વર્ણન થયેલ છે. હુઝૂરે અક઼દસ ﷺનું એક ફર્માન સાંભળી લો :–

**مِن قرأآية الكرسی فی دبر كل صلوة مكتوبة لم يمنعه من دخولا لجنة الاالموت**

**"જે શખ્સ દરેક ફર્ઝ નમાઝ પછી આયતુલ કુર્સી પઢે છે તેના મૃત્યુ બાદ જન્નતમાં દાખલ થવાથી તેને કોઈ રોકી શકતું નથી."** હવે આ મહાન શાનવાળી આયતની સંક્ષિપ્ત સ્પષ્ટતા જોઈ લો :

**૩૩૬.** 'અલ્લાહ' ઝાતે બારીનું અ઼લમ (નામ) છે અને આ શબ્દ તે સર્વ સિફતોનો સમૂહ છે જે વિવિધ સિફાતી નામોમાં અલગ અલગ જોવામાં આવે છે. ફર્માવ્યું કે તે ઝાતે પાક જેનું નામ અલ્લાહ છે કેવળ તે જ મઅબૂદે બરહક઼ છે, એના વિના અન્ય કોઈ નથી જે ઈબાદત (પૂજા) કરવાને પાત્ર હોય.

**૩૩૭.** જે હમેશાંથી છે અને હમેશાં રહેશે. મૃત્યુ તથા નાશના અયબથી ખૂબ જ પાક અને અતિ ઉચ્ચ છે.

**૩૩૮.** القيوم એ અતિશયોક્તિ સૂચક છે قَيْوُوْمٌ હતું, કેવળ તઅલીલથી قَيُّوم બની ગયું, એ قيامٌમાંથી નીકળ્યું છે. એનો ભાવાર્થ વર્ણન કરવા માટે વિવિધ તાબીરો (અર્થઘટનો) અપનાવવામાં આવી છે, પરંતુ હઝરત ક઼તાદાથી જે લખાણ નક઼લ થયેલ છે તે અધિક સમૃદ્ધ જણાય છે.

**القیوم : القائم بتدبیرخلقه من انشاء هم ابتداء وایصال ارزاقهم القهم الیهم**

એટલે કે તે હસ્તી જે કાઈનાતની દરેક ચીજના સર્જન, ઉછેર તથા સલામતીની તદબીર કરનારી છે.

**૩૩૯.** પ્રથમ તેની કમાલની સિફતોનું વર્ણન હતું, હવે સર્વ અયબોથી પાક (પવિત્ર) હોવું વર્ણન થઈ રહ્યું છે કે તે ક઼ૈયૂમિયત (જીવંત હોવું)નો સંબંધ દરેક ચીજ સાથે દરેક સમયે એક સરખો છે. એ ઊંઘતો નથી કે એ વખતે એની ક઼ૈયૂમિયતનો સંબંધ કમજોર પડી જાય, તે સૂતો નથી કે એ સંબંધ કટ થઈ જાય.

**૩૪૦.** એટલે કે જમીન તથા આસ્માનની સર્વ ચીજ નૂરી હોય કે ખાકી, કિંમતી હોય કે તુચ્છ સર્વના ગળામાં કોઈ અપવાદ વિના બંદગીનો તોક઼ પરોવાયેલો છે, પણ કોણ છે જે તેની બરાબરીનો દાવો કરે, તેનો કોઈ બરોબરીયો ખયાલ કરે ? તે જ એક અલ્લાહ છે બાકી સર્વ તેના બંદા, તેના માલિકીપણામાં તથા ફર્માનના તાબે છે.

**૩૪૧.** અહીં એક ક઼ાયદો વર્ણવી આપ્યો કે, **દરેક વ્યક્તિને રબ તઆલાની બારગાહમાં બોલવાની કે શફાઅત કરવાની શક્તિ ન હશે, કેવળ તે જ શફાઅત કરશે જેને પરવરદિગારે આલમે હુકમ આપ્યો.** જણાવવાનું એ છે કે, **હે મુશ્રિકો તથા કાફિરો ! ક઼યામતના દિવસે તો તે જ**

**શફાઅત કરશે જેને પરવરદિગારે આલમે ઈજાઝત આપી.** દર્શાવવાનું એ છે કે હે મુશ્રિકો તથા કાફિરો! કયામતના દિવસે તો તે જ શફાઅત કરશે જેને ઈજાઝત હશે, અને તમારી આ મૂર્તિઓને તો કોઈ ઈજાઝત નથી તેમ છતાં તેમનાથી એવી બેકાર આશા શાથી લગાડીને બેઠા છો ?! અને باذنهથી એ સ્પષ્ટ કર્યું કે, તે મહબૂબ તથા મક઼બૂલ ખુદાના બંદાઓ જરૂર શફાઅત કરશે જેમને તેમના રબે ઈજાઝત અર્પણ કરી છે. સૌ પ્રથમ શફાઅત કરનાર અલ્લાહના મહબૂબ તથા હબીબ મુહમ્મદ મુસ્તફા ﷺ હશે જે એ કયામતના દિવસે મક઼ામે મહમૂદના ઉચ્ચ પદ પર બિરાજમાન હશે. હે અલ્લાહ કરીમ ! અમને ગુનેહગારોને અમારા રસૂલ સાહિબે મક઼ામે મહમૂદ ﷺની શફાઅત નસીબ ફર્માવ અને તેમની બરકતો તથા નઝરે કરમથી અમને દુનિયા તથા આખેરતમાં સરફરાઝ ફર્માવે. (આમીન ષુમ્મ આમીન)

**૩૪૨.** મુફસ્સિરીને કિરામે (તફસીરવેત્તાઓએ) 'આયતુલ કુર્સી'ની તફસીરમાં વિવિધ કથનો નક઼લ કર્યા છે અને કથનોમાંથી અલ્લામા ઈબ્ને જરીરે હઝરત ઈબ્ને અબ્બાસનો આ ક઼ૌલ પસંદ કર્યો છે.

**قال ابن عباس كرسيه علمه ورجحه الطبرى قال منه الركراسة التى تضم العلم وقيل للعلماء الكراسى** (قرطبی)

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે, کرستهથી મુરાદ એનો ઈલ્મ છે. ઈબ્ને જરીર તિબરીએ એ જ કૌલને પસંદ કર્યો છે અને કહ્યું છે કે એનાથી کراسته માખૂઝ છે જેનો અર્થ એ દફતરનો છે જેમાં ઈલ્મ દાખલ કરવામાં આવે છે. અને અરબીમાં ઉલમાને 'કરાસી' પણ કહેવામાં આવે છે. અલ્લામા કુર્તબીએ એની સનદના રૂપે એક શેઅર પણ નકલ કર્યો છે. પરંતુ હુઝૂરે અકરમ ﷺથી એ પણ નક઼લ થયેલ છે :

**ياباذرماالسموات السبع مع الكرسى الاكحلقة ملقاة فى ارض فلاة**

કે કુર્સીની વિશાળતા તથા ફેલાવાની સામે સાતેવ આસ્મનો એવાં જણાય છે જાણે એક વિશાળ રણમાં એક વિંટી પડી છે. અમુક લોકો મખ્લૂક઼ાતને ખુદાવંદીની વિશાળતા તથા મહાનતાની કલ્પના જ્યારે પોતાના દિમાગોમાં નથી કરી શકતા તો ઘણા આશ્ચર્યમાં પડી જાય છે અને આટલી મોટી ચીજના વજૂદથી ઈન્કાર કરી બેસે છે અને પોતાની ક઼ાબેલિયત આ આયતોની નિરર્થક તાવીલો (અર્થઘટનો)માં ખર્ચી કાઢે છે.

પેજ નં. ૩૦ નું ચાલુ...

તેમાંથી કોણ શ્રેષ્ઠ છે ? આપે જવાબમાં ફર્માવ્યું, જે ઝાહિદ બધી વસ્તુઓમાં હક્કને જોતો હોય અને કોઈ વસ્તુનો દિલમાં ખ્યાલ ન રાખતો હોય તેવો ઝાહિદ જે માત્ર આલિમ હોય તેનાથી બેહતર છે. ઝિક્ર અને શુગલ જેટલુ પણ હોય તેના પર પાબંદી (નિયમિતતા) કરવી જોઈએ, એટલા માટે કે કામયાબીનું ભેદ નિયમિતતામાં છુપાયેલું છે.

સારાંશ કે આપની પૂરી જિંદગી ખુદાના બંદાઓની હિદાયત, દર્સ અને તદરીસ તથા રિયાઝત અને મુજાહેદામાં ગુજરી. આપની સંપૂર્ણ ઉમર ૮૮ વરસ છે. રવિવાર સુબ્હ સાદિક઼ના સમયે મુહર્રમનો મહિનો અને હિ.સ.નો ૯૯૮ વરસ હતું ત્યારે આપ આ ફાની દુનિયાથી હમેશાંના ઘર તરફ સફર ફર્માવી ગયા.

આ ધરતી જ્યાં સુધી રહેશે અને ઈલ્મ અને ઈરફાનનો જ્યાં સુધી દૌર રહેશે હઝરત કુત્બે ગુજરાત નૂરના મિનારાની જેમ ચમકતા રહેશે, **સૈયદવાડા ખાનપૂર અહમદાબાદ**માં આપનો નૂરાની આસ્તાનો ખુદાની મખ્લૂક઼નું મર્કઝ છે. ફૈઝ આપનારુ આ દર સદીઓથી આબાદ છે જ્યાં ઈલ્મ અને મઅરેફતના પ્યાસાઓ, દીન તથા દુનિયાના તાલિબો સૈરાબ (તૃપ્ત) થાય છે. જેની જેવી તલબ તેવી જ અતાનો નઝારો માથાની આંખો વડે જોઈ શકાય છે. બરકત તથા ફૈઝ પ્રાપ્ત કરવાની નિય્યતથી હઝરત કુત્બે ગુજરાતના સંક્ષિપ્ત હાલાત અમે રજૂ કરવાની સઆદત હાંસલ કરી છે. નહીં તો આપની જાત એવી સંપૂર્ણ જાત છે જેના વિશે કાંઈ પણ લખવું એ મારી જેવા ઈલ્મવાળા તો શું બલ્કે પોતાના સમયના આલિમો તથા આરિફો પણ લાચાર છે. *(સુન્ની દાવતે ઈસ્લામનો દા'વત નંબર, અઝ : સૈયદ મુહમ્મદ તન્વીર હાશમી, બીજાપુર–કર્નાટક)*

**હદીષ** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે અહલે કિતાબ મુસલમાનો સમક્ષ ઈબ્રાની ભાષામાં તૌરાત પઢીને અરબીમાં તર્જુમો કરતા હતા, ત્યારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અહલે કિતાબને ન સાચા કહો ન જૂઠા[૧], એવું કહી દો કે અમે અલ્લાહ પર અને એના પર ઈમાન લાવ્યા જે અમારી તરફ ઉતારવામાં આવ્યું છે. *(બુખારી)*

તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''માણસના જૂઠા હોવા માટે એટલું જ પૂરતુ છે કે દરેક સાંભળેલી વાત વર્ણન કરી દે[૨].'' *(મુસ્લિમ)*

ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહે મારાથી પહેલાં એવો કોઈ નબી નથી મોકલ્યો જેની ઉમ્મતમાંથી કેટલાક લોકો તેમના ખાસ રાઝદાં[૩] અને તે સહાબા ન હોય જે તેમની સુન્નતને લે અને તેમના હુકમોની પયરવી કરે[૪]. પછી એમના પછી એવા કપૂત થતા હતા જેઓ તે કહેતા હતા જે કરતા ન હતા જેનો તેમને હુકમ ન હતો[૫] તો જે એમના પર હાથથી જેહાદ કરે તે પણ મો'મિન[૬] અને જે જીભ વડે જેહાદ કરે તે પણ મો'મિન[૭] અને જે એમના પર પોતાના દિલથી જેહાદ કરે તે પણ મો'મિન, અને એના સિવાય રાઈના દાણા બરાબર પણ ઈમાન નથી[૮]. *(મુસ્લિમ)*

## સ....મ....જૂ....તી....

**૧.** અહીં તૌરાતની તે આયતો મુરાદ છે જેનું સાચુ તથા જૂઠુ જાહેર ન હોય, નહીં તો જો અહલે કિતાબ હઝરત મસીહ (ઈસા علیہ السلام) અથવા હઝરત ઉઝૈરની ઉલૂહિયત (ખુદા હોવા)ની આયતો પેશ કરે તો યક઼ીનન તેને જૂઠી કહેવામાં આવશે. હદીષનો હેતુ એ છે કે તૌરાત તથા ઈન્જીલ કાંઈક સહીહ પણ હતી કાંઈક મિલાવટવાળી પણ હતી, જેથી દરેક આયતમાં સત્ય તથા જૂઠનો અંદેશો હતો, એટલા માટે સાવચેતી પૂરતો આ હુકમ ફર્માવી આપ્યો. યાદ રાખશો કે **હાલમાં એ કિતાબોની એક પણ અસલી આયત હવે મૌજૂદ નથી, આ હાલના અનુવાદો અલ્લાહનું કલામ નથી.**

**૨.** જેથી મૂળ કિતાબનો ઈન્કાર ન થઈ જાય અને ન ગૈર કિતાબનો ઈકરાર. યાદ રાખશો કે આ હુકમ શરૂમાં હતો, બાદમાં તો હુઝૂરે ઉમર ફારૂક઼ જેવા સહાબીને તૌરાત પઢવા સાંભળવાથી મના કરી દીધું અને ફર્માવ્યું કે મારી પાસે શું નથી જે તમે તૌરાતમાં શોધી રહ્યા છો ?! જો મૂસા علیہ السلام પણ મૌજૂદ હોત તો મારી પયરવી (અનુસરણ) કરત.

**૩.** એટલે કે દરેક અયરા ગયરાની દરેક વાત તેહક઼ીક઼ વિના વર્ણન કરી આપે, ખાસ કરીને મુબારક હદીષો, નહીં તો મુહદ્દિષો, ફક઼ીહો, ઉલમાની દરેક વાત પર અવામે વિશ્વાસ કરવો જોઈએ. રબ તઆલા ફર્માવે છે : لِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْا જેથી આ હદીષ ફક઼ીહોના એ ક઼ૌલની વિરુદ્ધ નથી કે દીની વાતોમાં એકની ખબર મોઅતબર છે. મુહદ્દિષો ખબરે વાહિદનો વિશ્વાસ કરે છે.

**૪.** حواری (હવ્વારી)એ حور થી બનેલ છે એનો અર્થ સફાઈ, ખુલૂસ, મદદ. કેમ કે એ ખાસ લોકોનાં દિલો સાફ હતાં, નિખાલસ મો'મિન હતા અને એમના દીનના મદદગાર હતા એટલા માટે એમને ''હવ્વારી'' કહેવામાં આવતા હતા. તેમજ ઈસા علیہ السلامના હવ્વારી (સાથી) કપડાં સાફ કરનારા ધોબી હતા.

**૫.** જાહેર એ છે કે અહીં શરીઅત તથા તબ્લીગવાળા નબી મુરાદ છે જેમની બાક઼ાયદા ઉમ્મતો હતી અને આ

અસ્હાબ હવ્વારીઓ સિવાયની જમાઅત છે. મતલબ એ છે કે દરેક શરીઅત ધરાવનારા પયગંબરને અલ્લાહે સામાન્ય સહાબા પણ બખ્શ્યા અને ખાસ રાઝદાં સહાબા પણ. એવી જ રીતે આપણા હુઝૂરના સહાબા એક લાખ ચોવીસ હજાર (લગભગ) છે જેમાં અમુક ખાસ રાઝદાં છે, જેમ કે ખુલફાએ રાશિદીન, વગેરે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે અમુક નબી તે પણ છે જેમની વાત કોઈએ ન માની અને અમુક તે છે જેમની એક બે માણસોએ પયરવી કરી.

૬. એટલે કે એ સહાબા પછી એવા બદ્અક઼ીદા તથા બદ્અમલ લોકો પેદા થતા હતા, એવા જ મારા સહાબાઓ પછી થશે. એના પરથી જાણવા મળ્યું કે ખુદાના ફઝ્‌લથી હુઝૂરના સહાબા બદ્અક઼ીદગી તથા બદ્અમલીથી પાક રહ્યા.

૭. એટલે આવા બદ્અક઼ીદા તથા બદ્અમલ લોકોની સુધારણા ત્રણ જમાઅતો ત્રણ રીતે કરે : **હાકિમો બળ વડે** કે મુજરિમોને સજા આપે. **ઈલ્મવાળા જીભ વડે** કે તેમને વઅઝ કરે. **અવામ મો'મિન દિલથી** કે તેમનાથી નફરત કરે અને દૂર રહે, આ હુકમો ક઼યામત સુધી ચાલુ છે.

૮. એટલે કે જે **એને દિલથી બુરુ પણ ન જાણે, તેમના અક઼ીદાથી રાજી હોય તે એમના જેમ જ બેઈમાન છે.** એટલા માટે ઉલમા પર ફર્ઝ છે કે પોતાની જીભ તથા ક઼લમ વડે મુસલમાનોને બેદીનોથી નફરત અપાવે, તેમના અક઼ીદા બતાવે અને તેની રદ કરે, યાદ રાખશો કે ઝઈફ (કમજોર) ઈમાનને રાઈના દાણા સાથે સરખાવ્યું એ વર્ણનની કેફિયતના માટે છે ન કે માત્રા (માપ) દર્શાવવા માટે છે. કેમ કે ઈમાન માપમાં વધઘટ નથી થતું. દરેક મુસલમાન પૂરેપૂરો મુસલમાન છે, અડધો કે ચોથાઈ મુસલમાન નથી !

પેજ નં. ૧૯ નું ચાલુ...

માટે કોઈ ખાસ ફરક નથી. દેવબંદી મોલ્વી મુહમ્મદ હુસૈન ચીસ પાડી ઉઠયા કે **"આ ગાળો છે ! અમારું અપમાન છે !"** હઝરતે ફર્માવ્યું, અલ્હ઼મ્દુલિલ્લાહ ! ફૈસલો થઈ ગયો કે **જ્યારે એક લખાણ તમારા લોકોની શાનમાં અપમાનજનક છે તો એવું જ લખાણ 'હિફ઼્ઝુલ ઈમાન' કિતાબમાં હુઝૂર આક઼ાએ કાઈનાત સૈયદે આલમ ﷺની શાને પાકમાં તૌહીન (અપમાનકર્તા) જ છે.**

## ★ ઝિંદા તથા મુર્દા ★

ભાવપુર બસ્તીના મુનાઝરામાં નબી ﷺના ઈલ્મે ગયબ પર ચર્ચા ચાલી રહી હતી. મોલ્વી શહીમ વહાબી મુનાઝિર વારંવાર એ જ રટણ કરી રહ્યા હતા કે, "તમે લોકો ઈલ્મે ગયબ કે જે ખુદાની સિફત (ગુણ) છે તેને રસૂલુલ્લાહના માટે માનો છો, એટલે ખુદાની સિફત બંદામાં માનીને તમે મુશ્રિક થઈ ગયા."

હઝરત શેર બે શએ અહલે સુન્નતે શરૂમાં તો કુર્આન હદીષની રોશનીમાં સમજાવવા ચાહ્યું, પણ વહાબી મુનાઝિરની વારંવાર વિના કારણની જીદ તથા હઠધર્મી જોઈને ગુસ્સામાં આવી ગયા અને ગર્જના કરી ફર્માવ્યું, "હે જાલિમ ! બતાવ ! તું જીવતો (ઝિંદા) છે કે મરેલો ?! તેણે કહ્યું, જીવતો ! ફર્માવ્યું, તારો ખુદા જીવતો છે કે મરેલો ? કહેવા લાગ્યો, જીવંત ! તો ફર્માવ્યું, "એવું કેવી રીતે કે તું પણ જીવંત અને તારો ખુદા પણ જીવંત ?! ખુદાની સિફત (ગુણ)ને પોતાના માટે માનીને પોતાના કથનાનુસાર તું જાતે જ મુશ્રિક થઈ ગયો !"

ગભરાહટમાં વહાબી મુનાઝિરે કહ્યું, "નહીં ! મરેલો (મુર્દા) છું !"

તો હઝરતે એકદમ ફર્માવ્યું, આ હિંદુસ્તાનમાં સામાન્યતઃ મરેલાઓના વાસ્તે બે પધ્ધતિઓ છે : સળગાવી દેવામાં આવે છે અથવા દફન કરી દેવામાં આવે છે, તો તું બોલ ! તું મરેલો છે તો તને ફૂંકી દેવામાં આવે કે દાટી દેવામાં આવે ?!

વહાબી મુનાઝિરે હોશ ઠેકાણે લાવીને કહ્યું, નહીં ! મૌલાના ! વાત એમ છે કે **ખુદા પણ જીવંત છે આપણે પણ જીવંત છીએ, પણ તેની જિંદગી જાતી અને અઝલી (હમેશાંથી હમેશાંની) છે અને આપણી જિંદગી અતાઈ તથા નાશવંત છે.**

આપે ફર્માવ્યું, "એ જ પ્રમાણે **ખુદાનો ઈલ્મ જાતી** છે અને **મારા સરકાર ﷺનો ઈલ્મ અતાઈ છે !"**

*-(પયગામે રઝા-મુંબઈ, જાન્યુઆરી-૨૦૦૯)*

# ઇમામે આ'ઝમની
## વસિય્યતો તથા નસીહતો

હઝરત ઈમામ અબૂ યુસૂફ رحمة الله عليهના નામે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمة الله عليهએ જે વસિય્યતો લખી તે આપના જીવનભરના અનુભવોનો નિચોડ અને દીન તથા દુનિયામાં સંપૂર્ણ સફળતાની ચાવી છે.

વાંચકોને લાભાર્થે એમાંથી અમુક અત્રે રજૂ કરવામાં આવે છે જેથી તેના પર અમલ કરી દુનિયા તથા આખિરતમાં કામયાબીના હક્કદાર થઈ જાય.

### સમયના હાકિમ સાથે સાવધાનીપૂર્ણ વર્તાવ

સુલ્તાને વક્તનું સન્માન કરો અને તેની ઈજ્જતનો ખયાલ રાખો અને તેના સમક્ષ જૂઠુ બોલવાથી ખાસ કરીને બચો, જ્યાં સુધી કોઈ ઈલ્મી જરૂરત મજબૂર ન કરે વધુ સમય તેની પાસે ન રહો, કારણ કે જ્યારે તમે તેનાથી વધારે મળતા રહેશો તો એ તમને તુચ્છતાથી જોશે અને તમે એની નજરોથી પડી જશો. એની સાથે આગની જેમ વર્તાવ રાખો કે આગનો ઉપયોગ કરી ફાયદો પણ ઉઠાવો છો અને તેનાથી દૂર પણ રહો છો, નજીક પણ નથી જતા. એટલા માટે કે વધુ પડતા હાકિમો પોતાની જાત અને ફાયદા સિવાય બીજું કાંઈ પસંદ નથી કરતા.

### પબ્લિક સાથે સાવચેતીપૂર્ણ વર્તાવ

સામાન્ય લોકો સાથે એમના પૂછેલા સવાલોના જવાબો સિવાય વધારે વાતચીત ન કરો. અવામ અને ધંધાદારી લોકો સાથે ઈલ્મી વાતો સિવાય અન્ય વાતચીત ન કરો જેથી એમની સાથેના તમારા સંબંધમાં એમને કોઈ લાલચ ન જણાય, નહીં તો તમારાથી લોકો બદ્ઝન (તિરસ્કારકર્તા) થઈ જશે અને સમજશે કે તમે એમનાથી લાંચ લેવા ઈચ્છો છો. સામાન્ય લોકો સામે વધુ હસવા અને સ્મિત કરવાથી બચો, બજારમાં વધારે ન જાવ, દાઢી વગરના સાથે વધુ વાતચીત ન કરો કે ફિત્નો છે, હા નાના બાળકો સાથે વાતચીત કરવામાં કોઈ વાંધો નથી બલ્કે એમના માથે પ્રેમથી હાથ ફેરવતા રહો. આમ લોકો તથા મોટી ઉંમરના લોકો સાથે રસ્તામાં ન ચાલો કે જો તમે એમને આગળ થવા દેશો તો એ ઈલ્મે દીનની બેઈજ્જતી જેવું દેખાશે અને તમે એમનાથી આગળ ચાલશો તો એ પણ સારી વાત નથી કારણ કે તેઓ ઉમરમાં તમારાથી મોટા છે. હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, જે નાનાઓ પર મહેરબાની ન કરે અને મોટાઓની ઈજ્જત ન કરે તે અમારામાંથી નથી.

### જીવનનાં કાર્યોનું આયોજન

સૌ પ્રથમ ઈલ્મ હાંસલ કરો ! પછી હલાલ રીતે માલ જમા કરો ત્યાર પછી નિકાહ કરો. ઈલ્મ હાંસલ કરવાના જમાનામાં જો દૌલત કમાવવાની કોશિશ કરશો તો ઈલ્મ નહીં મેળવી શકો, અને એ માલ તમને દાસીઓ અને ગુલામો ખરીદવા પર ઉભારશે, અને ઈલ્મ પ્રાપ્તિ પહેલાં જ તમને દુનિયવી લિજ્જતો તથા સ્ત્રીઓમાં વ્યસ્ત કરી દેશે. આ રીતે તમારો સમય બર્બાદ થઈ જશે, વળી જ્યારે તમારાં બાલબચ્ચાંઓની સંખ્યા વધશે તો તેમની જરૂરિયાત પૂરી કરવાની ચિંતા ઉભી થશે અને ઈલ્મ હાંસલ કરવાનું છોડી દેશો. જેથી નાની વયમાં જ ઈલ્મ શીખો કે જ્યારે તમારાં દિલો દિમાગ દુનિયાના જમેલાથી મુક્ત હોય છે, પછી કમાણીનો બંદોબસ્ત કરો જેથી શાદી પહેલાં જરૂરત પૂરતી દૌલત તમારી પાસે હોય કે એના વગર બીવી બચ્ચાંઓની જરૂરિયાત દિલને ચિંતામાં નાંખી દે છે, માટે થોડી દૌલત જમા કર્યા પછી જ શાદી કરવી જોઈએ.

### સીરત તથા કિરદારનું ઘડતર

અલ્લાહ તઆલાથી ડરો, અમાનત અને પ્રત્યેકની

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

ભલાઈનો ખાસ કરીને ખ્યાલ રાખો અને લોકોની ઈજ્જત કરો જેથી લોકો પણ તમારી ઈજ્જત કરે. તમારી પાસે ઈલ્મે ફિક્હ શીખતા દરેક તાલિબે ઈલ્મ પર એવું ધ્યાન આપો કે જાણે તમે એમને પોતાનાં સંતાન બનાવી લીધાં છે, જેથી તમારા કારણે એમનામાં ઈલ્મની તડપમાં વધારો થાય. જો કોઈ સામાન્ય કે બજારી વ્યક્તિ ઝઘડે તો તમે એની સાથે ન ઝઘડો, નહીં તો તમારી ઈજ્જત ખતમ થઈ જશે. અને હક્ક વાત બતાવવામાં કોઈના માન મોભાનો વિચાર ન કરો, ભલે એ સમયનો રાજા હોય. જેટલી ઈબાદત બીજા કરે તમે એમનાથી વધુ કરો, એમનાથી ઓછી ઈબાદતને પોતાના માટે પસંદ ન કરો, કારણ કે જ્યારે અવામ કોઈ ઈબાદતને તમારાથી વધારે કરતા હોય અને તમને જુએ કે તમારું ધ્યાન એના પર નથી તો તમારા પ્રતિ ઈબાદતમાં રસ ન હોવાનું વિચારશે અને સમજશે કે તમારા ઈલ્મે તમને કોઈ લાભ ન આપ્યો.

## સામાજિક નીતિ ધોરણો

જ્યારે તમે કોઈ એવા સ્થળે રહેઠાણ કરો જ્યાં ઈલ્મવાળા (ઉલ્મા) પણ હોય તો પોતાના માટે કોઈ વિશિષ્ટ પદ ઈખ્તિયાર ન કરો બલ્કે એક સામાન્ય નાગરિક જેમ રહો, જેથી એમને યકીન થઈ જાય કે તમને એમના પદ કે હોદ્દાની સાથે કોઈ લેવાદેવા નથી, નહીં તો એમને તમારાથી પોતાની ઈજ્જતને ખતરો લાગશે તો તમારા વિરુદ્ધ જશે અને તમારા મસ્લક પર કીચડ ઉછાળશે, એમને જોઈ પબ્લિક પણ તમારા વિરુદ્ધ થઈ તમને બુરી નજરથી જોશે. પરિણામે તમે વિના વાંકે એમની નજરોમાં મુજરિમ બની જશો. અને તેઓ તમને મસ્અલા પૂછે તો એમની સાથે મુનાઝરો અથવા મેહફિલોમાં તકરાર કરવાથી બચો અને જે પણ કહો તે સ્પષ્ટ પુરાવા સાથે કહો એમના ઉસ્તાદોને ટોણો ન મારો, નહીં તો તેઓ તમારામાં પણ એબો કાઢશે.

લોકોથી સાવચેત રહો અને પોતાના અંતરને અલ્લાહ તઆલા માટે એવું શુદ્ધ કરી લો જેવું તમારું જાહેર છે. અને ઈલ્મનું કાર્ય ત્યાં સુધી લાભદાયક નથી થઈ શકતું જ્યાં સુધી પોતાના જાહેરને તથા અંતરને સમાન ન કરી લો.

## જિંદગીના આદાબ

લોકો સમક્ષ વધુમાં વધુ અલ્લાહ તઆલાનું ઝિક્ર કરતા રહો કે લોકો તમારાથી એ ખૂબી શીખી લે, અને પોતાના માટે નમાઝ પછી એક વઝીફો નક્કી કરી લો જેમાં કુર્આન શરીફની તિલાવત અને અલ્લાહ તઆલાનું ઝિક્ર તથા રબ તઆલાએ સબ્ર અને અડગતાની દૌલત અને બીજી નેઅમતો જે તમને નવાઝી છે તેના પર અલ્લાહનો શુક્ર અદા કરો તથા દર મહિનાના અમુક દિવસો રોઝા (રાખવા) માટે નક્કી કરી લો જેથી બીજા લોકો આમાં પણ તમારી પૈરવી કરે. પોતાના નફ્સની દેખભાળ કરો અને બીજા લોકોના અમલ પર પણ નઝર રાખો જેથી દુનિયા તથા આખેરતમાં પોતાના ઈલ્મથી લાભ પામો.

પોતે ખરીદી ન કરો બલ્કે એના માટે કોઈ એવો ખાદિમ રાખો જે તમારી આવી જરૂરતોને સારી રીતે પૂરી કરે અને દુનિયવી બાબતોમાં તમે એના પર ભરોસો રાખો. પોતાના દુનિયવી મામલા તથા આવનારી સ્થિતિ વિશે પૂછતાછ થશે.

## વઅઝ તથા નસીહતનાં ધોરણો

જ્યારે તમે કોઈ વ્યક્તિમાં બુરાઈ જુઓ તો (બીજાઓ સમક્ષ)એ બુરાઈ સાથે એનું વર્ણન ન કરો બલ્કે એનાથી ભલાઈની ઉમ્મીદ રાખો અને જ્યારે એ ભલાઈ કરે તો એ ભલાઈ સાથે એનું વર્ણન કરો. **હા ! અલ્બત્ત ! એના દીન (અકીદા)માં કોઈ બુરાઈ જુઓ તો જરૂર લોકોને એની જાણ કરી દો જેથી કોઈ એનું અનુકરણ ન કરે તથા તેનાથી દૂર રહે.** હુઝૂર ﷺએ હિદાયત ફર્માવી કે **ફાસિક અને ફાજિર આદમી જ્યારે બુરાઈમાં સપડાય છે તો તેને (લોકો સામે) બયાન કરો જેથી લોકો તેનાથી બચે, ભલે પછી એ કોઈ પણ પદ કે મર્તબાવાળો હોય.** જ્યારે તમે

બાદશાહથી દીન વિરુદ્ધ કોઈ વાત જુઓ તો પોતાની વફાદારીનું યકીન અપાવી એને ચેતવણી આપી દો અને આ વફાદારીનું યકીન એટલા માટે આપવાનું છે કે એનો હાથ તમારા કરતાં વધુ શક્તિશાળી છે. દા.ત. તમે એ રીતે પોતાની વાત રજૂ કરો કે જ્યાં સુધી આપની હુકૂમત અને પકડનો સંબંધ છે તો એમાં હું આપનો ફર્માંબરદાર છું, એના સિવાયમાં દીન વિરુદ્ધ આપની ફલાણી આદત વિશે ધ્યાન દોરું છું.'' જો તમે એક જ વાર આ પ્રમાણે કોઈ બાદશાહ કે હાકિમની સામે આવી હક્કગોઈથી કામ લીધું તો એ તમારા માટે પૂરતુ છે, એટલા માટે કે જો વારંવાર કહેશો તો એ તમારા પર સખ્તી કરશે જેમાં દીનની બેઈજ્જતી થશે.

મૌતને યાદ કરતા રહો તથા પોતાના ઉસ્તાદો માટે મગફિરતની દુઆ તથા કુર્આન શરીફની તિલાવત કરતા રહો. કબ્રસ્તાન, બુઝુર્ગો અને બાબરકત સ્થળોની અધિક્તમ ઝિયારત કરતા રહો.

## સારા અખ્લાક

કંજૂસાઈથી બચો કારણ કે તેના કારણે મનુષ્ય બીજા લોકોની નજરોથી પડી જાય છે. લાલચી અને જૂઠુ બોલવાવાળા ન બનો, હક્ક અને બાતિલને પરસ્પર ન મિલાવો, બલ્કે સર્વ કામોમાં પોતાના સ્વમાનની હિફાઝત કરો, તથા હમેશાં સફેદ વસ્ત્રો પહેરો. પોતાના માટે લાલચથી દૂરી અને દુનિયાથી નિઃઆકર્ષણ તથા દિલની માલદારી જાહેર કરો. પોતાને માલદાર જાહેર કરો, તંગદસ્તી જાહેર ન થવા દો ભલે હકીકતમાં તમે તંગદસ્ત હોય. દુનિયાવી સંપત્તિ જેની ઈલ્મવાળાઓ પાસે કોઈ કિંમત નથી એને હકીર જાણો કે અલ્લાહ ﷻ પાસે (આખેરતમાં) જે નેઅમત છે તે દુનિયાથી ઉત્તમ છે. સારાંશ કે પોતાના દુનિયવી મામલા કોઈ અન્યના સુપરત કરી દો જેથી સંપૂર્ણ રીતે તમારું ધ્યાન ઈલ્મે દીન પર કેન્દ્રિત રહે, આ કાર્ય પદ્ધતિ તમારી જરૂરતને પૂરી કરવા વધુ સુરક્ષિત છે. કોઈ કૌમની ઈમામત માટે આગળ ન વધો જ્યાં સુધી પોતે તેઓ તમને આગળ ન કરે.

## મજલિસના આદાબ

જ્યારે બાદશાહો જુલ્મ કરતા હોય એવા સમયે ત્યાં હાજર ન રહો, હા ! જ્યારે તમને યકીન હોય કે તમારા રોકવાથી તે ઈન્સાફ કરશે, નહીં તો તમારી હાજરીમાં કોઈ નાજાઈઝ કામ કરશે અને કેટલીક વાર એમને રોકવાની તમારામાં શક્તિ નહીં હોય તો આવી સ્થિતિમાં તમારા ચૂપ રહેવાથી લોકો સમજશે કે બાદશાહોનું તે નાજાઈઝ કાર્ય જાઈઝ છે. ઈલ્મી મજલિસમાં ગુસ્સો કરવાથી બચો અને સામાન્ય લોકોને કિસ્સા કહાનીઓ સંભળાવવાની ટેવ ન અપનાવો, એટલા માટે કે કિસ્સા કહેનારે જૂઠ બોલ્યા વગર છૂટકારો નથી. છેલ્લી વાત એ છે કે અમને પોતાની નેક દુઆઓમાં ભૂલશો નહીં અને આ નસીહતો મારા તરફથી સ્વીકારો કે તમારા અને બીજા મુસલમાનોના ફાયદા માટે છે. *(ઈમામે આ'ઝમ, સૈયદ શાહ તુરાબુલ્હક્ક કાદરી, ૧૩૮, ૧૫૦, ઈસ્લામિક પબ્લિશર–દિલ્હી, બહવાલા સુન્ની દા'વતે ઈસ્લામીનો દા'વત નંબર)*

## સઊદીમાં મિશ્ર શિક્ષણનો વિરોધ કરનાર મુફતી બરતરફ !

સઊદી અરબમાં છોકરા છોકરીઓના મિશ્ર શિક્ષણનો વિરોધ કરનારા એક મુફતીને તેમના હોદ્દેથી હાંકી કઢાયા ! સઊદી રાજા શાહ અબ્દુલ્લાહ તરફથી એક યુનિવર્સિટી છોકરા છોકરીઓની મિશ્ર શિક્ષણ માટે ઓપન કરવા પર સખત ટીકા કરનાર મુફતી શયખ સઆદ શયથરીની વિરુદ્ધ કાર્યવાહી કરતાં તેમને સઊદી ઉલમા કાઉન્સિલના સભ્ય પદેથી કાઢી મૂકવામાં આવ્યા. મુફતીએ સઊદી શાહ તરફથી ''અબ્દુલ્લાહ યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી''માં છોકરા છોકરીઓને એક સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાના તરીકાને ગૈર ઈસ્લામી ઠરાવતાં મિશ્ર શિક્ષણ પદ્ધતિનો સખત વિરોધ કર્યો હતો.

યુવાનો યુવતીઓની ભેળસેળ શું પરિણામો લાવે છે એ તો જગત જોઈ જ રહ્યું છે અને આ ભેળસેળ ઈસ્લામમાં જાઈઝ નથી, પણ અંગ્રેજ થતા અમેરિકાના ગુલામ સઊદી રાજા બીજુ શું કરી શકે ?! વાત વાતમાં બિદઅતની બુમો પાડનારાઓને અહીં કશું શરીઅત વિરુદ્ધ જણાતુ નથી ! –*(કાર્યાલય તરફથી)*

એક અજોડ હાજર જવાબ મુનાઝિર !

# હશ્મતઅલીખાં પીલીભીતી

રબ્બે ઝુલ જલાલ ﷻ ની આદતે કરીમા રહી છે કે તે માનવ જાતની પેદાઈશ પછી તેમની હિદાયત તથા માર્ગદર્શન માટે દરેક દૌરમાં પોતાના ખાસ બંદાઓને મોકલતો રહે છે જેઓ ગુમરાહીમાં ભટકતા માનવોને પોતાના સ્થાનના ફરીઝા મુજબ સીધા માર્ગ પર લગાડવામાં કાર્યરત રહે છે. ખુદાએ પાક ﷻ એ માર્ગદર્શકોને નબી રસૂલના રૂપમાં મોકલતો રહ્યો. ખાતમુન્નબીય્યીન ﷺના આગમન પછી નબીઓનો ક્રમ ખત્મ થયો પછી અવલિયા તથા ઉલમાના રૂપમાં હાદી તથા માર્ગદર્શકો આવતા રહ્યા અને કયામત સુધી આવતા રહેશે. એ મુકદ્દસ હસ્તીઓમાં એક મહાન હસ્તી હુઝૂર શેર બે શએ એહલે સુન્નત, મઝહરે આ'લા હઝરત, **મૌલાના હશ્મત અલીખાં કાદરી બરકાતી** رحمۃ اللہ علیہ ની છે જેમણે જીવનની એક એક પળ રસૂલેપાક ﷺની ઈજ્જત આબરૂની રક્ષા તથા દીન તેમજ સુન્નિયતની તબ્લીગ તથા પ્રચારમાં ગુજારી છે. મઝહબે હક્ક અહલે સુન્નતની દાવત તથા તબ્લીગ અને રસૂલેપાક ﷺની ઈજ્જત તથા તાઝીમની રક્ષા માટે આપની ખૂબીપૂર્વકની કોશિશો સુવર્ણ અક્ષરે લખવાને પાત્ર છે. અહીં સંક્ષિપ્તમાં આપની કારકિર્દીની ઝલક રજૂ કરીએ છીએ.

### ★ સંક્ષિપ્તમાં જીવનના હાલાત ★

આપનો જન્મ મુબારક હિ.સ. ૧૩૧૯ ઈ.સ. ૧૯૦૧ લખનૌ (યુ.પી.)માં થયો. ઈ.સ. ૧૯૧૧ હિ.સ. ૧૯૨૯માં કુર્આનનું હિફ્ઝ પૂર્ણ કર્યું. ઈ.સ. ૧૯૧૭ હિ.સ. ૧૩૩૫માં તજવીદની તાલીમ સંપૂર્ણ કરી. ઈ.સ. ૧૯૧૭માં જ મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફમાં દાખલો મેળવ્યો. પ્રથમ મુનાઝરો (હલ્દવાની) ૧૯ વરસની વયે કર્યો. ઈ.સ. ૧૯૨૨ હિ.સ. ૧૩૪૦માં દસ્તારે ફઝીલત થઈ અને મન્ઝરે ઈસ્લામમાં મુદર્રિસ બન્યા. ઈ.સ. ૧૯૨૮ હિ.સ. ૧૩૨૭માં પીલીભીતમાં સ્થાયી થયા. દરમ્યાન દેશભરમાં તબ્લીગી દૌરાઓ, કામયાબ મુનાઝરાઓ કર્યા. બે વાર હજ્જની સફર કરી. ઈ.સ. ૧૯૬૦ હિ.સ. ૧૩૮૯ સફર ૨૩ ના રોજ વિસાલ ફર્માવ્યો.

### ★ આપનો ઉછેર તથા તાલીમ ★

હુઝૂર મઝહરે આ'લા હઝરતે જે ઘરમાં આંખો ખોલી તે ખાનદાન એક ફોજી ઓફિસરથી સંબંધ ધરાવતુ હતું. આપના દાદા મુહમ્મદ ખાન સાહબ આફરીદી ખૈબરથી લખનૌ આવ્યા અને અહીં ફોજી ઓફિસરના હોદ્દા પર બિરાજમાન કરવામાં આવ્યા. તેમની નોંધપાત્ર સેવાઓના બદલામાં સમયની હુકૂમતે તેમને બખ્શિશથી નવાજ્યા. બખ્શિશમાં જમીન વગેરે આપને આપવામાં આવેલ તે શહેર લખનૌના પ્રખ્યાત કસ્બા અમેઠી શરીફમાં હતી. આ તે જ સમૃધ્ધ કસ્બો છે જેણે ઈસ્લામી જગતને એક **મહાન ફકીહ "હઝરત મુલ્લા જીવન"** رحمۃ اللہ علیہ (અન્વારુલ્ અન્વાર તથા તફસીરાતે અહમદિયાના લેખક)ના રૂપમાં આપ્યા કે જેમની શાગિર્દી સુલ્તાન આલમગીર ઔરંગઝૈબ رحمۃ اللہ علیہ એ અપનાવી હતી. તેમના રોઝાની નજીક મુહમ્મદખાન સાહબ સ્થાયી થયા અને ત્યાંના થઈને રહી ગયા. હાફિઝ મુહમ્મદ નવાબ અલી ખાન સાહબ પોતાના વાલિદે ગિરામી મુહમ્મદ હયાતખાન સાહબની વફાત પછી પોતાનાં વાલિદા સાથે પોતાના મોસાળ લખનૌ શહેર ચાલ્યા આવ્યા. તેમના મામાએ તેમનો ઉછેર કર્યો એ દરમ્યાન અમેઠીની બખ્શિશમાં મળેલી મિલ્કતોનો મોટાભાગનો હિસ્સો આપના મામાએ વેચી કાઢયો અને એ લોકો પોતાના મામાને ત્યાં જ સ્થાયી થયા. હઝરત શેર બે શએ અહલે સુન્નતનો જન્મ તથા ઉછેર તથા કેળવણી પણ ત્યાં જ થઈ. *(સવાનેહે શેર બે શએ અહલે સુન્નત, પેજ–૩૫–૩૬)*

આપની તાલીમો તર્બિયત દેવબંદી વિચારશ્રેણીવાળા મદ્રસામાં થઈ હતી જેથી આપ પણ દેવબંદીઓની તાલીમ હેઠળ રેહતાં તેમના જેમ સ્વરચિત તૌહીદની લપેટની અસરમાં આવવા લાગ્યા હતા. આપનાં માં બાપ અહલે સુન્નતથી સંબંધિત હતાં જેઓ ન્યાઝ, ફાતિહા, મેહફિલ મીલાદ વગેરે સજાવ્યા કરતાં હતાં તો તેને શિર્ક બિદઅત કહી તેનાથી દૂર થવાની સૂચના આપવા લાગ્યા. આપનાં માં બાપ એનાથી ખૂબ જ ચિંતિત હતાં. સંક્ષિપ્તમાં એ કે આપનાં વાલિદાએ **'તમ્હીદે ઈમાન બ આયાતે કુર્આન'** (લેખક : ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ) કિતાબ ઘરમાં રાખી હતી જે આપના વાંચવામાં આવી તો દેવબંદીઓની અસલિયત કુર્આનની રોશનીમાં જાણી લીધી કે એઓ ખુદા વ રસૂલના કેટલા મહાન ગુસ્તાખ છે. ત્યારબાદ આપ જે મદ્રસામાં પઢતા હતા ત્યાંના ઉસ્તાદોને લાજવાબ કરી આપ્યા. છેવટે આપ બરેલી શરીફ આ'લા હઝરતની ખિદમતમાં પહોંચી ગયા અને મન્ઝરે ઈસ્લામમાં પ્રવેશ મેળવ્યો.

આપ મદ્રસા મન્ઝરે ઈસ્લામમાં પઢાઈ પણ કરતા અને બીબીજી મસ્જિદમાં ઈમામતની ફરજ અંજામ આપતા હતા અને બાકીનો સમય ઈમામે ઈશ્કો મહબ્બતની ખિદમતમાં ગુજારતા. આપના ઉસ્તાદ સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદ અલીખાં رحمۃ اللہ علیہ હતા. આપ બરેલી શરીફમાં રહી આ'લા હઝરતની સોહબતમાં વધુ સમય વિતાવી ફય્ઝાને આ'લા હઝરતથી ખૂબ માલા માલા થતા રહ્યા.

## ★ શેરે રઝાની હાજર જવાબી ★

પરવરદિગારે આલમ عزوجل એ પોતાના મહબૂબ રહમતે આલમ ﷺના સદકા તથા તુફૈલમાં મઝહરે આ'લા હઝરત, ઈમામુલ મુનાઝિરીન, ગયઝુલ મુનાફિકીન, સુલ્તાનુલ મુતકલ્લિમીન શેર બે શએ અહલે સુન્નત હઝરત મૌલાના મોલ્વી મુફતી, હાફિઝ, કારી શાહ અલ્હાજ અબુલ ફતહ ઓબૈદુર્રઝા **મુહમ્મદ હશ્મત અલીખાં કાદરી બરકાતી રઝવી** મજદી લખનવી رحمۃ اللہ علیہને વિવિધ ઈલ્મો તથા કલા વિદ્યાઓ તથા તેના જુઝઈય્યાત પર પૂર્ણપણે નિષ્ણાતપણુ અતા કર્યુ, સાથો સાથ હાજર જવાબીની વિશિષ્ટતા પણ અર્પણ કરી હતી. આપની અજોડ હાજર જવાબીના અમુક લાભદાયી બનાવો નીચે વર્ણવીએ છીએ.

## ★ મન્ઝૂર અને મનાઝિરની સરખામણી ★

અદરી જિ. આઝમગઢના મનાઝરામાં દેવબંદી મોલ્વી મંઝૂર હુસૈન સંભલીએ ઘણા જ જોરશોર સાથે કહ્યું કે, મૌલાના ! તમને ખબર હોવી જોઈએ કે મંઝૂર અને મનાઝિરના અદદ (અંકો) સરખા છે.

હઝરત શેર બે શએ અહલે સુન્નતે એકદમ કહ્યું કે, નહીં ! નહીં ! મંઝૂર તથા મનાઝિરના અદદો સરખા નથી, અલ્બત્ત 'મંઝૂર' તથા 'મુનાઝરા'ના અદદો સરખા છે. મનાઝિરના 'ઝોય' ઝેર ظ સાથે બાબે મફાએલતથી ઈસ્મે ફાઈલ મુઅન્નષ સેગો છે. આ ધારદાર કટાક્ષને સાંભળીને વહાબી મુનાઝિર ખસીયાણો પડી ગયો અને પોતાનું ખસીયાણાપણુ દૂર કરવા માટે કહેવા લાગ્યો, નહીં ! અદદો નહીં, મંઝૂર અને મનાઝિરના અક્ષરો સરખા છે. તો હઝરતે તુરત જ ફર્માવ્યું, તો સાંભળી લો ! મંઝૂર, મફરૂદ, મકહૂર, મગરૂર તથા મરદૂદના અક્ષરો પણ સરખા છે !

## ★ આપનો ધંધો ! ★

હઝરત સૈયદુલ ઉલમા رحمۃ اللہ علیہએ હઝરતના ચાલસમાના ઉર્સના પ્રસંગે બતાવ્યું કે શેર બે શએ અહલે સુન્નત રંગૂન જઈ રહ્યા હતા તો જહાઝ પર સી.આઈ.ડી. એ નામ પૂછયું તો ફર્માવ્યું, "હશ્મત અલી", વતન પૂછયું તો જણાવ્યું, "પીલીભીત", અને જયારે ધંધો પૂછયો તો એકદમ જવાબ આપ્યો, "રદ્દે વહાબિયહ !"

## ★ જો તમે વહાબી હોત તો ?! ★

રંગૂનના લાંબા દૌરાથી પરત થઈ રહ્યા હતા. રસ્તામાં સાથીઓમાંથી કોઈકે કહ્યું, હુઝૂર ! ખુદા ન ખ્વાસ્તા ક્યાંક તમે વહાબી હોત તો આપની વાતોનો કોણ જવાબ આપત ?! આપે એકદમ ફર્માવ્યું, ખુદાની કસમ ! ખુદા ન ખ્વાસ્તા જો હશ્મત અલી વહાબી હોત તો રબ્બે કદીર તેનું માથુ કચુંડવા માટે હજારો

હશ્મત અલી પેદા ફર્માવી આપત.

### ★ નમક હરામી કે સુન્નતે નબી ﷺ ★

એક મુનાઝરામાં દેવબંદી મોલ્વી અબ્દુસ્સલામ કાકોરવીએ કહ્યું, મૌલાના ! તમે નમક હરામ છો ! પ્રારંભમાં અમારા ત્યાં તાલીમ મેળવી અને હવે અમને કાફિર જણાવી રહ્યા છો ! ફર્માવ્યું, નાદાન ! આ નમક હરામી નથી બલ્કે નબીની સુન્નત છે, શું હઝરત મૂસા علیہ السلام એ ફિરઔનને ત્યાં ઉછેર પામીને તેના જ તખ્તો તાજને તારાજ કર્યો ન હતો ?!

### ★ બારગાહે રિસાલતનો કૂતરો ★

મોલ્વી મંઝૂર સંભલી દેવબંદીએ 'અદરી'ના મુનાઝરામાં કહ્યું, ''મૌલાના ! આપે નઅતિયા શેઅરમાં પોતાને બારગાહે રિસાલતનો કૂતરો (સગ) કહ્યો છે, શું તમને ખબર નથી કે કૂતરાને બારગાહે રિસાલતથી ખૂબ જ બેઈજ્જતી સાથે કાઢી મૂકવામાં આવે છે, તો તમને પણ ભગાડી મૂકવામાં આવશે !'' હઝરતે ફર્માવ્યું, ''મોલ્વી સાહબ ! મારી ઈલ્મી દલીલો સામે લાચાર બનીને તમે ફુઝૂલ બકવાસ શરૂ કરી આપી. સાભળો ! મેં કૂતરુ મજાઝીના અર્થમાં કહ્યું છે. કૂતરાનો મજાઝી અર્થ છે : ''માલિકનો વફાદાર ગુલામ જે એના દુશ્મનો પર હુમ્લો કરે અને તેના ચાહકોને દુશ્મનોથી બચાવે.'' પણ તમોને દરેક જગાએ હકીકી અર્થ જ મુરાદ લેવાનો શોખ છે, તો સાંભળો ! તમે લોકો મુર્તઝા હસન દરભંગીને 'શેરે ખુદા' કહો છો અને તમે સંભલીની રિપોર્ટમાં ખૂદ 'શેરે નેસ્તાં' લખ્યું છે, તો શું તમે બંનેવ સિંહોની જેમ ચારેવ હાથો પગોથી ચાલ્યા કરો છો ? શું તમે તમે લોકો હમેશાં જન્મજાત નગ્ન રહો છો ? શું ઝાડીઓમાં વસવાટ કરો છો ? અને શું પૂછડીવાળા સિંહ છો કે વિના પૂછડીના બુટ્ટા ?! સિંહનાં બચ્ચાં વિના નિકાહે પેદા થાય છે તો શું તમે લોકો પણ તમારી પત્નીઓને વિના નિકાહે રાખેલી છે ? શેર (સિંહ)નાં માતા પિતાના પણ આપસમાં નિકાહ નથી હોતા, તો શું તમારા બંનેનાં માં બાપો પણ એ જ પ્રમાણેનાં હતાં ? સાંભળો ! તમારા પેશવા મોલ્વી કાસિમ નાનોત્વી 'કસાઈદે કાસમી' પેજ–૯ ઉપર લખે છે :–

***ઉમ્મીદેં લાખોં હૈં લેકિન બળી ઉમ્મીદ હૈ યહ***
***કે હો સગાને મદીનામેં મેરા નામ શુમાર !***
(સગાને = કૂતરાઓ)

કહો ! નાનોત્વી મહાશયે પોતે પોતાને બારગાહે રિસાલતનો ''કૂતરો'' કહ્યો કે નહીં ? પછી તેમને બારગાહે રિસાલતથી બેઈજ્જતી સાથે હાંકી કઢાયા કે નહીં ?!

### ★ ''ઐસા'' શબ્દ પર ચર્ચા ★

દેવબંદી મોલ્વી અશરફઅલી થાનવીએ નબી પાક ﷺની ગુસ્તાખી કરતાં 'હિફઝુલ ઈમાન'માં જે લખ્યું છે કે, ''જો અમુક ઈલ્મે ગયબ મુરાદ છે તો એમાં હુઝૂરની શું વિશિષ્ટતા છે ?! **એવો (ઐસા) ઈલ્મે ગયબ** તો તમામ **બાળકો** તથા **પાગલો** બલ્કે સર્વ **જાનવરો** તથા **ચોપગાંઓને** પણ ઉપલબ્ધ છે.'' તો આ કુફ્રી લખાણ બાબતે મોલ્વી મુહમ્મદ હુસૈન દેવબંદી સાથે રાંદેરમાં મુનાઝરો થઈ રહ્યો હતો. મોલ્વી મુહમ્મદ હુસૈન દેવબંદીએ કહ્યું, ''મૌલાના ''ઐસા'' (એવો) શબ્દ હમેશાં સરખામણી માટે જ નથી આવતો, અને જો સરખામણી માટે પણ હોય તો ''મિન્ કુલ્લિલ્ વજૂહ'' (દરેકે દરેક રીતની સરખામણી) નથી બલ્કે ''મિન્ બઅદિલ્ વજૂહ'' (અમુક અમુક ભાગની સરખામણી) થશે.

હઝરત શેર બે શએ અહલે સુન્નતે ફર્માવ્યું, ''મોલ્વી સાહબ ! જો હું કહું કે તમારા ચહેરાની શું વિશિષ્ટતા?! એવો (ઐસા) ચહેરો તો ગધેડાનો પણ છે, આપના નાકની શું વિશિષ્ટતા ?! એવું નાક તો સુવ્વરનું પણ છે, તો તમે બુરુ ન માનશો ! કેમ કે તમારા કથનાનુસાર ''ઐસા'' (એવો) શબ્દ સરખામણી માટે જ નથી હોતો, અને જો સરખામણી જ હોય તો મિન્ કુલ્લિલ્ વજૂહ (દરેકે દરેક રીતની સરખામણી) નથી, બલ્કે ''મિન બઅદિલ્ વજૂહ'' (અમુક અમુક ભાગની સરખામણી) થશે. સુવ્વર, કૂતરા, ગધેડાનું નાક ગોશ્ત તથા ચામડીનું બનેલ છે અને તમારૂં નાક પણ એનાથી વધુ પેજ નં. ૧૩...પર

આપણા ધાર્મિક શિક્ષણ કેન્દ્રો અને અર્વાચીન શિક્ષણ વિશે ચર્ચા

# મદ્રસાના જ વિદ્યાર્થીઓની જગતને આટલી લાગણી શા માટે ?!

...રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા –માસિક)*

*મદ્રસાઓનું શું મહત્વ છે એને સમજવા માટે રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ ની એક વાત ધ્યાનથી વાંચશો : કૌમ તથા સુન્નિયતનું દર્દ લઈ જીવનભર તેમની ભલાઈ માટે તનતોડ કોશિશ કરનાર વીસમી સદીના મશહૂર આલિમે દીન, મુનાઝિરે અહલે સુન્નત, રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ (ઈ.સ. ૧૯૨૫–૨૦૦૨)એ હોલેન્ડમાં એક દીની ઈદારો જામિઆ મદીનતુલ ઈસ્લામ નામે સ્થાપ્યો તેના ઉદ્દ્‌ઘાટન પ્રસંગે કહ્યું કે, ''સ્પેન જે આપણી પડોશનો દેશ છે ત્યાં ૮૦૦ વરસો સુધી આપણી (મુસ્લિમ) હુકૂમત રહી. ત્યાં જ્યારે ક્રાંતિ બાદ નવી હુકૂમતે મુસલમાનોને નાબૂદ કરવા ચાહ્યું તો તેમણે કેવળ એટલું કર્યું કે આખા દેશમાં દીની તા'લીમની પ્રાપ્તિના દરવાજાઓને તાળાં લગાડી દીધાં. દર્સગાહોથી મુસ્લિમ સમાજના સંબંધો તૂટી ગયા, પછી એક સદી પણ પસાર થઈ ન હતી કે દેશમાંથી મુસલમાનોનું નામ નિશાન નષ્ટ થઈ ગયું. આજે પણ ત્યાંની મસ્જિદોના બુલંદ મીનારાઓ મૌજૂદ છે જે આપણી મહાન અઝમતના વહી જવાનું એલાન કરી રહેલ છે. આજે પણ ત્યાં ખાનકાહોની ખંડેર ઈમારતો ઉભેલી છે જે લોકોને આપણા રૂહાની ઉમંગોની દાસ્તાન સંભળાવી રહેલ છે. પરંતુ કેવળ એક દીની તા'લીમ કેન્દ્ર ઉજડી જવાથી પૂરો દેશ મુસલમાનોથી ખાલી થઈ ગયો.'' (જામે નૂર, સપ્ટે. ૦૮) સમજદારો માટે આટલુ લખાણ કાફી છે.*

*ઈતિહાસની રોશનીમાં આપે જાણી લીધું કે દીની મદ્રસા સલામત રહેશે તો મુસ્લિમ કૌમ ઝિંદા તથા સલામત રહેશે, એટલે જ આપણા પૂર્વજ બુઝુર્ગો તથા ઉલમાએ મદ્રસાની જાળ હિંદુસ્તાનભરમાં ફેલાવી રાખી છે અને તેમાં ઉમેરો થતો જ ગયો છે. યૂરોપ તથા અમેરિકીઓએ મદ્રસાની વ્યવસ્થાને વેરવિખેર કરવા ખૂબ પ્રયાસો કર્યા, હિંદમાં પણ મદ્રસાઓને ત્રાસવાદ તથા આતંકવાદના અડ્ડા દર્શાવી કૌમવાદી કટ્ટરવાદી ગૈર મુસ્લિમ સંસ્થાઓએ મદ્રસાઓને ત્રાસવાદ સાથે સાંકળવા કોશિશો કરી પણ વરસોના હોબાળા પછી પણ એ સાબિત ન થઈ શક્યું અને હિંદમાં મદ્રસાની કાર્યવાહી પવિત્ર નેક ઈન્સાન બનાવવાની છે જે માનવ સમાજમાં અમ્નો શાંતિ રચી શકે એ પુરવાર થઈ ગયું. તેમ છતાં અવનવા રૂપમાં મદ્રસાઓની વ્યવસ્થામાં કોઈના બહારના ઈશારે પણ ગેર માર્ગે દોરાયને આપણા ત્યાંની હુકૂમત પણ કાંઈ ન કાંઈ ચંચૂપાત કરતી રહે છે,* **મદ્રસાના કોર્સને આધુનિક શિક્ષણમાં ભેળવવાના પ્રયાસો** *થાય છે તો ક્યાંક હાલમાં જ* **'કેન્દ્રિય મદ્રસા બોર્ડ' બનાવવાની તજવીઝો** *ચાલી રહી છે. એવા સમયે મદ્રસાની કાર્યવાહી શું છે ? અને કોઈની પણ દખલથી એમાં શું નુકસાનો થઈ શકે છે, તેની વિગતે ચર્ચા (અશરફિયા મંથલી, સપ્ટે–૦૭માંથી) અત્રે રજૂ કરીએ છીએ, જેને વાંચશો અને મદ્રસા મુસ્લિમોના માટે શું મહત્વ ધરાવે છે તેને સમજી તેને સદાય સપોર્ટ કરતા રહેશો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

આજે આખા જગતનાં ધાર્મિક શિક્ષણ કેન્દ્રો યૂરોપ તથા અમેરિકાની નજરમાં કાંટા જેમ ખટકી રહ્યાં છે અને સતત એ વાત પર ભાર મૂકવામાં આવી રહ્યો છે કે ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરનારાઓએ અર્વાચીન શિક્ષણ પ્રાપ્ત કરવું જરૂરી છે. તેઓના કહેવાનો આશય એ દર્શાવાય છે કે જો ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરનારા અર્વાચીન શિક્ષણ હાંસલ નહીં કરે તો તેઓ જીવનની દોડમાં ઘણા પાછળ રહી જશે ! એટલે કે

સુખ ચૈનવાળી જિંદગી તથા આરામદાયક સગવડો પામવા માટે આધુનિક શિક્ષણ જ એક ઝરીયો છે. કેવળ ધાર્મિક શિક્ષણથી સજ્જ થઈને માણસ નકામો બની જશે. હું સૌ પ્રથમ તો યૂરોપ, અમેરિકા અને હિંદુસ્તાનના બની બેઠેલા બુદ્ધિજીવીઓની પ્રેમાળ નસીહતનું વિશ્લેષણ કરવા ચાહું છું.

## ભૂતકાળમાં કોણે તકાઝા પૂરા કર્યા ?

અમને એ વાત સાથે સો ટકા મતભેદ છે કે : "જો કેવળ ધાર્મિક શિક્ષણથી સજ્જ રહેશે તો વર્તમાનકાળ ના તકાઝાઓને પૂર્ણ કરી શક્શે નહીં." અને એ વાતથી પણ અમારે સખત મતભેદ છે કે : "તે વ્યક્તિ જે કેવળ ધાર્મિક જ્ઞાનનો નિષ્ણાત છે તે દુનિયવી એ'તબારથી સફળ જીવન નથી જીવી શકતો."

ઈતિહાસ આપણને અસંખ્ય વ્યક્તિઓની મુલાકાત કરાવે છે જેઓ કેવળ અને કેવળ ધાર્મિક શિક્ષણથી સજ્જ હતા પણ તેમણે પોતાના દૌરમાં તક઼ાઝાઓને પૂર્ણ કરવામાં પોતાના સમયના આધુનિક શિક્ષણના દીવાનાઓને ખૂબ જ પાછળ પાડી દીધા. નહીં તો જાવ અને જોઈ લો કે હિંદુસ્તાનની જંગે આઝાદીની ચળવળનો પ્રારંભ ઈ.સ. ૧૮૫૭થી કાંઈક પહેલાંથી થઈ ચૂક્યો હતો જે મહાન જંગના પરિણામે આપણને ઈ.સ. ૧૯૪૭માં આઝાદીની દૌલત મળી, તો આ જંગ કોણ લડયું ? એનું રણશિંગુ કોણે ફૂંક્યું ? એમાં ન તો કોઈ અંગ્રેજીનો નિષ્ણાત હતો ન કોઈ વૈજ્ઞાનિક ! આખી જંગ તે સમયના ઉલમાની આગેવાનીમાં લડવામાં આવી અને આધુનિક શિક્ષણથી દૂર રહેનાર ઉલમાએ સમયની માંગોને પૂર્ણ કરી છે. શું એ જોઈને દુનિયા આશ્ચર્ય નહીં પામે કે એ જંગમાં એક પણ આધુનિક શિક્ષણનો નિષ્ણાત સામેલ ન હતો કે જે આગળ વધે અને ફાંસીના માંચડે ચઢે ! એ તો ધાર્મિક પેશવાઓ અને આધુનિક શિક્ષણથી અજાણ લોકો હતા. એટલા માટે એવું કહેવું કે જો આ ઉલમા આધુનિક શિક્ષણથી અજ્ઞાન રહેશે તો સંજોગોની માંગને પૂર્ણ નહીં કરી શકે એ સ્પષ્ટપણે તદન ગલત અને વાસ્તવિક્તાની વિરુદ્ધ છે.

રહ્યો રોજી રોટીનો મામલો તો તમે જાતે જ અનુભવ તથા નિરીક્ષણ કરી લો, જિંદગીની જે સગવડો ધાર્મિક શિક્ષણના નિષ્ણાતોને ઉપલબ્ધ છે અને તેઓ જે રીતે સંતોષપૂર્વક જીવન ગુજારી રહ્યા છે તેને આધુનિક શિક્ષણથી સજ્જ લોકો સ્વપ્નમાં પણ નથી હાંસલ કરી શકતા.

## ૪%ની ચિંતા જરૂરી છે કે ૯૬%ની ?!

**હિંદુસ્તાનમાં ધાર્મિક શિક્ષણ હાંસલ કરનારાઓની સંખ્યા સરકારી આંકડા મુજબ ૪% છે, બાકીના ૯૬% મુસ્લિમ વર્ગ આધુનિક શિક્ષણના કેન્દ્રોમાં છે.** આપણા શુભેચ્છકોને ૯૬% મુસ્લિમ વર્ગની કોઈ ફિકર નથી કે તેઓ ડિગ્રીઓ લઈને કઈ રીતે દર દર માર્યા માર્યા ફરી રહ્યા છે ! તેમને નોકરીઓ નથી મળી રહી અને તેઓ રોજીની તલાશમાં દેશ વિદેશની સફરો કરવા મજબૂર બની રહ્યા છે. **હા ! ચિંતાનું પ્રદર્શન કરવામાં આવે છે તો કેવળ દીની શિક્ષણ કેન્દ્રો (મદ્રસાઓ)માં પ્રવેશ મેળવનારા મુસ્લિમ વિદ્યાર્થીઓના બારામાં જ !** જ્યારે કે આ વર્ગ (દીની વિદ્યાર્થીઓ) પોતાની ડિગ્રી (સનદ) મેળવ્યા પછી ન તો ગવર્નમેન્ટથી કોઈ માંગણી કરે છે ન તો પોતાની માંગણીઓ સંતોષવા માટે હડતાલ પાડી રાષ્ટ્રીય સંપત્તિને બર્બાદ કરવાનો પ્રોગ્રામ કરે છે, છતાં આ લોકો આ વર્ગના બારામાં વારંવાર નસીહત કરતા શાથી જોવા મળે છે ?!

## દુનિયામાં ક્રાંતિના સર્જકો કોણ હતા ?

એના અનુસંધાનમાં આપણે પ્રથમ દુનિયામાં ઉદ્‌ભવ પામનાર ક્રાંતિઓનું ઉપર ઉપરથી નિરીક્ષણ કરવું પડશે અને આ નવા હમદર્દોની પર્દા પાછળ શું ખ્વાહિશ છે તેને સમજવી પડશે, તેમને કઈ વાતની ચિંતા છે એ જાણવું પડશે.

નજીકના ભૂતકાળમાં એક ક્રાંતિ અરબસ્તાનમાં આવી જેના પરિણામે અરબ દ્વિપથી તુર્કીઓની સત્તા (ઉષ્માની તુર્કી સુન્ની હુકૂમત)નો ખાત્મો થઈ ગયો અને ત્યાં આલે સઊદ અને આલે શયખ (મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ નજદી)ની સંયુક્ત સત્તા

સ્થાપિત થઈ. આ ક્રાંતિ એ જ લોકો થકી થઈ જેઓ મઝહબી માર્ગદશનના દાવેદાર હતા અને ધર્મનો જ સહારો લઈને તેમણે ક્રાંતિ સર્જી. દિલચસ્પ વાતો એ છે કે યૂરોપ એ ધાર્મિક કહેવાતા લોકોનું ખૂબ જ હમદર્દ તથા સપોર્ટર હતું અને આજે પણ **યૂરોપ તથા અમેરિકા તેમની 'સરમુખ્તયારશાહી' સત્તાની સપોર્ટર છે !** આ યૂરોપી અમેરિકી બેશરમ પ્રપંચીઓ લોકશાહીના નામે ક્યાંક લશ્કરી હુમ્લા કરે છે અને જો ક્યાંક લોકશાહી વિરુદ્ધ લડનારા તેમના ચમચા હોય તો યૂરોપ તથા અમેરિકા તેમને ટેકો આપવામાં જરાય શરમાતા નથી !

લીબિયામાં એક ક્રાંતિ સર્જાઈ અને ફ્રાંસના જુલ્મી શાસનનો ત્યાંથી ખાત્મો થઈ ગયો. આ ક્રાંતિ એક ધાર્મિક માર્ગદર્શક શાહ ઈદરીસ સૈનૂસીએ ખડી કરી અને ત્યાંથી ફ્રાંસ જેવી મજબૂત ગવર્નમેન્ટે ભાગવાનો માર્ગ અપનાવવો પડયો. આ ક્રાંતિની સર્જક પણ એક ધાર્મિક હસ્તી જ રહી.

હમણા થોડા વરસો પહેલાં ઈરાની ક્રાંતિનો મન્ઝર દુનિયાએ જોયો. એ ક્રાંતિના પરિણામે ઈરાનથી રઝા શાહ પહેલવીએ શાહી તખ્ત છોડીને નાસવું પડયું ! જોઈ લો ! એ ક્રાંતિનો સર્જક અન્ય કોઈ નહીં બલ્કે એક ધર્મગુરૂ જેમને આયતુલ્લાહ ઓમૈનીના નામથી ઓળખવામાં આવે છે, જેમણે પોતાના શાગિર્દો થકી ક્રાંતિ સર્જીને રાજાશાહીનો ખાત્મો કરીને 'પોતાના રીતની કહેવાતી ઈસ્લામી' લોકશાહી સ્થાપિત કરી દીધી. સારાંશ કે આ ક્રાંતિ પણ એક ધર્મ વડાના થકી ખડી થઈ.

અફઘાનિસ્તાનમાં રશિયાની દખલગીરી પછી જે વર્ગ માથે કફન બાંધી એ હડપખોર કૌમની સામે આવ્યો તે કોઈ અન્ય નહીં બલ્કે તાલિબાનનો તબકો હતો જેમણે પોતાની પ્રતિકાર શક્તિ વડે અડગતાપૂર્વક ટક્કર લઈને રશિયા જેવી હુકૂમતના ટુકડા ટુકડા વેરી નાખ્યા અને અફઘાનમાં રશિયાની સત્તાને બદલે તાલિબાનની સત્તા સ્થાપિત થઈ. (પછી જે થયું તે થયું) પણ આ ક્રાંતિ પણ ધાર્મિક વડાઓ થકી જ થઈ.

## મઝહબી શિક્ષણ નાબૂદ કરવાનું ષડયંત્ર

યૂરોપના બુદ્ધિજીવીઓ અને ઈસાઈ રાજકર્તાઓ ક્રાંતિઓના **આ સતત ક્રમમાં દરેક ક્રાંતિની પાછળ ધાર્મિક પેશવાના માર્ગદર્શનને કાર્યરત જુએ છે તો તેઓ ધાર્મિક વર્ગથી કાંપી ઉઠે છે અને તેમના પર એક અજાણ્યો ભય છવાય જાય છે, તેઓ પોતાના માટે ધાર્મિક ગૃપો અને ધાર્મિક વિદ્યા કેન્દ્રોને (મદ્રસાઓને) મૌતનો ફરિશ્તો સમજવા લાગે છે !** એ લોકો દિમાગ લગાડીને આ સમસ્યા પર વિચારણા કરતા રહ્યા, એમની સમજમાં એનો અન્ય કોઈ ઈલાજ નજરમાં ન આવ્યો, કેમ કે તેઓ ડાયરેક્ટ એ ધાર્મિક શિક્ષણ કેન્દ્રોને બંધ કરવાનો હુકમ તો આપી જ નથી શક્તા અને જ્યાં તેમની સત્તા છે ત્યાં પણ તેઓ ધાર્મિક શિક્ષણ કેન્દ્રોને બંધ કરવાની હિંમત નથી કરી શકતા, એટલા માટે તેમણે ખૂબ જ વિચાર વિમર્શ પછી નુસ્ખો રજૂ કર્યો છે કે ધાર્મિક શિક્ષણ કેન્દ્રો (મદ્રસા) અને તેમાં પેદા થનારા લોકોની વિરુદ્ધ કાંઈ ન કાંઈ હમદર્દીના ઓઠા હેઠળ હળાહળ ઝહેર આપી દેવામાં આવે અને તે એ છે કે **આધુનિક શિક્ષણના નામ પર મદ્રસાઓને દરેક પ્રકારની સહાયતા કરીને તેમને કામિલ (સંપૂર્ણ) મહઝબી શિક્ષણથી દૂર કરી દેવામાં આવે,** જેનો અનુભવ યૂરોપ તથા અમેરિકાના બુદ્ધિજીવીઓ તથા રાજકર્તાઓ પૂરી દુનિયામાં કરી રહ્યા છે. પરંતુ તેમને એ રીતે નિષ્ફળ તાનું મોઢુ ભાળવું પડશે જે રીતે આજથી પહેલાં તેમનાં સર્વ ષડયંત્રો નિષ્ફળ થતાં રહ્યા છે. આધુનિક શિક્ષણનો લોલીપોપ આપણી હમદર્દીમાં નથી બલ્કે દુશ્મનીમાં રજૂ કરવામાં આવી રહ્યો છે, એટલા માટે મુસલમાનોએ એનાથી સાવધાન રહેવું જોઈએ.

હવે થોડીક ચર્ચા મઝહબી શિક્ષણ કેન્દ્રો (મદ્રસાઓ)ના કોર્સ તથા આધુનિક એજ્યુકેશનના સંબંધે કરી લેવામાં આવે. પૂરાણા યુગથી અખંડ ભારતમાં "દર્સે નિઝામી"નો નિસાબ (કોર્સ) ચાલે છે, જો કે તેમાં સમયાનુસાર ફેરફાર થતો રહે છે

છતાં સર્વ રીતે કોર્સના તે સર્વ વિષયો જે પ્રારંભમાં પઢાવવામાં આવતા હતા તે આજ સુધી યથાવત છે જેને ત્રણ ભાગોમાં વહેંચી શકાય છે :–

**(૧)** કેવળ દીનીયાત (દીની સંબંધી) જેમાં અક઼ીદા, તફસીર, હદીષ તથા ફિક઼્હ આવે છે. **(૨)** આ દીની વિદ્યાઓ (ઈલ્મો)ની પ્રાપ્તિના માટે સહાયક વિષયો જેમાં નહ્‌વ, સરફ, ઈન્શાઅ્ વગેરે સામેલ છે. **(૩)** ઈસ્લામ અને દીનીયાતની બૌદ્ધિક સાબિતીઓના માટે મન્તિક તથા ફિલોસોફી (તત્વ ચિંતન) પૂરાણી તથા અર્વાચીન.

નિઃશંક ! પ્રથમ બંને વિષયો આજે પણ દીનીયાત (દીની જ્ઞાન)માં નિષ્ણાત બનાવવાના માટે અનિવાર્યપણે જરૂરી છે. અલ્બત્ત, મન્તિક તથા ફિલોસોફીનું જ્ઞાન તે ગલત માન્યતાઓને ગલત ઠરાવવાના માટે આપવામાં આવતુ હતું જે યુનાની ફિલોસોફરોની થકી ઈસ્લામી જગતમાં પહોંચી હતી. હવે યુનાની ફિલોસોફી અર્વાચીન વિજ્ઞાન થકી પોતે જ મૌતને ઘાટ ઉતરી ચૂકી છે, હવે આપણે તેને ગલત ઠરાવવા માટે દિમાગ બગાડવાની કોઈ જરૂરત નથી, અલ્બત્ત મઅકૂલાત (ઈલ્મ તથા હિકમત તથા ફિલોસોફી)માં મન્તિક થકી જે દલીલ પદ્ધતિ અપનાવવામાં આવતી હતી તેનું આજે પણ એટલું જ મહત્વ છે જેટલું પહેલાં હતું એટલા માટે એને બાકી રાખવું જરૂરી છે.

## એક મ્યાનમાં બે તલવાર રહી શકે ?

હવે આજે સમજ ધરાવનારાઓ અને જે લોકો દર્સો તદરીસ (દીની શિક્ષણ પદ્ધતિ)ની જાણકારી ધરાવે છે તેઓ સારી રીતે એ વાત સમજી શકે છે કે આટલો જબરદસ્ત કોર્સ પઢવાવાળા વિદ્યાર્થી અધિક અર્વાચીન વિદ્યાઓનો બોજ કઈ રીતે સહન કરી શકે છે ? શિક્ષણના નિષ્ણાતોનું મંતવ્ય જો તમારી દષ્ટિમાં કોઈ મહત્વ ધરાવે છે તો તેનો અભ્યાસ કરો, સ્પષ્ટ પયગામ મળી જશે કે કોઈ વિદ્યાર્થી એક જ સમયે બે સમકક્ષ કોર્સનો બોજ સહન કરી શકશે નહીં, અને એ ગલત ચલણનું પરિણામ એ આવશે કે વિદ્યાર્થી બંને કોર્સો (દીની તથા અર્વાચીન દુનિયવી)માંથી કોઈનામાં પણ નિપૂણતા ન પામતાં જાહિલ (અજ્ઞાની) થઈ જશે. સાચે જ કોઈકે કહ્યું છે કે એક મ્યાનમાં બે તલ્વાર રહી શકતી નથી.

અર્વાચીન એજ્યુકેશનના વકીલો મોટાભાગે એવું કહેતા જોવા મળે છે કે અંગ્રેજી ભાષા આજે એક ઈન્ટરનેશનલ ભાષા છે અને અંગ્રેજી શિખ્યા વિના આપણે દુનિયાને પયગામ પહોંચાડી શકીશું નહીં. તેમની આ સાદગી પર કોણ ન કુર્બાન જાય ! અરે ! નાદાન ! અંગ્રેજી ભાષા કોઈ કોર્સ નથી, બલ્કે એક ભાષા છે, અને વિશ્વકક્ષાએ આપણી વાત પહોંચાડવા માટે અંગ્રેજી જાણવું જરૂરી છે તો **દર્સે નિઝામીની પૂર્ણતા પછી અરબી ભાષામાં નિપૂણતા પામ્યા પછી કેવળ અંગ્રેજી ભાષા બે વરસમાં સારી રીતે શીખી શકાય છે. બે વરસની અંદર તમે આ આંતરરાષ્ટ્રીય ભાષામાં ઈચ્છા ધરાવનારાને નિષ્ણાત બનાવી દો.** આ ભાષા અર્વાચીન વિદ્યાના વિર્તુળમાં ક્યાં આવે છે ?!

જ્યારે કે આ વિષય પર બારીક દષ્ટિથી જોવામાં આવે તો દુનિયામાં અસંખ્ય મહાન વૈજ્ઞાનિકો અને અર્વાચીન વિદ્યાના એવા નિષ્ણાતો મળશે જેઓ અંગ્રેજી ભાષાથી નાવાકેફ અને પોતાની માતૃભાષાના થકી આ એજ્યુકેશનના મર્તબાએ પહોંચ્યા છે. ઈચ્છા હોય તો ચીન, રૂસ, જાપાનના આધુનિક વિદ્યાઓના નિષ્ણાતોની યાદી અને તેમનાં કારનામાંઓ વાંચી લો અને એ જાણી લો કે તેઓ સૌ અંગ્રેજી ભાષાથી અજ્ઞાન હતા.

ચર્ચાનો સાર એ છે કે અરબી મદ્રસાઓમાં અર્વાચીન વર્તમાન શિક્ષણનો રિવાજ દીની તા'લીમને સખ્ત નુકસાન પહોંચાડનાર છે અને **આજે જ્યારે કેવળ ૪% મુસ્લિમ વિદ્યાર્થી દીની શિક્ષણ હાંસલ કરી રહ્યા છે** અને **૯૬% ઈસ્લામની નવી પેઢીવાળાઓ યુનિવર્સિટીઓ તથા કોલેજા તેમજ સ્કૂલોમાં છે**, તો તમે **એ ૯૬%ની ફિકર ચિંતા કરો**, અને અમારા અરબી મદ્રસાઓને એના હાલ પર છોડી દો.

મદ્રસાઓના જિમ્મેદારો વર્તમાનકાળની ઝાકઝમાળ તથા ચમક દમકથી અંજાય ન જાય અને પોતાના દીની શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને દીનીયાત (દીની શિક્ષણ)માં કાબેલિયતવાળા તથા નિષ્ણાત બનાવે.

આ અર્વાચીન બુદ્ધિજીવીઓ એટલી વાત પણ નથી સમજી શક્તા કે એક વિદ્યાર્થી જે M.B.B.S. કરી રહ્યો છે તેને જો એ વાત પર મજબૂર કરવામાં આવે કે તે આ કોર્સની સાથે ઍંજિનિયરિંગનો કોર્સ પણ પૂર્ણ કરે, તો તે એકદમ બર્બાદ થઈને રહી જશે. એક વિદ્યાથી જે ઍંજિનિયરિંગનો કોર્સ કરી રહ્યો છે તેને જો એ વાતનો પાબંદ કરવામાં આવે કે તે એની સાથે સાથે L.L.B.નો કોર્સ પણ સંપૂર્ણ કરે, તો ન તે ઍંજિનયર બની શક્શે ન વકીલ !

આ નામ માત્રના સલાહકારોની નિય્યત ખરાબ છે, તેઓ કેવળ અને કેવળ એવું ચાહે છે કે મુસલમાન બાળકો, યુવાનો કુર્આન હદીષના ઊંડાણ સુધી ન પહોંચે અને લાઈલાહ ઈલ્લલ્લાહની હક઼ીક઼તથી કોરા તથા અજ્ઞાત રહી જાય. આ શયતાની ઈચ્છાની પરિપૂર્ણતા માટે આધુનિક એજ્યુકેશનનો મમરો મૂકવામાં આવી રહ્યો છે અને આપણી અંદરના જે લોકો ખૂદ બેઈલ્મ નાસમજ અને દીને હનીફથી નાવકેફ છે અને તેમને પોતાને દુનિયાદારીના માટે કોઈ સંસ્થાની જિમ્મેદારી મળી ગઈ છે તે જ લોકો આ નવા શિકારીઓની જાળમાં ફસાતા દેખાઈ રહ્યા છે. એવા લોકોને હું અદબની સાથે એ જ અર્ઝ કરીશ કે તમે વર્તમાનકાળના હમ્ફ્રે તથા લોર્ડ મેકારન્સ (અંગ્રેજ જાસૂસો)ની જાળમાં ન ફસાતાં પોતાને સમયના શૈતાનોથી બચાવો. એવા લોકોની સમજને લક્ષમાં રાખીને અંતમાં હું એક ખૂબ જ સ્પષ્ટ ઉદાહરણ રજૂ કરવા ચાહું છું.

અરબી મદ્રસાઓમાં મોલ્વી, આલિમ, ફાઝિલના નિસાબ (કોર્સ) ઉપરાંત હિફ્ઝ તથા ક઼િરાઅતનો કોર્સ પણ પઢાવવામાં આવે છે. અને કોઈ મદ્રસામાં પ્રથમ જણાવેલ નિસાબ (કોર્સ)ની સાથે હિફ્ઝ તથા ક઼િરાઅતનો નિસાબ નથી પઢાવવામાં આવતો બલ્કે બંને નિસાબના માટે અલગ અલગ વરસ હોય છે. ત્રણ વરસમાં હિફ્ઝ સંપૂર્ણ કર્યા બાદ મોલ્વી પછી આલિમ પછી ફાઝિલનો નિસાબ પઢાવવામાં આવે છે. જ્યારે હિફ્ઝ તથા આલમિયતનો કોર્સ એક સાથે નથી ચાલી શકતો તો પછી પૂરા દર્સે નિઝામિયાની સાથે આધુનિક શિક્ષણનો કોર્સ કઈ રીતે ચાલશે ? ક્યાં તો ખૂદ ગલત સોચને સમજી નથી શકતા અથવા સ્થિતિ ક્યાં તો એ છે કે :–

*હૈં ક્વાકિબ કુછ નઝર આતે હૈં કુછ*
*દેતે હૈં ધોકા કે યે બાઝીગર ખુલા*

શું તેઓ એવું નથી જાણતા કે વર્તમાન કોર્સ જે અરબી મદ્રસાઓમાં ચાલે છે ખૂબ જ મહત્વનો તથા દિમાગની સર્વ શક્તિઓને કામે લગાડયા પછી વિદ્યાર્થીના દિમાગમાં ઉતરે છે, જેની મૌજૂદગીમાં તા'લીમ દરમ્યાન એક દિવસ પણ બીજા કામમાં નથી લગાડી શકતો. આ કોર્સ થકી અરબી ભાષા, કુર્આન અને તેની તફસીરો, હદીષો અને તેની લાખો રિવાયતની સ્થિતિઓ, તૌહીદ તથા રિસાલત, માનવ જીવનનાં સર્વ પાસાંઓ પર સંપૂર્ણ ચર્ચા પછી એ સાબિત કરવાનું હોય કે સર્વ જગતના માનવો માટે કુર્આન તથા હદીષે જે હુકમ આપ્યો છે એમાં માનવતાની ભલાઈ છે, બાકી સર્વ દાવાઓ ગલત છે. આટલી મહત્વની વાતને પઢનાર જો આ વ્યસ્તતામાં કે જ્યારે તે આ ચર્ચાઓથી પસાર થઈ રહ્યો છે, તે દરમ્યાન તેને જો લુહાર અને સુથાર બનાવવાની કોશિશ કરવામાં આવી તો તે ન તો આલિમ બની શક્શે ન તો સારો લુહાર કે સુથાર બની શક્શે.

ગવર્નમેન્ટના કર્તાહર્તાઓને વિનંતિ છે કે **દીની મદ્રસાઓમાં તા'લીમ હેઠળ ૪% વિદ્યાર્થીઓને તેમના હાલ પર છોડી આપે,** અને બાકીના ૯૬% **મુસ્લિમ વિદ્યાર્થીઓ** જેઓ કોલેજો વગેરેમાં છે, તેઓ તમારા ગોદમાં જ છે **તેમને એ લાઈનમાં આગળ વધવાનો મોક઼ો આપે** તો મુસ્લિમોની લાગણી રાખી ગણાશે. *(અશ્રફિયા–મુબારકપુર, સપ્ટે.–૨૦૦૭, અઝ : મૌલાના મુહમ્મદ ઈદરીસ મિસ્બાહી)*



બઝ્મે અવલિયા

# કુત્બે ગુજરાત સૈયદના શાહ વજીહુદ્દીન હુસૈની અલ્વી رحمۃ اللہ علیہ

રજૂકર્તા : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી – દયાદરા)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

''અલ્લાહ તઆલા દરેક સો વરસે એક મુજદ્દિદ પૈદા ફર્માવશે જે તે સદીમાં દીનની તજદીદ (જીવંત) કરશે.'' *(હવાલો : અબૂ દાઊદ શરીફ)* આ હદીષ શરીફ શૈખે મક્કા મુકર્રમા હઝરત સૈયદના શૈખ અલી મુત્તક઼ી رحمۃ اللہ علیہ હદીષ શરીફનો દર્સ પોતાના શાગિર્દો (શિષ્યો)ને પઢાવી રહ્યા હતા એવામાં અચાનક એક તાલિબે ઈલ્મે આપની બારગાહમાં સવાલ કર્યો કે, હુઝૂર ! આ સદીનો મુજદ્દિદ કોણ છે ? અને આ સદ્‌ભાગ્ય કયા બંદાને પ્રાપ્ત છે ? હઝરત શૈખ અલી મુત્તક઼ી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે કે હે મારા પ્યારા બેટા ! ઈન્શાઅલ્લાહ ! એનો જવાબ કાલે આપીશ. દર્સગાહથી ફારિગ થઈ રાત્રે તહજ્જુદ માટે બારગાહે ઈલાહીમાં હાજર થાય છે. નમાઝે તહજ્જુદ પઢયા પછી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمના દરે મુક઼દ્દસ તરફ ધ્યાન કેન્દ્રિત કરી અર્ઝ કરે છે કે યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم મારા હદીષ શરીફના દર્સના એક તાલિબે ઈલ્મે મને સવાલ કર્યો છે કે આ સદીના મુજદ્દિદ કોણ છે ? સરકાર صلی اللہ علیہ وسلم આ પ્રશ્ન મારા વિશે ઘણો મોટો પ્રશ્ન છે, મારી મદદ ફર્માવો અને એ બાબત મને આગાહ ફર્માવો કે આ યુગમાં મુજદ્દિદિયતનો તાજ કયા મુબારક માથા પર રાખવામાં આવ્યો છે ? અને તે કોણ નેક બખ્ત છે જેને આ અઝીમ શર્ફ અતા કરવામાં આવ્યો છે ? આ અરજ પર હુઝૂર صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે કે ''આ સદીના મુજદ્દિદ વજીહુદ્દીન ઈબ્ને નસ્રુલ્લાહ છે.''

કુદવતુલ વાસિલીન, ઝુબ્દતુલ કામિલીન, હુજજતુલ્લાહિ અલ્‌લ અદ્, બુરહાનુલ અતક઼િયા, મુજદ્દિદે મિઅતે આશેરા, વજીહુલ હક્ક઼ વલ્‌મિલ્લત વ દીન, સરકાર સૈયદના મુર્શિદુના વજીહુદ્દીન હુસૈની અલ્વી رحمۃ اللہ علیہ ૨૨ મુહર્રમુલ હરામ ૯૧૦ હિજરી અહમદાબાદમાં પૈદા થયા. આપના વાલિદ સરકાર સૈયદના ક઼ાઝી સૈયદ શાહ નસરુલ્લાહ હુસૈની رحمۃ اللہ علیہ ઉચ્ચ કક્ષાના સાહિબે શરીઅત અને તરીક઼ત, આરિફ બિલ્લાહ મર્દે હક્ક઼ આગાહ વલીયુલ્લાહ હતા. આપના દાદા હઝરત સૈયદના બહાઉદ્દીન મક્કી رحمۃ اللہ علیہ કાબા શરીફમાં મુરાકેબામાં હતા, કે હુઝૂર صلی اللہ علیہ وسلمના દીદારથી મુશર્રફ થયા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે હે મારા પ્યારા બેટા ! મુલ્કે હિંદુસ્તાન જાવ. આપે હુઝૂરનો હુકમ થતાં જ પોતાના ફરઝંદ હઝરત સૈયદના મુઈનુદ્દીન હુસૈની رضی اللہ عنہ અને થોડાક મુરીદો અને ખાદિમોને સાથે લઈ સફરની તૈયારી કરી અને ઘણી જલ્દી સફરની મંઝિલો પસાર કરી હિંદુસ્તાનને પોતાના મુક઼દ્દસ ક઼દમોથી શર્ફ આપ્યો. કસ્બા 'પાળી' ગુજરાતમાં રોકાયા. અલ્હમ્દુલિલ્લાહ ! અલ્વી ખાનદાનના આ અઝીમ બહાદુર હુઝૂર صلی اللہ علیہ وسلمના આદેશ મુબારકથી હિંદુસ્તાન તશરીફ લાવ્યા. રાત દિવસ તબ્લીગ અને દીને મતીનના ફેલાવામાં વ્યસ્ત રહ્યા. હજારો લાખો રાહ ભટકેલાઓને સીરાતે મુસ્તકીમ પર ચાલનારા બનાવ્યા અને લાખો મઅરેફતના પ્યાસાઓની પ્યાસ બુજાવી.

આપનું નસબ મુબારક (વંશવેલો) ૨૬ વાસ્તાઓ થકી મૌલાએ કાએનાત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી જઈ મળે છે. જો કે આપના બાપદાદા અરબથી હિંદુસ્તાન તશરીફ લાવ્યા હતા અને અરબના મુહાવરા મુજબ પોતાને અલ્વી મશ્હૂર કર્યા હતા જેમ કે એક વેળા

કોઈ તાલિબે ઈલ્મે આપને સવાલ કર્યો કે શું આપ અલ્વી છો ? તો તેના જવાબમાં આપે ફર્માવ્યું, શું કોઈ એવો પણ છે જે હુસૈની હોય અને અલ્વી ન હોય ?! જવાબનો ખુલાસો એ હતો કે દરેક હુસૈની અલ્વી છે. એટલા માટે આપના ખાનદાન (કુટુંબ)ના લોકો પોતાને "અલ્વી હુસૈની" બંનેવ નિસ્બતોથી સંબંધિત કરે છે.

અહલે અરબ હસની અને હુસૈની સાદાતોને અલ્વી કહે છે. જેમ કે મુહક્કિકે અલલ ઈત્લાક઼ શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ મનાકિબે દવાજદહ ઈમામમાં સરકાર ઈમામ બાક઼િર رضی اللہ عنہ વિશે ફર્માવે છે કે, "ઈમામ બાક઼િર પહેલા અલ્વી હતા કે તેમનાં માં બાપ બંનેવ અલ્વી હતાં."

હિંદુસ્તાનમાં ગુજરાતના ઈલાકાને નવમી અને દસમી સદી હિજરીમાં ખાસ શર્ફ હાંસલ રહ્યો છે. અહમદાબાદ શહેર ઉલૂમો ફુનૂન (કલા વિદ્યાઓ) અને મઆરિફમાં કેન્દ્ર સ્થાન ધરાવતું હતું. ગુજરાતના બાદશાહો ઉલૂમો ફુનૂનની ઘણી ઈજ્જત કરનારા અને ઉલ્મા તથા ફાઝિલોના ખિદમતગુજાર હતા. યમન, શીરાઝ, અને બીજા ઈસ્લામી દેશોથી ઉચ્ચ કક્ષાના ઉલ્મા મુહક્કેક઼ીન અને મુહદ્દિષો ગુજરાત તશરીફ લાવી ક઼ાયમ માટે વસી ગયા હતા, જેમના ફુયૂઝો બરકાતથી આખો વિસ્તાર ઉલૂમ અને ફુનૂનનું ઘર બની ગયું હતું. ઈતિહાસની અસંખ્ય કિતાબો તેના માટે પુરાવો છે કે ગુજરાત ઉલૂમે અક઼્લિયા અને નક઼્લિયા (કુર્આન–હદીષના ઈલ્મો)માં શીરાઝની અને હદીષ વિદ્યામાં યમન, શામ, બુખારાની બરાબરી ધરાવતું હતું. આવા સુનેહરા યુગમાં સરકાર વજીહુદ્દીન હુસૈની અલ્વી رحمۃ اللہ علیہ એ ઈલ્મ પ્રાપ્ત કરવાનો સિલસિલો શરૂ કર્યો. **લગભગ ૩૩ વરસની ઉમ્ર સુધી** અલગ અલગ આલિમો, ફાઝિલો, મુહદ્દિષો અને મુહક્કિક઼ોથી અલગ અલગ ઈલ્મોનો લાભ ઉઠાવતા રહ્યા એટલે સુધી કે એક્સો પચ્ચીસથી વધુ ઉલૂમ પર આપને પૂરી મહારત (નિપૂણતા) હાંસલ થઈ ગઈ હતી. જેમ કે મુહમ્મદ અમીન ઝુબેરી ષમરાતુલ કુદ્દસમાં શજરાતુલ ઈન્સના લેખકના હવાલાથી લખે છે કે હઝરત શૈખ એમાદ તારેમી رحمۃ اللہ علیہ પોતાની વફાત પહેલાં હઝરત શાહ વજીહુદ્દીન હુસૈનીને એક્સો પચ્ચીસ ઉલૂમ શીખવાડયા, જ્યારે કે જાતે તેઓ અઢીસો ઉલૂમ જાણતા હતા. એટલા માટે અલ્લામા તારેમીના વિસાલ પછી હઝરત સરકાર સૈયદના વજીહુદ્દીન અલ્વી હુસૈની رحمۃ اللہ علیہ અફસોસ જાહેર કરતાં ફર્માવે છે : "કદાચ ! અમુક ઉલૂમ પ્રાપ્તિથી રહી ગયો !" પછી જાતે ફર્માવે છે કે એક દિવસ હુઝૂર صلی اللہ علیہ وسلم સ્વપ્નામાં તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો, **"ફરઝંદ ! ગમગીન ન થાવ ! જેટલા ઈલ્મો તમારા ઉસ્તાદ જાણતા હતા હું તેનાથી પણ વધુ ઈલ્મો અમને અતા કરું છું."** આ ઈર્શાદ ફર્માવીને એક કાગળ દેખાડયો જેના પર બેશુમાર ઉલૂમોનાં નામ લખેલાં હતાં. હઝરત સૈયદ વજીહુદ્દીન અલ્વી ફર્માવે છે કે "તે ખ્વાબ (સ્વપ્ના) પછી મેં જે પણ ઈલ્મ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું તો એવું લાગતું હતું કે હું તે ઈલ્મનો ઈમામ અને તેનો જાણકાર છુ." એટલા માટે હું સ્પષ્ટ કરવા માગું છું કે સરકાર સૈયદના વજીહુદ્દીન હુસૈની અલ્વી رحمۃ اللہ علیہના ઈલ્મ અને ફઝ્લના મર્તબાનો મુક઼ાબલો ન આપના યુગમાં શક્ય છે, ન આપના પછી.

આપે ઉલૂમ (વિદ્યાઓ) પ્રાપ્ત કરી લીધા પછી દર્સના (તાલીમ આપવાનો) નૂરાની ક્રમ ચાલુ કર્યો અને પોતાના મદ્રસાનું નામ **મદ્રસાએ અલ્વિયા** નક્કી કર્યું. થોડાક સમયમાં આ દર્સગાહની ખ્યાતિ દુનિયાના ખૂણેખૂણે જંગલની આગની જેમ ફેલાઈ ગઈ. દૂર દૂરના સ્થળોથી વિદ્યાર્થીઓ દર્સગાહમાં સામેલ થવા લાગ્યા. દીની ઈલ્મના પ્યાસાઓ ફયઝ પ્રાપ્ત કરી દીને મતીનની ખિદમતમાં લાગી ગયા અને અસંખ્ય ખુદાના બંદાઓનાં દિલ અને દિમાગના અંધકારને પ્રકાશિત કરતા રહ્યા, ત્યાં સુધી કે તાલીમ અને દર્સગાહનો આ સિલસિલો હિંદુસ્તાનથી લઈ અરબસ્તાન સુધી વિસ્તરી ગયો અને આ અલ્વી નૂર આખા જગતને નૂરાની કરતું ગયું. આપના શાગિર્દો અરબમાં તશરીફ લઈ જતા તો તેમની ઘણી વાહવાહ થતી હતી અને આપે અર્પણ કરેલ સનદ (ડિગ્રી) અરબમાં ઘણી ઈજ્જતની નિગાહોથી જોવામાં આવતી હતી. આપના શાગિર્દો જ્યાં ક્યાંય પણ રોકાતા ત્યાં ઈલ્મનો દરિયો વહાવી દેતા. એવી રીતે આપના ઉલૂમ અને મઅરેફતનો ફૈઝ અને બરકતો વિભિન્ન ઈલાકાઓ અને કેટલાય દેશોમાં પહોંચી ગઈ. છેવટે

થોડીક મુદ્દતમાં આપની દર્સગાહને જામિયાની હેસિયત પ્રાપ્ત થઈ ગઈ અને દેશ અને વિદેશની ઉલ્મા અને મુહક્કિકો ખાસ અરબના ઉલ્મા આપની ખિદમતમાં ફત્વા રવાના કરતા રહ્યા. ગુલઝારે અબરારના લેખક લખે છે : આપ સંપૂર્ણ ચોસઠ (૬૪) વરસ ઉલૂમે અક્લિયા અને નક્લિયા (કુર્આન–હદીષના ઈલ્મો) પઢાવતા રહ્યા. પોતાની આખરી ઉમ્રમાં આપે દર્સ અને તદરીસ બંધ કરી દેવાનું વિચાર્યું, પરંતુ હુઝૂર ﷺ ની તરફથી આપને બશારત મળી અને આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, **"બેટા ! દર્સ અને તદરીસના સિલસિલાને બંધ ન કરો ! અમો જાતે આપનો સબક સાંભળવા માટે આવ્યા કરીએ છીએ અને તમારા દર્સથી ખુશ થઈએ છીએ."** આ ખુશ ખબરી સાંભળ્યા પછી આપે છેલ્લી ઘડી સુધી આ સિલસિલાને ચાલુ રાખ્યો અને દર્સનું નામ "દર્સે મુહમ્મદી" રાખ્યું. યાદે અય્યામના લેખક લખે છે કે અલ્લામા વજીહુદ્દીન અલ્વી ગુજરાતી એ બરગુઝીદા ઉલ્મામાંથી છે જેમના એહસાનથી હિંદુસ્તાનીઓ કદાપિ છૂટી નથી શકતા. ઉસ્તાઝુલ અસાતેઝા, ઉસ્તાઝુલ બશર, ઉસ્તાઝે ઉમ્મતે મુહમ્મદિયા જેવા ઉચ્ચ અને મશહૂર લકબો સાથે આપને યાદ કરવામાં આવે છે. મોહક્કિકે અલ્લ ઈત્લાક શૈખુલ હિંદ હઝરત શાહ અબ્દુલ હક્ક મોહદ્દિષે દહેલ્વી જેવી અઝીમ બુલંદ પાયા શખ્શિયત જેમણે આપનાથી ઈલ્મી અને રૂહાની ફૈઝ પ્રાપ્ત કર્યો છે જેનું વર્ણન અખ્બારૂલ અખ્યાર અને ગુલઝારે અબરારમાં જોવા મળે છે.

કુત્બે ગુજરાત સૈયદના વજીહુદ્દીન હુસૈની અરબી رحمۃ اللہ علیہ જેવી રીતે દર્સગાહના બાદશાહ અને અઝીમ મુદર્રિસ હતા તેવી જ રીતે આપ લેખન સંપાદનમાં પણ ઘણી સારી મહારત ધરાવતા હતા. અક્લી અને નક્લી ઉલૂમમાં કેટલીયે કિતાબો પર શરહો અને હાશિયા આજે પણ મૌજૂદ છે. **ફક્ત હદીષની વિદ્યામાં આપે ૩૨ કિતાબો લખી છે.** હઝરત મૌલાના ગુલામ અલી આઝાદ બેલગ્રામી رحمۃ اللہ علیہએ પોતાની લખેલ કિતાબ મઆષિરુલ કિરામમાં આપની લખેલી કિતાબોનું ઘણુ બધું બયાન છે. તફસીર, ઉસૂલે તફસીર, હદીષ, ઉસૂલે હદીષ, ફિક્હ, ઉસૂલે ફિક્હ, બયાન, મઆની, મુનાઝરા, કલામ વગેરે, કયો એ ઈલ્મ છે જેના પર આપે કલમ ન ચલાવી હોય, આજે પણ જેઓનો સંબંધ દર્સી કિતાબોથી છે તે લોકો સારી રીતે વાકેફ છે કે આપે કેવાં કેવાં તદરીસી, તહકીકી, ઐતિહાસિક કામો અંજામ આપ્યાં છે. આપની ઘણી બધી કિતાબો પીર મુહમ્મદ લાઈબ્રેરી અહમદાબાદ, ખુદા બખ્શ લાઈબ્રેરી પટણા, ઓક્સફર્ડ લાઈબ્રેરી ઈંગ્લેન્ડ, અને અસંખ્ય કલમી નુસ્ખાઓ અલગ અલગ ખાનકાહોમાં મૌજૂદ છે. આપની વિશ્વ વિખ્યાત કિતાબ "હકીકતે મુહમ્મદિયા" જે તસવ્વુફ (સૂફીપણા)ની દુનિયામાં ઘણી ઈજ્જતની નિગાહથી જોવામાં આવે છે. તેની શરહ શૈખ અલ્લામા મિર્ઝા મુહમ્મદ દાઈમએ લખી છે જેની તેહકીક મૌલાના જલાલ રઝાએ ઘણી મહેનતથી કરી છે અને તેને મિસ્રથી પ્રસિદ્ધ કરેલ છે. અઝીઝમ મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી (કુરચનવી) ભરૂચની સૂચના મુજબ આપના મલ્ફૂઝાત (બોધવચનો) પણ પ્રકાશિત થઈ ગયાં છે. જરૂરત એ છે કે બધા કુત્બે ગુજરાતથી સંબંધિત લોકો આપની લખેલ કિતાબો ભેગી કરે અને તેને નવેસરથી ઉર્દૂ, ગુજરાતી, અંગ્રેજી ભાષાઓમાં તર્જુમા સાથે પ્રકાશિત કરે, એટલા માટે કે આ યુગમાં આ કામ કોઈ મોટા કારનામાથી કમ નથી.

પોતાની ઉમરના શરૂના દિવસોમાં આપે આપના પિતાથી સિલસિલાએ ચિશ્તિયા મગરૂબિયા અને પોતાના મામા હઝરત બદરુદ્દીન رحمۃ اللہ علیہથી સિલસિલાએ સોહરવર્દિયાના તરીકા મુજબ અશગાલ (વિર્દ વઝીફા) અને અઝકાર (ઝિક્રો) પ્રાપ્ત કર્યા. એક વેળા આપ હઝરત કબીરુદ્દીન મજઝૂબ (رحمۃ اللہ علیہ)ની ખિદમતમાં હાજર થયા અને તેમને પોતાની દિલી હાલત બતાવી તો તેમણે ફર્માવ્યું, વધુ પરેશાન ન થાવ ! થોડાક જ સમયમાં ગૌષુલ આલમ સરકાર સૈયદના મુહમ્મદ ગૌષ (رحمۃ اللہ علیہ) અહમદાબાદ તશરીફ લાવી રહ્યા છે, તો આપને સંપૂર્ણ બાતિની નેઅમત તેમનાથી પ્રાપ્ત થશે. હઝરત સૈયદના ગૌષુલ આલમ કોણ હતા તેમના વિશે થોડી ચર્ચા કરી લઈએ.

રઈસુલ કામિલીન, સુલ્તાનુલ અવલિયા, ગૌષુલ આલમ હઝરત સૈયદના મુહમ્મદ ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہ હઝરત ખ્વાજા ફરીદુદ્દીન અત્તારી رحمۃ اللہ علیہની

ઔલાદમાંથી છે. વારિષે વિલાયતે મુહમ્મદી, વાકિફે અસ્રારે રહમાની હઝરત ગૌષુલ આલમ رحمۃ اللہ علیہએ ઘણા મુશ્કિલ મુજાહિદા અને રિયાઝત કરી, ખાસ કરીને દઅવતે અસ્માએ ઈલાહીને ઉચ્ચ દરજ્જા પર પહોંચાડયો. આપે સુલ્તાનુલ મોવહ્હિદીન પીરે જહાં હઝરત ઝહરુલ હક્ક વદીન رحمۃ اللہ علیہથી ચૌદ (૧૪) ખાનદાનોથી ઈજાઝત અને ખિલાફત પ્રાપ્ત કરી. આપના પીરો મુર્શિદ હઝરત શાહ ઝહૂર હાજી હુઝૂર رحمۃ اللہ علیہ બાકમાલ અલ્લાહના વલી હતા. એકસો સાઈઠ (૧૬૦) વરસની ઉમ્ર પામ્યા. ઉમ્રનો વધારે પડતો સમય મુસાફરીમાં વિતાવ્યો અને લગભગ આખા અરબસ્તાન અને ભારતના રૂહાની મર્કઝો પર ચિલ્લો કર્યો. હુઝૂર ﷺના રોઝા મુબારકને ચાલીસ (૪૦) વરસો સુધી ઘણા શૌક અને મહોબ્બત અને અકીદતથી ઝાડુ આપતા રહ્યા. હઝરત ગૌષુલ આલમ رحمۃ اللہ علیہ સંપૂર્ણ રૂહાની ફયૂઝ હઝરત સુલ્તાનુલ્ મુવહ્હિનથી પામીને રિયાઝત અને મુજાહિદાની મુશ્કેલ મંઝિલોએથી પસાર થઈ મકામે ગૌષિયત પર બિરાજમાન થયા. આપના સંપૂર્ણ હાલાત હઝરત મૌલાના શાહ ફઝલુલ્લાહ શત્તારીએ મનાકિબે ગૌષિયામાં બયાન કર્યા છે. આપની તરીકતમાં સિલસિલાએ શત્તારિયાના મહાન અવલિયાએ કિરામમાં ગણના થાય છે. જ્યારે શેરશાહ સૂરીએ હઝરત ગૌષુલ આલમ رضی اللہ عنہથી બદ્ગુમાન થઈને પોતાના ભાઈ અખ્તરજંગને જે ફૌજનો અફસર હતો તેને હુકમ આપ્યો કે ગ્વાલિયર જઈ શૈખ મુહમ્મદ ગૌષનું સર (માથુ) કાપીને લાવે અને તેમના બધા ખાનદાનને તબાહ અને બરબાદ કરી દે. તે વેળા આપ ગુજરાત તરફ રવાના થઈ ગયા હતા, રસ્તામાં આપને તથા આપનાં બીવી બચ્ચાં તથા આપની માં સાહેબાને જાલિમોએ કેદ કરી દીધાં અને પર્દાવાળી ઔરતોની બેઅદબી કરવા લાગ્યા. તો આપનાં વાલેદા આપની પીઠ પર બંનેવ હાથો વડે મારવા લાગ્યાં અને ફર્માવ્યું કે હવે પર્દાનશીન ઔરતોની ઈજ્જત ખતરામાં પડી ગઈ છે, હે ફરઝંદ ! તમારી વિલાયત અને ગૌષિયત ક્યારે જાહેર થશે ?! આટલું સાંભળતાં જ આપને જલાલ આવી ગયો અને પોતાની ઝબાને વિલાયતથી ફર્માવ્યું, "મીરીંખ તું ક્યાં છે ? અને પોતાનું કામ બતાવ !"

આપની ઝબાન મુબારકથી આ શબ્દો નીકળતાં જ પૂર્વથી પશ્ચિમ બાજુ એક તલવાર જાહેર થઈ. તે છતાં એક વેળા આપે ફૌજના અફસરને ફરી ઈર્શાદ ફર્માવ્યો, "તમે બધા પરત ફરી જાવ ! દરવેશોનું કામ દુશ્મનોના હક્કમાં પણ દુઆ કરવાનું છે, અને આ ફકીર પણ તેનો પાબંદ છે." અખ્તરજંગે કહ્યું કે, "અમો શેરખાનના આદેશના પાબંદ છીએ અને તેમનો હુકમ છે કે વિના સંકોચે આપનું ધડ માથાથી અલગ કરી દેવામાં આવે." જ્યારે ફૌજનો અફસર પોતાની વાત પર અડગ રહ્યો તો હઝરતની ઝબાન મુબારકથી આ શબ્દો નીકળ્યા, "હે મીરીંખ ! કત્લ કરી દો !" આ શબ્દો સાથે જ સિપાહીઓના ધડો શરીરોથી જુદાં થવાં લાગ્યાં. આ અજીબો ગરીબ મન્ઝર જોઈ કેટલાક ફૌજીઓ નાસી છૂટયા અને આપ ખૈરિયતની સાથે ગુજરાત પહોંચ્યા. રૂહાની દુનિયાથી દિલચસ્પી રાખનારાઓ જાણે છે કે મીરીંખ તારો હઝરતની સત્તા હેઠળ હતો અને આમિલો (અમલ કરનારાઓ) ખાસ કરીને આ હેતુથી આપની બારગાહના મોહતાજ રહ્યા છે. હઝરત ગૌષુલ આલમની કિતાબ "જવાહિરે ખમ્સા" છેલ્લાં ચારસો (૪૦૦) વરસોથી બરાબર અહલે હક્કની રહબરી તથા રહનુમાઈ કરી રહી છે. સિલસિલા શત્તારિયાને આપની જાતથી બેહદ ઉત્તેજન મળ્યું છે. આમ તો એ સિલસિલો તસવ્વુફની દુનિયાનો ઘણો પૂરાણો અને મશહૂર સિલસિલો છે. આ સિલસિલો તુર્કિસ્તાનમાં બુસ્તામિયા અને મધ્ય એશિયામાં ઈશ્કીયાના નામથી ઓળખાય છે. આ સિલસિલાનો સીધો સંબંધ હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہથી છે અને એ સિલસિલાના અવલિયાએ કિરામ તેમનાથી ફયૂઝ હાંસલ કરે છે. આ સિલસિલાના પ્રચારમાં હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہએ ઘણો મહાન તથા અહમ રોલ અદા કર્યો. નીશાપૂર, આઝરબાઈજાન તથા હિંદુસ્તાનમાં આ સિલસિલો હઝરત અબ્દુલ્લાહ શત્તારીના માધ્યમથી ફેલાયો. આપના ઈખ્લાસ, લિલ્લાહિયત, રિયાઝત, મુજાહિદા, નફસને મારી નાખવું અને ફાકા કશી (ભૂખ્યું રહેવું) જોઈ આપના પીરો મુર્શિદે આપને 'શત્તાર' કહીને પુકાર્યા, આ જ એ સિલસિલાના નામનું કારણ છે. હઝરત અબ્દુલ્લાહ શત્તારી એ પહેલા બુઝુર્ગ છે જેમને શત્તારીના

નામથી યાદ કરવામાં આવ્યા. હઝરત ગૌષુલ આલમ અને હઝરત કુત્બે ગુજરાતની એક બીજા સાથે મુલાકાત અહમદાબાદમાં થઈ. અને હઝરત ગૌષુલ આલમનો કયામ અહમદાબાદમાં લગભગ અઢાર વરસ રહ્યો ત્યાર બાદ આપ અકબરના યુગમાં પોતાના બાલ બચ્ચાંઓ સાથે ગ્વાલિયર ચાલ્યા ગયા અને ત્યાં જુમ્માની રાત્રે ૧૪ રમઝાનુલ મુબારક ૯૭૦ હિજરીમાં વિસાલ પામ્યા. ગ્વાલિયર શરીફમાં આપનો મઝાર શરીફ લોકોનું મર્કઝ છે. હઝરત કુત્બે ગુજરાતનો સિલસિલાએ શત્તારિયામાં ઈજાઝત અને ખિલાફત હઝરત ગૌષુલ આલમથી પ્રાપ્ત થઈ. અગણિત રહસ્યો તથા તસવ્વુફના બારીક મસાઈલ અને બાતિની અને રૂહાની ફૈઝ આ બધું આપને તેમનાથી જ પ્રાપ્ત થયું. ખૂદ ફર્માવે છે કે જો ગૌષુલ આલમના કદમ ચૂમવાનો શર્ફ મને હાંસલ ન થાત તો હકીકતના ભેદોની પહેચાન ન થાત. હઝરત ગૌષુલ આલમ જાતે પણ હઝરત કુત્બે ગુજરાતથી ઘણી મહોબ્બત ફર્માવતા હતા જે આજે પણ ખિલાફતનામાના લખાણથી સ્પષ્ટ છે જે આપના માટે તૈયાર કરવામાં આવ્યું હતું. જેમ કે ખિલાફતનામામાં હઝરત ગૌષુલ આલમ લખે છે : ''વજીહુદ્દીન શૈખુલ મશાઈખ, શૈખુલ ઈસ્લામ અને હૈદરે ષાની છે.'' સ્પષ્ટ થાય કે અવલિયાએ મુહમ્મદિયામાં **હૈદરે ષાની**નો લકબ હઝરત કુત્બે ગુજરાત માટે ખાસ છે.

આપ હમેશાં દુન્યાદાર માલદાર અને હુકૂમતના લોકોથી દૂર રહ્યા. ફકરો ફાકા (ભૂખે રહેવું) સબ્ર અને કનાઅત (થોડા પર રાજી રહેવું) અને સાદાપણુ આપનો ખાસ તરીકો હતો, જે નઝરો ન્યાઝ અકીદતમંદોની તરફથી પેશ થતી તેને ગરીબો અને મિસ્કીનોમાં વહેંચી દેતા. લિબાસ પણ ઘણો સાદો પહેરતા હતા. એક વેળા એક તાલિબે ઈલ્મ આપના મદ્રસામાં એ સમયે હાજર થયો જ્યારે આપ સબક દર્સ આપી રહ્યા હતા. એ થોડીકવાર ચિંતામાં ઉભો રહ્યો અને છેવટે તાલિબે ઈલ્મોથી પૂછયું કે હઝરત મિયાં વજીહુદ્દીન ક્યાં છે ? તેના પર હઝરતે જાતે જ તેને પૂછયું, બતાવો ! તમને તેમનાથી શું કામ છે ? તેણે કહ્યું, મારી એક તમન્ના છે જેને હું આપની સમક્ષ જાહેર નથી કરી શક્તો ! આપે ફર્માવ્યું, વજીહુદ્દીન આ ફકીર જ છે અને મિયાં વજીહુદ્દીન બીજી જગ્યાએ રહે છે ! આ અંદાઝથી તે પ્રભાવિત થઈ અર્ઝ કરવા લાગ્યો કે, મારો મતલબ આપની જાતથી હતો તે હાંસલ થઈ ગયો તો હવે કોઈ બીજી જગ્યાએ જવાની જરૂરત ન રહી. માત્ર આટલું કહ્યા પછી આપના કદમ ચૂમી તે જવા લાગ્યો. તો વિદ્યાર્થીઓએ કહ્યું, થોડાક દિવસો અહિંયા રોકાઈ જાવ તેના પર તેણે કહ્યું, જે તાલિબ એક જ મુલાકાતમાં પોતાનો મતલબ મેળવી લે તે પછી શું કામ પડયો રહે ! વિદ્યાર્થીઓ હૈરતથી હઝરત તરફ જોવા માંડયા અને જોતા જ રહ્યા. તેના પર હઝરતે ફર્માવ્યું, તેલ અને આગ તૈયાર હતી તો શું હું તેને રોશન ન કરું ?! ઘણી વેળા જ્યારે સબક આપીને ફારિગ થતા તો આપની મુલાકાત હઝરત ખિઝર સાથે થતી, અને તેમની સાથે વિવિધ બાબતો વિશે ચર્ચા થતી. એક વેળા આપને કોઈ અલ્લાહના વલીએ તેમની સાથે ચર્ચામાં મગ્ન જોયા તો આપને પૂછયું, શું વાતો થઈ છે ?! આપે ફર્માવ્યું કે મઅરેફત સિવાય શું વાતો થઈ શકે છે ? પછી તેમણે ફર્માવ્યું કે તમે ફૈઝ પ્રાપ્ત કર્યો કે પછી આપે તેમને ફૈઝ આપ્યો ? તેના પર આપે તેમને ફર્માવ્યું કે અમે રસૂલુલ્લાહ ﷺના નાઈબ છીએ, બીજાઓથી ફૈઝ લેતા નથી બલ્કે ફૈઝ આપીએ છીએ.

આપના મુબારક યુગમાં હુકૂમતની ભાષા ફારસી હતી અને જરૂરત અનુસાર ગજરી એટલે કે ઉર્દૂ ભાષાનો પણ ઉપયોગ થતો હતો, એટલા માટે આપ કોઈક વેળા ઉર્દૂ ભાષામાં પણ વાત કરતા હતા. આપના અનમોલ કથનો અરબી, ફારસી, ગજરી ભાષાઓમાં જમા કરવામાં આવ્યા છે જેના અભ્યાસથી શરીર પર એક અજીબ કૈફિયત પૈદા થઈ જાય છે. અમે અહિંયા અમુક કથનો રજૂ કરીએ છીએ જે આપણા માટે લાભદાયક બને. આપ ફર્માવે છે : ખુદાએ તઆલાનું હમેશાં ઝિક્ર કરો એટલા માટે કે ઝિક્રથી વસવસાઓ દૂર થઈ જાય છે અને દિલ સાફ થઈ જાય છે. દિલની સફાઈનું નિશાન શૌક અને મહોબ્બત છે. ખુદાથી ગાફિલ કરનારી ટેવોથી બચો અને ગફલત પૈદા કરનારી વસ્તુઓને છોડી દો. ખુદાની મરજી એ છે કે બધા તેને ઓળખે, ઈલ્મ અને શુગલ બંનેવ પ્રાપ્ત કરો એટલા માટે કે બંનેવનો મકસદ

એક છે. શુગલ કરવું રિયાઝત (ઈબાદત)થી પણ સારું છે અને તેનાથી **અધિક ફાયદાકારક** છે. શુગલના દિવસોમાં કરામતોનો ઈન્તેજાર ન કરો. તેલ વધારે વાપરો, ગોશ્ત ઓછો ખાવ. રાહતથી (આરામથી) સુસ્તી થાય છે અને તેનાથી મીઠાશ નથી મળતી. દુનિયાને ત્યાગી દો ખુદા મળી જશે, અને દુનિયાથી દૂર હટી જાવ ખુદા તમારાથી નજીક થઈ જશે. જવાનીની રિયાઝત (ઈબાદત) વધુ લાભદાયક છે, જવાનીમાં જેટલી ઈબાદત અને રિયાઝત કરવામાં આવે તેટલી વધુ લાભદાયક છે. મુર્શિદ (પીર)ની ઈજાઝત વિના મુજાહેદા કરવા શરીરને કમજોર કરવાનો સબબ છે. ઈબાદત અને રિયાઝતથી સફળતાનો દરવાજો ખુલે છે પરંતુ હિજાબ (પડદો) નથી હટતો. રાહત અને તકલીફમાં નફસની હાલત માલૂમ કરો એટલા માટે કે આગળ જતાં ખબરદાર થઈ શકો. નફસ ખતરાઓમાં નાખી દે છે, ઝિક્ર કરો ખતરાઓ દૂર થઈ જશે. રૂહાની અશગાલથી વૃધ્ધિ અને આધ્યાત્મિક પ્રગતિ પ્રાપ્ત થાય છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلمના તસવ્વુર (વિચાર)થી રૂહાનિયત વધી જાય છે, આપ صلى الله عليه وسلمથી નિકટતા હાંસલ થાય છે. કમજોરોની મદદ કરવી, ગરીબો સાથે સારો વર્તાવ કરવો હાથોની ઈબાદત છે. સગાં સંબંધીઓથી મળવું અને અવલિયાથી મળવું પગની ઈબાદત છે. કુદરતના કરિશમા જોઈ ખુદાનો ખૌફ પૈદા થાય અને ખૂબ આંસૂ વહે એ આંખની ઈબાદત છે. તૌહીદ અને રિસાલતની વાતો સાંભળવી, ઉલ્મા અને સાલેહીનનાં કલામો (વાણી) સાંભળવાં એ કાનની ઈબાદત છે. દુનિયાને ત્યાગી દેવી અને આખેરત તરફ ધ્યાન કેન્દ્રિત કરી દેવું દિલની ઈબાદત છે. અલ્લાહ તઆલાથી મિલાપનો ઉમંગ જાગૃત થવો એ રૂહની ઈબાદત છે. જે વસ્તુ અલ્લાહના દરબારમાં હાજર થવાથી ગફલતનો સબબ બને તેનાથી બચો. વૃધ્ધિ અને પ્રગતિ વધુ રોઝા રાખવાથી નથી થતી બલ્કે શુગલથી વધારે પ્રગતિ થાય છે. બધી પ્રગતિ મુર્શિદના ફૈઝ અને તર્બિયત પર નિર્ભર છે. હઝૂરી (ઉપસ્થિતિ)માં ઘણી જલ્દી પ્રગતિ થાય છે. મુર્શિદની નજર હેઠળ રહેવું મોટી વાત છે, એક જ ઈશારો આલમોને હલાવી નાખે છે. મુર્શિદના એક ઈશારાથી હજાર ગુમરાહ બદકાર કામિલ અને વલી થઈ જાય છે. એ રસ્તા પર ચાલનારાઓ ''من كان لله كان الله له'' નો નમૂનો હોવો જોઈએ, જ્યારે આવું હોય છે ત્યારે ''من ترك الكل وجد الكل'' નો મક઼ામ પ્રાપ્ત થાય છે. એ માર્ગ પર ચાલવાવાળાને જોઈએ કે ઝબાન અને ક઼દમનો ખ્યાલ રાખે, મખ્લૂક઼ (પબ્લિક)થી વધુ મેળાપ ન રાખે, જ્યાં સુધી શક્ય હોય ખામોશી સાધી રાખે. આપના એક શાર્ગિદે અર્ઝ કરી કે બીજા મશાઈખે કિરામ મક઼ામાતની તફસીર (ખુલાસો) બયાન કરે છે. આપે ફર્માવ્યું, અમારા ખાનદાનમાં તફસીર બયાન કરવાની હાજત નથી, અમો પહેલા જ પગલે અલ્લાહ સુધી પહોંચીએ છીએ. કોઈએ અર્ઝ કરી, રિયાઝત કયા સિલસિલામાં વધુ છે અને કયા સિલસિલામાં ઓછી ? ફર્માવ્યું, સિલસિલા શોહરવર્દિયામાં રિયાઝત સૌથી વધુ છે અને સિલસિલાએ શત્તારિયામાં સૌથી ઓછી. કોઈએ અર્ઝ કરી કે સિલસિલાએ નક્શબંદિયામાં ફલાણુ ઝિક્ર શ્વાસ રોકીને કરવામાં આવે છે તો આજ્ઞા હોય તો કરું ? તો ફર્માવ્યું કે એ જ ઝિક્ર સિલસિલાએ શત્તારિયામાં શ્વાસ રોક્યા વિના કરવામાં આવે છે. સૂફી ફર્ઝો, વાજિબો, સુન્નતે મોઅક્કેદાહ સિવાય નફલો તરફ વધારે ધ્યાન કેન્દ્રિત ન કરે બલ્કે ઈસ્તેગ઼રાક઼ (યાદે ખુદામાં વિચારમાં ખોવાઈ જવા)માં વધુ કોશિશ કરે.

મૌત પહેલાં એવું થવું જોઈએ કે મૌતનો વિચાર બાકી ન રહે, હર ઘડી ખુદાના ઝિક્રમાં મશ્ગૂલ રહેવું જોઈએ ત્યાં સુધી કે દિલ ઝાકિર (ઝિક્ર કરનાર) થઈ જાય. જ્યારે ઝાકિર થઈ જાય છે તો શરીરના દરેક અંગ અંગથી ઝિક્રની અવાજ પૈદા થાય છે. એટલે સુધી કે ઊંઘમાં પણ દિલ ગાફેલ નહીં રહે. જે માણસ શુગલ કરે તો દસ દિવસથી ઓછુ ન કરે, એટલા માટે કે કામયાબી તેમાં છુપાયેલી છે અને દસ દિવસમાં ખાસ અસર છે, અને જે શુગલમાં લિજ્જત પામે તેને હમેશાં કરે. એક વ્યક્તિએ વસવસાઓની શિકાયત કરી તો આપે ફર્માવ્યું, તેના તરફ ખ્યાલ પણ ન કરો બલ્કે પોતાના શુગલમાં વ્યસ્ત રહો, વસવસાઓ જાતે જ દૂર થઈ જશે. કોઈએ સવાલ કર્યો કે એક તે મુવહ્હિદ (ખુદાને એક માનનાર) છે જે દીવાનગીમાં કૂતરાઓ સાથે પણ ખાણુ ખાઈ લે છે, અને એક માત્ર વધુ પેજ નં. ૧૧....પર

# કુર્બાનીનું વર્ણન તથા જરૂરી મસાઈલ

કાર્યાલય

કુર્બાની માલી ઈબાદત છે જે દરેક માલદાર મુસલમાન પર વાજિબ છે. ખાસ લાયકાતવાળા જાનવરને ખાસ નિયુક્ત દિવસોમાં અલ્લાહના નામ પર સવાબની નિય્યતથી ઝબહ (હલાલ કરવું) કરવામાં આવે તેનું નામ કુર્બાની છે.

દરેક તે મુસલમાન, જે મુક઼ીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

**મસ્અલો** : જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : મુસાફિર પર કુર્બાની વાજિબ નથી, તેમ છતાં નફ્લ સમજીને કુર્બાની કરે તો તેમ કરી શકે છે તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદક઼એ ફિત્ર વાજિબ થઈ જાય. એને બીજી રીતે સમજવામાં આવે તો તે એ છે જેની પાસે તેની જીવન જરૂરિયાત ઉપરાંત ૭ાા તોલા સોનું અથવા પ૨ાા તોલા ચાંદી બરાબરનો માલ હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

હાલના દૌરમાં ૧ તોલા ચાંદીના રૂા. ૨૪૦/– લેખે ગણતાં જેની પાસે લગભગ રૂા. ૧૨,૬૦૦/– જેટલી રકમ સૌ મિલાવીને થાય જેમ કે થોડુ સોનું, થોડી ચાંદી, થોડી રકમ મિલાવતાં. (પ૨.પ તોલા ચાંદી જેટલું થઈ જાય) તો તેણે કુર્બાની કરવી પડશે. ૧૨મીના સૂર્યાસ્ત પહેલાં પણ એટલી રકમનો માલિક બને તો તેણે કુર્બાની કરવી પડશે.

## ★ કુર્બાનીનો સમય ★

ઝિલ હજ્જ મહિનાની ૧૦મી તારીખની સુબ્હ સાદિકથી લઈ ૧૨મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે જ્યારે કુર્બાની આપી શકાશે. એટલે કે કુલ ત્રણ દિવસ અને બે રાત્રિ. તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખે.

**મસ્અલો** : કુર્બાની અગર શહેરમાં કરવી હોય તો તે માટે જરૂરી એ છે કે ઈદની નમાઝ પછી જ કરવામાં આવે જ્યારે કે ગામડામાં ઈદની નમાઝનો હુકમ નથી જેથી નમાઝે ઈદથી પહેલાં સુબ્હ સાદિકના સમયથી કુર્બાની કરી શકાશે.

**મસ્અલો** : કુર્બાની વાજિબ થએથી કુર્બાની જ કરવી જરૂરી ગણાશે. અગર કોઈ એટલી જ કિંમત કે કિંમતનું જાનવર કુર્બાનીના બદલામાં સદક઼ો આપી દેશે તો તેનાથી કુર્બાનીનો વાજિબ અદા થશે નહીં. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કુર્બાનીના દિવસો વિતી ગયા પછી કુર્બાની ફૌત થઈ ગઈ ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહીં. તેવી રીતે અગર કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદક઼ા તરીકે આપી દેવામાં આવે અથવા એક બકરીની કિંમત સદક઼ા તરીકે આપી દેવામાં આવે. *(રદ્દુલ મુહ્તાર, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી અથવા ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહીં. ભાગીદારીમાં કુર્બાની હોય તો તેમાં પણ અગર કોઈ એક ભાગીદારનો હિસ્સો સાતમા હિસ્સાથી ઓછો હશે તો કોઈની પણ કુર્બાની સહીહ થશે નહીં. અને જો સાત ભાગીદાર હોય, હિસ્સા પણ ઓછા વધતા હોય પણ કોઈનો પણ હિસ્સો સાતમા ભાગથી ઓછો હોય તો તે જાઈઝ નથી.

**મસ્અલો** : કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહીં પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે **અકીકો કરનાર અગર કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામેલ થઈ શકે છે** કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અકીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. *(રદ્દુલ મુહ્તાર)*

## ★ કુર્બાની કરવાની રીત ★

કુર્બાનીના જાનવરને ઝબ્હ કરતાં પહેલાં ઘાસચારો પાણી આપવું, પહેલેથી જ છરી તેજ કરી લેવી, જાનવરની સામે છરી તેજ નહીં કરવી. તે પછી જાનવરને ડાબી કરવટ પર એવી રીતે સૂવાડવું કે તેનું મોઢું કિબ્લા તરફ રહે. ઝબ્હ કરનાર માણસ પોતાનો જમણો પગ જાનવરની કરવટ પર મૂકી તેજ છરીથી એકદમ જલ્દીથી ઝબ્હ કરી નાખે.

## ★ ઝબ્હ કરતાં પહેલાં આ દુઆ પઢવી ★

**اِنِّىْ وَجَّهْتُ وَجْهِىَ لِلَّذِىْ فَطَرَ السَّمٰوَاتِ وَالْاَرْضَ حَنِيْفًا وَّ مَا اَنَا مِنَ الْمُشْرِكِيْنَ اِنَّ صَلَاتِىْ وَنُسُكِىْ وَمَحْيَاىَ وَمَمَاتِىْ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ لَا شَرِيْكَ لَهٗ بِذَالِكَ اُمِرْتُ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ ۔ اَللّٰهُمَّ لَكَ وَمِنْكَ بِسْمِ اللّٰهِ اَللّٰهُ اَكْبَرْ ۔**

***ઈન્ની વજ્જહતુ વજહિય લિલ્લઝી ફતરસ્સમાવાતિ વલઅર્દ્ હનીફંવ વમા અના મિનલ મુશ્રિકીન. ઈન્ન સલાતી વનુસુકી વમહ્યાય વમમાતી લિલ્લાહિ રબ્બિલ આલમીન. લાશરીકલહુ વબિઝાલિક વઉમિર્તુ વઅના મિનલ મુસ્લિમીન. અલ્લાહુમ્મ લક વમિન્ક બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર.***

દુઆ પૂરી થતાંની સાથે જ છુરી ચલાવી જાનવરને ઝબ્હ કરી નાખવું. કુર્બાની પોતાના તરફથી હોય તો ઝબ્હ કર્યા પછી આ દુઆ પઢવી :–

**اَللّٰهُمَّ تَقَبَّلْ مِنِّىْ كَمَا تَقَبَّلْتَ مِنْ خَلِيْلِكَ اِبْرَاهِيْمَ عَلَيْهِ السَّلَامُ وَ حَبِيْبِكَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمْ**

***અલ્લાહુમ્મ તકૂબ્બલ મિન્ની કમા તકૂબ્બલ્ત મિન ખલીલિક ઈબ્રાહીમ અલૈહિસ્સલામ વહબીબિક મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.***

અગર બીજાના તરફથી ઝબહ કર્યું હોય તો 'મિન્ની'ને બદલે 'મિન્ન' બોલી તે વ્યક્તિનું નામ બોલવું જેના તરફથી કુર્બાની હોય. અને ઊંટ, ગાય, ભેંસ જેવું મોટું ભાગીદારીવાળુ જાનવર હોય તો જેટલા ભાગીદાર હોય તે બધાનાં નામ લેવાં. ઝબ્હ કરવામાં વધુમાં વધુ ચાર રગ અને ઓછામાં ઓછી ત્રણ રગ પહેલાં કાપવી એથી વધુ કાપવું નહીં બલ્કે ઠંડુ પડી (જાનવર) ગયા પછી પગ કાપવા તે પછી ખાલ ઉતારવી.

**મસ્અલો** : જો બીજા માણસ પાસે ઝબ્હ કરાવવામાં આવે તો ઝબ્હ કરતી વેળા ખૂદ કુર્બાની કરાવનાર હાજર રહે તો બેહતર છે.

## ★ ગોશ્ત અને ચામડું ★

જો જાનવર ભાગીદારનું હોય તો ગોશ્તનો આશરો કાઢીને નહીં બલ્કે તોલીને ભાગ કરી વહેંચવું. બાકી આશરાથી વહેંચ્યું અને કોઈ ભાગીદારને વધારે ગોશ્ત મળ્યો તો બીજાના માફ કરવાથી પણ તે જાઈઝ ગણાશે નહીં, કારણ કે દરેકનો હક્ક્ જરૂરી છે. *(રદ્દુલ મુહ્તાર, બહારે શરીઅત)*

ત્યાર પછી પોતાના હિસ્સાના ત્રણ ભાગ કરી એક ભાગ ફકીરોને આપે, એક ભાગ દોસ્ત–બિરાદરો અને એક ભાગ પોતાના ઘર માટે રાખે. તેમાંથી પોતે પણ ખાય પોતાનાં બાળકો પણ ખાય. જો મોટુ કુટુંબ હોય તો પોતાના ઘર માટે બધો ગોશ્ત પણ રાખી શકે છે, તેવી જ રીતે ચાહે તો બધો જ ગોશ્ત સદકા તરીકે વહેંચી પણ શકે છે, જો કે બેહતર તો એ છે કે એક ભાગ પોતાના માટે રાખી લે.

**મસ્અલો** : કુર્બાની મૈયત તરફથી કરી હોય તો તેના ગોશ્ત અંગે પણ હુકમ તો એ જ છે, પણ જો **મરનાર તરફથી કુર્બાની કરવાની વસિય્યત હોય તો** તેવી હાલતમાં તમામ ગોશ્ત સદકો કરી દેવો.

**મસ્અલો** : કુર્બાની કરનાર (જેની હોય તે) સૌથી પહેલાં પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાય એ મુસ્તહબ છે. *(બહરુર્રાઈક)*

**મસ્અલો** : કુર્બાનીના ગોશ્ત કાફિરને આપવો નહીં કેમ કે ભારતના કાફિર ઝિમ્મી નથી પણ હર્બી છે.

**મસ્અલો** : ચામડુ, દોરડુ, હાર, ઝોલો એ બધું સદકો કરી દેવું. જો કે ચામડાને પોતાના ઉપયોગમાં પણ લાવી શકે છે. દા.ત. મુસલ્લો, પાણી પીવાની ડોલ, પાથરવું વગેરે બનાવી શકે છે. પરંતુ વેચી તેના નાણા પોતાના માટે વાપરવા જાઈઝ નથી. જો વેચી દીધું તો તેના નાણા સદકો કરી દેવા વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : ઘણા લોકો કુર્બાનીની ખાલ ધાર્મિક મદ્રસામાં આપી દેતા હોય છે એ આપવું જાઈઝ છે.

ચામડું ન આપે અને મદ્રસામાં આપવાની નિય્યતથી વેચી દઈ તેની ઉપજેલી બધી કિંમત મદ્રસામાં આપી દે તે પણ જાઈઝ છે. (આલમગીરી, બહારે શરીઅત)

**મસ્અલો** : કુર્બાનીનો ગોશ્ત કે ચામડુ કસાઈને કે ઝબહ કરનાર વ્યક્તિને તેના મહેનતાણામાં આપવું જાઈઝ નથી. હા, દોસ્ત બિરાદરોની જેમ ભેટ નઝરાણા તરીકે આપી શકે છે. જો કે તેને પણ કોઈ મહેનતાણા પેટે કે બદલામાં ગણવામાં ન આવે. *(હિદાયા વગેરે)*

**મસ્અલો** : કુર્બાનીનું ચામડુ, મસ્જિદના ઈમામને પગારના બદલામાં નહીં બલ્કે મદદ તરીકે આપ્યું તો તેમાં કંઈ વાંધો નથી. *(બહારે શરીઅત)*

## ★ કુર્બાનીનું જાનવર ★

ઊંટ, ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) ખસીવાળું કે ખસી વગરનું એ દરેકની કુર્બાની થઈ શકે છે. *(આલમગીરી)*

**મસ્અલો** : જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુરબાની થઈ શકે નહીં. *(આલમગીરી)*

**મસ્અલો** : દુમ્બો એ ઘેટાંની જાતમાં ગણી શકાશે.

**મસ્અલો** : ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરના હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુરબાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુમ્બાનું છ માસનું બચ્ચુ એટલું મોટુ હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુરબાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુરબાનીનું જાનવર મોટુ, તાજુ, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુરબાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુરબાની જાઈઝ નથી. *(દર્રે મુખ્તાર, આલમગીરી, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જે જાનવરને જન્મથી જ શિંગડાં ન હોય તેની કુરબાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુરબાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલા શિંગવાળા જાનવરની જાઈઝ છે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલો** : આંધળુ, લૂલૂં, લંગડુ, કાણું, એકદમ દુબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખનસા (જેનામાં નર–માદાની બંને નિશાનીઓ હોય) જે જાનવર ફક્ત ગંદુ–નાપાક જ ખાતુ હોય એવાં દરેક જાનવરની કુરબાની જાઈઝ નથી. *(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : કુરબાની કરતી વેળા જાનવરના ઉછળ વા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડ ખામી આવી ગઈ છતાં તેની કુરબાની જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કુરબાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબ્હ કરી દેવું અને જો મરેલું બચ્ચું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : બીમારી સાધારણ હોય અને લંગડાપણુ એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુરબાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય તેવા જાનવરની કુરબાની જાઈઝ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

**મસ્અલો** : જાનવરે ખરીદયા પછી અને કુરબાની કર્યા પહેલાં બચ્ચું જન્મ્યું તો તે બચ્ચાને પણ ઝબ્હ કરી દેવું. કુરબાનીના દિવસોમાં જો તેને ઝબ્હ ન કર્યું તો તેને જીવતું જ સદકા તરીકે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદકો કરી દેવી. *(આલમગીરી, બહારે શરીઅત)*

**ફાયદો** : આપણા આકા વ મૌલા, તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મે મરહૂમાના તરફથી ખૂદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં પછી આપણામાંથી જેનાથી થઈ શકે તેમણે હુઝૂર ﷺના તરફથી કુરબાની આપી તો એ ઘણી જ ખુશનશીબી ગણાશે. *(બહારે શરીઅત)*

મુહદ્દિષે ભરૂચ

# હઝરત અલ્લામા સૈયદ સિબ્ગ઼તુલ્લાહ હુસૈની મદની رحمۃ اللہ علیہ

★ ★ ★ ★ ★ રજૂકર્તા ★ ★ ★ ★ ★
મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી
(બોલ્ટન, યુ.કે.)
★ ★ ★ ★ ★ અનુવાદક ★ ★ ★ ★ ★
મૌલાના સાદિક સાબરી દહેગામી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા)

ગુજરાત રાજયનો ભરૂચ જિલ્લો ઈતિહાસમાં પોતાનું એક આગવું સ્થાન ધરાવે છે. અહીંયાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہના દૌરે ખિલાફતમાં તે મુક઼દ્દસ હસ્તીઓ તશરીફ લાવી જેમણે પોતાની મુબારક આંખોથી રસૂલે અકરમ ﷺના સુંદર ચેહરાની ઈમાનની હાલતમાં ઝિયારત કરી હતી[૧]. આ ક્ષેત્રને આ મહાન ગૌરવ પણ પ્રાપ્ત થયું કે હઝરત હસન બસરી رحمۃ اللہ علیہના અઝીમ શાગિર્દ (વિદ્યાર્થી) અને ઊંચા પાયાના મુહદ્દિષ હઝરત રબીઅ બિન સબીહ સઅદી બસરી તાબઈ رحمۃ اللہ علیہ જેમને ઈસ્લામમાં પહેલી કિતાબ હદીષના વિષય પર લખવાનો શરફ (પ્રતિષ્ઠા) હાંસલ છે[૨]. તેઓ આ જમીન પર પધાર્યા અને અહીંયાં જ દફન થયા[૩]. અને આ સરઝમીન પર મોટા મોટા ફક઼ીહો, મુહદ્દિષો, મુફસ્સિરો અને સૂફીઓ તથા આલિમો પૈદા થયા.

આ પવિત્ર હસ્તીઓમાં મજદુદ્દીન મખ્દૂમે આલમ મુહાજિરે મદની હઝરત સૈયદ સિબ્ગ઼તુલ્લાહ હુસૈની رحمۃ اللہ علیہનું નામ મુબારક પ્રથમ ક્રમે છે. આપના બાપદાદાઓ અસ્ફહાનથી હિજરત કરીને હિંદુસ્તાન તશરીફ લાવ્યા અને ગુજરાતના શહેર ભરૂચમાં વસવાટ કર્યો[૪]. આપના વાલિદે ગિરામી શાહ રૂહુલ્લાહ હુસૈની અને આપનાં વાલિદા માજિદા (માતા) શાહ કમાલ સૂફી હુસૈનીનાં સાહબઝાદી હતાં અને શાહ સાહબ હઝરત મખ્દૂમ સૈયદ મુહમ્મદ હુસૈની ગૈસૂ દરાઝ رحمۃ اللہ علیہના જમાઈ હતા. આપ નજીબુત્તરફૈન સહીહુન્નસબ તથા હસબ સાદાતથી હતા[૫].

## જન્મ, તાલીમ, અને દીની ખિદમતો

આપનો જન્મ બાસઆદત હિ.સ. ૯૫૨માં ભરૂચ શહેરમાં થયો. બાળપણમાં આપની તા'લીમ અને તર્બિયત આપના વતનમાં થઈ તે પછી ઉચ્ચ તા'લીમની પ્રાપ્તિ માટે અહમદાબાદ તરફ રૂખ કર્યું જ્યાં ઉસ્તાઝુલ હિંદ **હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી** رحمۃ اللہ علیہએ **મદ્રસએ આલિયા અલ્વિયા** સ્થાપિત કર્યો હતો. દસમી સદી હિ.સ.માં અહમદાબાદ ખાતે ખાસ કરીને મદ્રસએ આલિયા અલ્વિયા ઈલ્મો ફુનૂન (વિદ્યાઓ)નો મર્કઝ હતો જ્યાં દુનિયાભરમાંથી તલ્બા હાજર થતા હતા અને પોતાની ઈલ્મી તથા રૂહાની પ્યાસ બુજાવીને જતા હતા[૬]. આપ મદ્રસએ આલિયામાં લગાતાર નવ વરસ સુધી ઉસ્તાઝુલ હિંદ હઝરત અલ્લામા શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہની ખિદમતમાં રહી ઈલ્મ અને મારેફતે ઈલાહી હાંસલ કરતા રહ્યા. ઈલ્મ પ્રાપ્તિ પછી ખિલાફત, ઈજાઝત અને સનદે હદીષથી નવાઝવામાં આવ્યા. આપે ફારિગ થયા પછી ભરૂચ શહેરમાં પઢવા પઢાવવાનું ચાલુ કર્યું. તે દરમ્યાન આપને મક્કા, મદીના અને મુક઼દ્દસ મકામોની ઝિયારતનો શોખ થયો જેથી આપે સફરનો સામાન તૈયાર કર્યો અને મક્કા, મદીના અને મુક઼દ્દસ મક઼ામોની ઝિયારત કરી અને પોતાના વતન ભરૂચ પાછા આવ્યા, પછી ૯૯૯ હિજરીમાં માલવા ગયા.

એકાએક મદીનએ તૈયબાહની ઝિયારતની તમન્ના થઈ. ખાનદેશના રસ્તાથી અહમદનગર દક્કન પહોંચ્યા અને સુલ્તાન બુરહાન અલ મલીકની ઈચ્છાથી એક વરસ સુધી રોકાયા. અહીંયાંથી બીજાપુર જઈને ઈલ્મો ફુનૂનને ફેલાવવામાં લાગી ગયા. અહીંયાંનો સુલ્તાન આપનો અકીદતમંદ હતો. જ્યારે આપે મક્કા, મદીના શરીફ જવાનો ઈરાદો

કર્યો તો સુલ્તાને શાહી જહાઝ અર્પણ કર્યું જેમાં આપ સૂફીઓ અને આલિમોની સાથે મક્કા શરીફ ગયા. હજ્જથી ફારિગ થયા પછી મદીના શરીફ તરફ રવાના થયા અને ત્યાં ઓહદ પહાડ પાસે કયામ કર્યો[૭]. જ્યારે લોકોમાં આપના ઈલ્મી મર્તબા અને તક્વા પરહેઝગારીની ચર્ચાઓ થઈ તો ઝાહિરો બાતિનનો ઈલ્મ હાંસલ કરનારાઓ આપની ખિદમતમાં આવવા લાગ્યા અને પોતાની ઈલ્મી, રૂહાની તરસ બુજાવવા લાગ્યા. અલ્લામા મજી લખે છે કે, "આપનાથી લોકોની મોટી સંખ્યાએ ફયૂઝ પ્રાપ્ત કર્યો." આપથી ફયૂઝ પામનારાઓમાં આ લોકો મશ્હૂરો મા'રૂફ છે : શૈખ અહમદ શનાવી, સૈયદ અમજદ મિર્ઝા મદની, સૈયદ અસ્અદ બલ્ખી, શૈખ ઈબ્રાહીમ હિંદી, શૈખ મુહયુદ્દીન મિસ્રી, મુલ્લા ઈલ્યાસ કુરદી, મુલ્લા નિઝામુદ્દીન સનદી નઝીલે દમશ્ક[૯]. (رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین)

## પુસ્તક લેખન અને તા'લીમ

આપે પઢવા પઢાવવા અને વાઅઝ તથા નસીહતની સાથે પુસ્તક લેખન અને સંપાદનને પણ પોતાના પવિત્ર જીવનનો હિસ્સો બનાવ્યો. આપે આ પ્રમાણે કિતાબોની યાદગાર છોડી છે : હાશિયા અલલ બયદાવી, ઈરાઅતુદ્ દકાઈક ફી શરહે મિરઅતુલ હકાઈક[૯], બે નાની કિતાબો સુન્અતે જાબિરિયામાં અને એક એક રિસાલો ઈલ્મે જફરમાં લખેલો છે.

ખુલાસતુલ અષરના કર્તા આપની પ્રશંસામાં લખે છે : આપથી અસંખ્ય લોકોએ ફયૂઝ હાંસલ કર્યો, આપ હમેશાં પઢવા, પઢાવવા, પુસ્તક લેખન અને સંપાદનમાં વ્યસ્ત રહેતા હતા. આપ બુઝુર્ગી અને સખાવતમાં ઘણા મહાન હતા, જે પણ **નઝરો નિયાઝ આપની ખિદમતમાં આવતી તે મોહતાજ અને ગરીબોમાં વહેંચી દેતા હતા.** આપ **પાંચેવ ટાઈમ નમાઝ બાજમાઅત મસ્જિદે નબ્વી શરીફમાં** હુજરએ નબ્વીની પૂર્વી બારી પાસે અદા કરતા હતા[૧૦].

## બારગાહે નબવીમાં આપનો મર્તબો

તાજદારે કાઈનાત ﷺથી ઈશ્ક અને હુઝૂર ﷺની બારગાહમાં આપના માન મર્તબા વિશે મહબૂબે ઝુલ્મેનનના સંપાદક લખે છે, "આપ મદીના શરીફથી ક્યાંય બહાર જતા ન હતા, એ ખયાલથી કે ક્યાંક આ (મુકદ્દસ) શહેરના બહાર મૌત ન આવી જાય ! આપ દરરોજ સવાર સાંજ હુઝૂરની બારગાહમાં હાજરી આપતા અને કદમ મુબારકની તરફ ઉભા રહી સલાતો સલામ પેશ કરતા હતા અને ક્યારે પણ સર મુબારક તરફ ઉભા ન રહેતા. ઉપરોક્ત બયાનથી જાહેર થયું કે આપને હુઝૂરથી બેહદ મહબ્બત તથા ઈશ્ક હતો."

મુહમ્મદ ગૌષી શત્તારી رحمۃ اللہ علیہ લખે છે :–

એક રાત્રે હુઝૂર ﷺએ આપની બારગાહના ખાદિમોને સ્વપ્નમાં સૂચના ફર્માવી કે સૈયદ સિબ્ગતુલ્લાહ અમારો પ્રતિષ્ઠિત પુત્ર છે, તેને અરબ તથા અજમના અન્ય મુલાકાતીઓ જેમ સમજી અમારા હરમથી બહાર ન કાઢશો. તેને છૂટ આપજો કે જુમ્આની રાત્રે અમારી ખિદમતમાં ઉભો રહી સલાતો સલામ પેશ કરતો રહે, આ અમારી ઈજાઝત છે, અમારા દોસ્તોમાંથી જેને ચાહીએ પોતાની સાથે હરમ શરીફમાં રાખીએ[૧૨].

શાહ હામિદ ફર્માવે છે કે જ્યારે આપે રૌઝએ અનવર પર હાજર થઈ અર્ઝ કરી, અસ્સલામુ અલૈક યા જદ્દી ! "મારા નાના આપ પર સલામ ![૧૩]" તો જવાબ આવ્યો, વઅલયકુમુસ્સલામ યા વલદી ! "મારા પુત્ર તારા ઉપર પણ સલામ !" આ બનાવથી અલ્લાહ عزوجلના હબીબ ﷺની બારગાહમાં આપનો માન મર્તબો સારી રીતે જાહેર થાય છે.

## ઈબાદત તથા રિયાઝત

આપ જિંદગીના રાત દિવસ પઢવા પઢાવવા અને ઈબાદત તથા રિયાઝતમાં ગુજારતા હતા. જેથી શૈખ અબ્દુલ અઝીમ મક્કી પોતાની પુસ્તિકામાં લખે છે કે આપે ઓહદ પહાડ પર બે વરસ સુધી ચિલ્લો કર્યો અને દિવસે રોઝો રાખતા અને રાત્રે ઈબાદતમાં મશ્ગૂલ રહેતા. આપને શાહે રૂમે પોતાની પાસે બોલાવ્યા પરંતુ આપે કબૂલ ન કર્યું અને બાકી ઉમર તવક્કુલ અને રઝાએ ખુદામાં ગુઝારી[૧૪].

## કશ્ફ અને કરામત

અલ્લામા મજી લખે છે : વિલાયતના ક્ષેત્રમાં આપના થકી અજીબ ખિલાફે આદત (સામાન્ય નિયમ વિરુદ્ધ ચમત્કારિક) વસ્તુઓ જાહેર થઈ. આગળ લખે લે કે, "આપના શાગિર્દ શૈખ નિઝામુદ્દીન નઝીલે દમિશ્કનું બયાન છે કે હું હઝરતની ખિદમતમાં હાજર હતો તો એક રાતે મને વતન અને ઘરવાળાઓની યાદે રડાવ્યો, તો હઝરત મામલાને સમજી ગયા અને આપે મને પૂછ્યું કે કેમ રડો છો ? મેં અરજ કરી, હુઝૂર ! વતનથી દૂરી અને અને ઘરવાળાંઓની જુદાઈના કારણે. આપે હુકમ આપ્યો, નજીક આવો ! તો હું તે મુસલ્લાની નજીક થયો જેના પર આપ બેઠા હતા. હઝરતે મુસલ્લાને ઉઠાવી લીધો તો મેં ત્યાંથી જ મારા ઘર અને શહેરને જોયાં. પછી મેં ખૂદને પોતાના શહેરમાં પામ્યો અને લોકો ઈશાની નમાઝ અદા કરીને મસ્જિદથી નીકળી રહ્યા હતા. મેં લોકોને સલામ કરી અને મારા ઘરમાં દાખલ થયો અને તે રાત મારા ઘરવાળાઓ સાથે ગુજારી અને ફજરની નમાઝ પણ ત્યાં જ અદા કરી. ત્યાર બાદ મેં ખૂદને મારા ઉસ્તાદ સૈયદ સિબ્ગ઼તુલ્લાહ رحمۃ اللہ علیہની બારગાહમાં પામ્યો[૧૫].

## વિસાલ અને દફન

આપ જુમ્આના દિવસે ૨૮ જમાદીઉલ અવ્વલ હિ.સ. ૧૦૧૫માં ૬૩ વરસની ઉમરમાં પોતાના ખાલિક઼ે હક઼ીક઼ીને જઈ મળ્યા. આપના ખલીફા શૈખ અબ્દુલ અઝીમ મક્કી તથા શૈખ અલી કશાઈશ અને મદીના શરીફના મહાન લોકોએ આપને હુઝૂર ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہના ગુંબદ શરીફના પાસે જન્નતુલ બક઼ીઅમાં દફન કર્યા.

અલ્લાહ તઆલા ગુજરાત ભરૂચના આ મહાન મુહદ્દિષની ક઼બ્ર પર રાત દિવસ રહ઼મતની વરસાદ વરસાવે અને આપણને એમના નક઼્શે ક઼દમ પર ચાલવાની તૌફીક઼ બખ્શે. (આમીન)

**હવાલા :** **૧.** યાદે ઐયામ બ હવાલા મુહજમુલ બિલદાન **૨.** કશ્ફુઝઝુનૂન **૩.** તારીખે ઈબ્ને ખુલ્દૂન વ યાદે ઐયામ, પેજ–૭૬, **૪.** ખુલાસતુલ અષર, પેજ–૨૭૩ **૫.** મહબૂબે ઝુલ્મેનન, પેજ–૭૬૭, **૬.** તઝકેરતુલ વજીહ, પેજ–૭૦, **૭.** તઝકેરતુલ વજીહ, **૮.** ખુલાસતુલ અષર, પેજ–૨૪૩, ૨૪૪ **૯.** ખુલાસતુલ અષર **૧૦.** ખુલાસતુલ અષર **૧૧.** મહબૂબે ઝુલ્મેનન, પેજ–૭૬૫, ૭૬૯, **૧૨.** ગુલ્ઝારે અબરાર, પેજ–૧૧૬, **૧૩.** તઝકેરતુલ વજીહ–પેજ–૮૮, **૧૪.** ગુલઝારે અબરાર, પેજ–૨૭૭, **૧૫.** ખુલાસતુલ અષર, પેજ–૭૨૭

## ★ હજ્જની ફઝીલત ★

હઝરત અબૂ યઅ્લા, હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે, હુઝૂર રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું, **"જે હજ્જ અદા કરવા માટે નીકળ્યો અને (માર્ગમાં જ) મૃત્યુ પામ્યો. તો ક઼યામત સુધી તેના માટે હજ્જ કરવાવાળાનો સવાબ લખવામાં આવશે.** અને જે ઉમરાહ માટે નીકળ્યો અને (માર્ગમાં) મૃત્યુ પામ્યો તો તેના માટે ક઼યામત સુધી ઉમરાહ કરવાવાળાનો સવાબ લખવામાં આવશે, અને જે જેહાદ (ધર્મયુદ્ધ)માં ગયો અને મૃત્યુ પામ્યો તો તેના માટે ક઼યામત સુધી 'ગાઝી'નો સવાબ લખવામાં આવશે." *(બહારે શરીઅત, ભાગ–૬)*

તિબ્રાની, અબૂ યઅ્લા, દાર કુત્ની અને બયહકી હઝરત ઉમ્મુલ મો'મિનીન બીબી આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત બયાન કરે છે કે હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે, **"જે આ માર્ગમાં હજ્જ અથવા ઉમરાહ માટે નીકળ્યો અને મૃત્યુ પામ્યો તો તેની પેશી થશે નહીં, ન હિસાબ થશે અને તેને કહેવામાં આવશે, તું જન્નતમાં દાખલ થઈ જા."**

## ★ હજ્જ ન કરનારને ચેતવણી ★

દારમી, હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત કરે છે કે, હુઝૂર રસૂલે ﷺએ ફર્માવ્યું, **"જેને હજ્જ અદા કરવાથી જાહેર જરૂરત રુકાવટ ન બની, ન જાલિમ બાદશાહ, ન કોઈ એવી બીમારી જે હજ્જ કરવા જવાથી રોકી દે, તેમ છતાં જો તે હજ્જ કર્યા વગર મરી ગયો તો યહૂદી થઈને મૃત્યુ પામે અથવા નસ્રાની (ખ્રિસ્તી) થઈને મરી જાય."** *(બહારે શરીઅત, ભાગ–૬)*

# દા'વત અને તબ્લીગનો બદલો તથા સવાબ

:: રજૂકર્તા ::
**મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

આ એક સર્વમાન્ય હકીકત છે કે માલિકે હકીકીએ દરેક યુગમાં માનવીઓની રહનુમાઈ તથા માર્ગદર્શન માટે તેના બંદાઓમાંથી જ અમુક લોકોને આ નાશવંત દુનિયામાં મોકલ્યા જેમણે સમયાનુસાર દા'વત તથા તબ્લીગ, હિદાયત તથા રહનુમાઈ જેવી પવિત્ર તથા મહત્વની જિમ્મેદારીને સુંદર રીતે અંજામ આપી. સર્વ નબી પછી આપણા નબી ખાતમુલ અંબિયા ﷺ આ ધરતી ઉપર તશરીફ લાવ્યા અને આપ ﷺએ પોતાના પવિત્ર જીવનનો સંપૂર્ણ ભાગ અને વિશેષ રીતે અંતિમ દસ વરસમાં રાત દિવસની મહેનત, હિકમત તથા નસીહત અને સદ્‌વર્તન દ્વારા હિદાયતનો એવો દીપક પ્રગટાવ્યો જેની પ્રકાશિત જ્યોતથી સર્વ જગત જગમગી રહ્યું છે. અને ડાયરેક્ટ ફયૂઝ હાંસલ કરનારા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ પણ પોતાના નબી ﷺએ લાવેલી તા'લીમાતને ફેલાવવામાં બેમિસાલ તથા યાદગાર કારનામાંઓ રજૂ કર્યા. સહાબાએ કિરામ તથા તાબઈનથી લઈને નજીકના ભૂતકાળ સુધી હિદાયતની ક્ષિતિજ ઉપર કેટલાયે આફતાબો તથા માહતાબો (સૂર્યો તથા ચંદ્રો) ચમક્યા જેમની દા'વત તથા તબ્લીગ સંબંધિત ગતિ વિધિઓ દ્વારા અસંખ્ય લોકો ગુમરાહિયતના અંધકારથી તૌબા કરી માત્ર પોતે જ મુનવ્વર ન થયા બલ્કે અંધકારની દુનિયામાં ભટકી રહેલ કેટલાયે દિલોને આ હિદાયતના ઉજાશથી પ્રકાશિત કર્યા.

પરંતુ અફસોસ કે આજે આપણે આ અતિ જવાબદારીને તરછોડી ચૂક્યા છીએ જે આપણા માટે બંને જહાનની ભલાઈનો મોટો આધાર હતો અને આજે પણ છે. આજ કારણે આજે ઈસ્લામ શત્રુ તાકતો ઈસ્લામી સિધ્ધાંતો તથા વિચારસરણીના ચેહરાને વિકૃત બનાવવાની નાપાક કોશિશોમાં વ્યસ્ત છે અને મઝહબે ઈસ્લામને મના કરેલ વૃક્ષ તથા અમલી રીતે અપાત્ર રજૂ કરવાના પ્રયાસો કરી રહી છે જ્યારે કે વાત એનાથી વિપરીત છે. આવા વાતાવરણમાં જો આપણે પોતાને દીને મતીનના તથા મઝહબે હન્ફિયતના સાચા ખાદિમ તથા માનવાવાળા જાણતા હોય તો આપણી ઉપર વાજિબ છે કે રસૂલુલ્લાહ ﷺ ની દા'વતી તથા તબ્લીગી પધ્ધતિને અપનાવીએ તેમજ સહાબાએ કિરામ, સલ્ફે સાલેહીન, ઓલમાએ એહલે સુન્નતની દા'વત તથા તબ્લીગ સંબંધિત કાર્ય પધ્ધતિને અપનાવી આ મહાન જિમ્મેદારીથી મુક્ત થઈએ અને તેની ફઝીલતોથી માલામાલ થઈએ.

## દા'વત તથા દા'વત આપનાર વિશે ફઝીલત

કુર્આન મુકદ્દસમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે :–

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ ؕ وَ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ

**અર્થાત** : "અને તમારામાં એક ગિરોહ (જમાઅત) એવો હોવો જોઈએ કે (જે) ભલાઈ તરફ બોલાવે અને સારી (નેક) વાતોનો હુકમ આપે અને બુરી વાતોથી રોકે, અને એ જ લોકો મુરાદને પહોંચ્યા." *(સૂ. આલે ઈમરાન, આ નં–૧૦૪)*

સૂરએ આલે ઈમરાનમાં જ છે :–

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ ؕ وَلَوْ اٰمَنَ اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ ؕ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ وَ اَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ

**અર્થાત** : તમે બેહતર છો એ તમામ ઉમ્મતોમાં જે લોકોમાં (પહેલાં) જાહેર થઈ, ભલાઈનો આદેશ આપો છો, બુરાઈથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવે છો, અને જો કિતાબીઓ ઈમાન લાવત તો તેમના માટે ભલુ હતું. તેમાંથી અમુક ઈમાનવાળા છે અને

વધુ પડતા કાફિર છે. *(સૂ. આલે ઈમરાન, આ નં–૧૧૦)*

**આ આયતનું શાને નુઝૂલ** : યહૂદીઓમાંથી માલિક બિન સૈફ અને વહબ બિન યહૂદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ વગેરે સહાબીઓને કહ્યું કે તમારાથી બેહતર અમો છીએ, અમારો દીન તમારાથી બેહતર છે જે (દીનની) તમે અમને દા'વત આપો છો. તે સમયે ઉપરોક્ત આયતે કરીમા નાઝિલ થઈ. આ આયતથી દા'વતની ફઝીલત તથા દા'વત આપનાર અને મુબલ્લિગની એહમિયત સારી રીતે જાણી શકાય છે. ઈર્શાદે રબ્બાની છે :–

**ومن أحسن قولا ممن دعاالی الله وعمل صالحا وقال اننی من المسلمين**

"તેનાથી વધુ સારી કોની વાત છે જે અલ્લાહની તરફ બોલાવે, નેક કામો (અમલ) કરે, અને કહે કે હું મુસલમાન છું." *(હા મીમ – સજદા, ૩૩)*

હક્કની દા'વત આપનાર આપણા આકા વ મૌલા ﷺની કેટલીયે હદીષો પણ આ વિષયમાં જોવા મળે છે. અહીંયા ફક્ત થોડીક જ હદીષો વર્ણન કરીએ છીએ :–

ઈર્શાદે નબવી છે :–

**عن ابی مسعود عقبة بن عمرو الانصاری رضی الله تعالیٰ عنه قال : قال رسول الله صلی الله تعالیٰ عليه وسلم من دلّ علی خير فله مثل اجر فاعله**

*(રિયાઝુસ્સાલિહીન, પેજ–૧૧૬)*

એક બીજી રિવાયત જે આ જ ભાવાર્થમાં છે.

**من دعا الیٰ هدی کان له من الا جرمثل اجرمثل اجورمن تبعه لا ينقص ذالك من اجورهم شيا**

*(રિયાઝુસ્સાલિહીન, પેજ–૧૧)*

પ્રથમ હદીષમાં ભલાઈનાં કાર્યો (નેક અમલ) તરફ બોલાવનાર માટે તેના ઉપર અમલ કરનારના બરાબર અજર તથા સવાબનો વાયદો કરવામાં આવ્યો છે. જ્યારે કે બીજી હદીષમાં સાંત્વન તથા તસલ્લી આપવામાં આવી છે કે હક્કની તરફ રહનુમાઈ કરનારને એટલો જ સવાબ આપવામાં આવશે જેટલો કે તેના ઉપર અમલ કરનારને આપવામાં આવે છે. અને આશ્ચર્યજનક વાત એ છે કે બંનેવના સવાબમાં કોઈ પણ કમી નહીં કરવામાં આવે તો પછી આથી વધુ અજરો સવાબ શું હોય શકે કે આપણી રહનુમાઈ તથા દા'વતના કાર્યથી જેટલા લોકોએ અમલ કર્યો તે સૌના બરાબર આપણને પણ સવાબ મળશે, જ્યારે કે જો આપણે જ પોતે અમલ કરીશું તો આપણને આપણાંજ અમલનો સવાબ મળશે.

તફસીરે રૂહુલ મઆનીમાં અલ્લામા આલૂસી رحمۃ اللہ علیہ એક હદીષ નકલ કરી છે :–

"રસૂલેપાક ﷺને પૂછવામાં આવ્યું કે લોકોમાં સૌથી સારા કોણ છે ? આપ ﷺએ ફર્માવ્યું કે જે ભલાઈનો હુકમ આપે છે અને બુરાઈથી રોકે છે અને સૌથી વધુ અલ્લાહથી ડરનાર અને સૌથી વધુ સારા સંબંધ જાળવી રાખનાર છે." *(રૂહુલ મઆની, પેજ–૨૨, ભાગ–૩)*

"હઝરત હસન બસરીથી રિવાયત છે કે જેણે ભલાઈનો હુકમ આપ્યો અને બુરાઈથી રોકી રાખ્યો તો તે "અલ્લાહનો ખલીફા" છે, અને તેના "રસૂલ ﷺનો ખલીફા" છે. આ પ્રમાણે એક દા'વત આપનારની હૈસિયત એક ખલીફાની જેમ છે જે આ હદીષમાં બયાન કરવામાં આવ્યું છે." *(રૂહુલ મઆની, પેજ–૨૨, ભા–૩)*

હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે તેઓ ફર્માવે છે કે દાઈએ આ'ઝમ ﷺ એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી ફર્માવ્યું કે ખુદાની કસમ ! જો અલ્લાહ તઆલા તારા સબબ (માધ્યમ)થી કોઈ એક વ્યક્તિને પણ હિદાયત ફર્માવી દે તો તે તારા માટે લાલ ઊંટથી પણ બેહતર છે.

લાલ ઊંટોને અરબોમાં અતિ કિંમતી માલ ગણવામાં આવતો હતો, એટલા માટે તેવા સમયમાં તેનાથી (લાલ ઊંટોથી) વધુ ખૂબ સૂરત ઈનામ આપવામાં આવતુ હતું. દા'વત તથા તબ્લીગની અધિક એહમિયત તથા મહત્વતા આ હદીષે પાકથી જાણો :–

"હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہથી રિવાયત છે જે રસૂલે ખુદા ﷺ એ ફર્માવ્યું કે જેણે હિદાયત તરફ

આમંત્રણ આપ્યું તેના માટે એટલો જ સવાબ છે જેટલો એ લોકો માટે છે જેમણે તે હિદાયતની પેરવી કરી, પેરવી કરનારના સવાબમાં કોઈ કમી કર્યા વિના. અને જેણે ગુમરાહીનું આમંત્રણ આપ્યું તેના માટે એટલો જ ગુનો છે જેટલો તે લોકો માટે છે જેમણે તે ગુમરાહીની પેરવી કરી, ગુમરાહીની પેરવી કરનારાઓના ગુનાહમાં કોઈ પણ કમી કર્યા વિના." *(રિયાઝુસ્સાલિહીન, પેજ–૧૧૬)*

આ તમામ હદીષોના અનુસંધાનમાં દા'વત તથા દા'વત આપનારની ફઝીલતથી પ્યારા વાંચકો ઘણી સારી રીતે માહિતગાર થઈ ગયા હશે. હવે આવો નીચે આ જ વિષયમાં વિશેષ કેટલીક ઈમામ અફરોઝ હદીષોનો અભ્યાસ કરો તથા દા'વતો તબ્લીગની એહમિયત તથા અઝમતથી ન માત્ર પોતાને પ્રસન્ન કરો બલ્કે અમલી રીતે દા'વતના કામમાં જોડવા માટેનો દૃઢ નિશ્ચય કરો.

હઝરત નોઅ્માન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહની મર્યાદાઓ (અલ્લાહ તરફથી નક્કી થયેલ સીમાઓ) ઉપર કાયમ રહેનાર અને એ મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારનું ઉદાહરણ એવા લોકો જેમ છે જેમણે પાસો ડ્રો કરીને એક સ્ટીમરના ભાગોને અંદર અંદર વહેંચી લીધા. તેમનામાંથી અમુકને ઉપરનો ભાગ મળ્યો અને અમુકને નીચેનો ભાગ મળ્યો. જે લોકોના ભાગમાં સ્ટીમરનો નીચેનો ભાગ આવ્યો તેઓને જયારે પાણીની જરૂરત પડે તો તેઓ ઉપરવાળાઓ પાસેથી પસાર થઈને પાણી મેળવતા. તેમણે વિચાર્યુ કે વારંવાર આપણા ઉપર જવાથી ઉપરવાળાઓને તકલીફ થાય છે, જેથી તેઓ કહેવા લાગ્યા કે જો આપણે આપણા નીચેના ભાગમાં છેદ કરી લઈએ અને છેદમાંથી પાણી મેળવતા રહીએ તો વારંવાર ઉપર જવાથી ઉપરવાળાઓને જે તકલી પહોંચે છે તે એ તકલીફ ન પહોંચે. હવે જો ઉપરવાળા જ તેમને આમ કરવાથી નહીં રોકે અને તેમને તેમના હાલ પર છોડી મૂકશે તો તેઓ પોતાની આ ખતરનાક ઈચ્છાને પૂરી કરી લેશે અને છેદ દ્વારા સ્ટીમરમાં પાણી ભરાઈ આવશે અને સ્ટીમરને ડૂબાડી દેશે અને બધા જ હલાક થઈ જશે. પરંતુ જો ઉપરવાળા તેમનો હાથ પકડી રાખશે અને તેમને છેદ કરવાથી રોકી રાખશે તો તેઓ પોતે પણ બચી જશે અને બાકીના બધા પણ બચી જશે. *(મિશ્કાત, પેજ–૪૩૬)*

રૂહુલ મઆનીમાં એક હદીષ નકલ કરવામાં આવી છે :– રસૂલેપાક ﷺ એ **ولتکن منکم امة يدعون الى الخير** ની આયત તિલાવત ફર્માવી અને ફર્માવ્યું : "કુર્આન અને મારી સુન્નતની પેરવી(માં) ભલાઈ છે." *(રૂહુલ મઆની, ભાગ–૩, પેજ–૨૧)*

આ હદીષથી જાણવા મળ્યું કે **દુનિયા તથા આખેરતમાં સંપૂર્ણ સફળતાનો દારોમદાર એ જ વાતમાં છે કે અલ્લાહની મખ્લૂકને ભલાઈ તરફ બોલાવવામાં આવે, નેકીની દા'વત આપવામાં આવે અને બુરાઈઓથી રોકવામાં આવે.**

રસૂલે પાક ﷺનું ફર્માન છે :–

તમારામાં જે કોઈ પણ કોઈ બુરી વાત જુએ તો તેને હાથ વડે બદલે (રોકે) અને જો (હાથ વડે બદલવાની) શક્તિ નથી ધરાવતો તો ઝબાનથી (રોકે) અને જો (ઝબાનથી પણ) ન બદલી શકતા હોય તો દિલથી તેને બુરુ જાણે, અને આ સૌથી કમજોર ઈમાન છે." *(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૫૧)*

આ હદીષમાં એ વાતની સ્પષ્ટતા પણ જરૂરી છે કે બુરાઈને બદલવાની (રોકવાની) જવાબદારી પબ્લિક કરતાં ઓલમા ઉપર વધારે છે.

દાઈએ આઝમ ﷺએ ઈસ્લાહ તથા દા'વતની એહમિયત બયાન કરતાં, અને તેને તરછોડવા ઉપર ઉમ્મતને સવાધાન કરતાં ઈર્શાદ ફર્માવ્યું :–

"તે ઝાતની કસમ ! જેના કબ્જામાં મારી જાન છે, તમારે અમ્ર બિલ્ મઅરૂફ (નેકીઓનો હુકમ આપવો) અને નહી અનિલ મુન્કર (બુરાઈથી રોકવા)ની ફરજ જરૂરથી અદા કરવી પડશે, નહીં તો (એ વાત) નજીક છે કે અલ્લાહ તઆલા તમારી ઉપર પોતાનો અઝાબ નાઝિલ કરે, પછી તમે તેને (અલ્લાહને) પોકારતા

રહેશો પરંતુ તમારી દુઆ ક઼બૂલ નહીં થાય." *(જામેઅ તિર્મિઝી, ભાગ–૨, પેજ–૩૯)*

આ હદીષમાં રસૂલે આ'ઝમ ﷺના દા'વત તથા દા'વતના કામોને છોડવા અંગેના ફર્માનથી અને હદીષના તેવરથી જાણી શકાય છે કે દા'વત તથા તબ્લીગનો ફરીઝો છોડી દેવો એ અલ્લાહના ગઝબને આમંત્રણ આપવું છે. અને આપણી દુઆઓના ક઼બૂલિયાતનો એક મોટો આધાર અમ્ર બિલ્ મઅરૂફ અને નહી અનીલ્ મુન્કરની જવાબદારી છે જે આજે આપણે છોડી ચૂક્યા છીએ.

ધરતીના ઉપર અને આસ્માનની નીચે કોઈ પણ વ્યક્તિ માટે આનાથી વધુ કોઈ પણ કાર્ય માનપાત્ર નથી કે તે એક એવા કામ માટે સક્રિય થઈ જાય જે તદ્દન નિઃસંકોચ એક ઈસ્લામી કામ છે. હક઼ીક઼તમાં આ એક એવો પુરસ્કાર છે જેનાથી મોટો અને માનપાત્ર કોઈ પુરસ્કાર સંભવિત જ નથી.

હદીષ શરીફમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું દીન નસીહત અને ખૈરખ્વાહી (ભલુ ઈચ્છવા)નું નામ છે. (રિવાયત કરનાર કહે છે કે) અમે અર્ઝ કરી, ખૈરખ્વાહી કોની સાથે હોય ? ફર્માવ્યું, ખૈરખ્વાહી અલ્લાહની સાથે હોય, તેની કિતાબની સાથે હોય, તેના રસૂલની સાથે હોય, મુસલમાનોના ઈમામ અને અવામ (આમ જનતા) સાથે હોય. *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૫૪)*

ઉપરોક્ત હદીષમાં હુઝૂર ﷺએ દીનને ખૈરખ્વાહી (ભલુ ઈચ્છવું) વડે સંબોધન કર્યું છે એટલે કે "ભલુ ઈચ્છવાનું નામ દીન" છે. પરંતુ આ હદીષમાં ખૈરખ્વાહીના શબ્દની વિસ્તૃતતા જરૂરી હતી એટલા માટે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ તુરંત જ તેની સ્પષ્ટતા માટે અરજ કરી કે હુઝૂર ! કોની ખૈરખ્વાહી (ભલાઈ ઈચ્છવા)નું નામ દીન છે ? ત્યારે આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે અલ્લાહની ખૈરખ્વાહી, અલ્લાહની કિતાબની ખૈરખ્વાહી, અલ્લાહના રસૂલની ખૈરખ્વાહી, ઉમ્મતે મુસ્લિમાના ઈમામોની ખૈરખ્વાહી અને આમ મુસલમાનોની ખૈરખ્વાહી.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا قُوۡۤا اَنۡفُسَكُمۡ وَاَهۡلِيۡكُمۡ نَارًا

**અર્થાત** : "હે ઈમાનવાળઓ ! પોતાની જાનોને અને પોતાના ઘરવાળાઓને (જહન્નમની) આગથી બચાવો." *(સૂ. તેહરીમ, આ. નં–૬)*

જે રીતે દરેક વ્યક્તિ પોતાનાં બીવી બચ્ચાંઓના પાલન પોષણ માટે તકલીફો વેઠે છે એ જ રીતે તેમને જોઈએ કે તે પોતાના બીવી બચ્ચાંને દોઝખની આગથી બચાવવા માટે દરેક શક્ય કોશિશ કરે, અને આ તેની શરઈ જવાબદારી છે. હદીષ શરીફમાં છે : હઝરત અબ્દુલ્લાહથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી દરેક એક બીજાનો નિગેહબાન (જવાબદાર) છે. એટલા માટે તમને એક બીજાના વિશે પૂછવામાં આવશે. જેમ કે ક઼ૌમનો સરદાર એ પણ જવાબદાર છે, પતિ પોતાની પત્નીનો જવાબદાર છે, પત્ની પોતાની પતિની જવાબદાર છે, ગુલામ પોતાના આક઼ા (માલિક)ના માલનો જવાબદાર છે. સવાધાન રહો કે તમારામાંથી દરેક જિમ્મેદાર તથા જવાબદાર છે." *(બુખારી શરીફ, પેજ–૫૭૯)*

આ તમામ હદીષોના અભ્યાસથી દા'વત, દા'વત આપનારની એહમિયત (મહત્વ) અને તેનો અજરો સવાબ વગેરે જાણવા મળ્યું. આ ઉમ્મીદની સાથે કે જો આપણે અહાદીષે નબ્વિયામાં વર્ણવેલ દા'વત તથા દીન તરફ આમંત્રિત કરવાના સિદ્ધાંતો તથા પદ્ધતિઓ ઉપર કાર્યરત થઈ જઈએ તો આપણે બેહતરથી બેહતર રીતે આજની દુનિયામાં તેના વિશાળ તથા સર્વવ્યાપી પયગામ તથા આદેશને ન માત્ર ફેલાવી શકીએ છીએ, બલ્કે સમાજમાં ઉપસ્થિત થઈ રહેલ સર્વ નાફર્માનીઓ તથા બુરાઈઓનો ખાતમો પણ કરી શકીએ છીએ, અને સમાજને આઈડિયલ માનવ સમાજ બનાવી શકીએ છીએ અને અલ્લાહ પાસે અજરો સવાબના હક્કદાર પણ બની શકીએ છીએ. અલ્લાહ તઆલાથી દુઆ છે કે અલ્લાહ આપણને કહેવા, લખવા કરતાં વધારે અમલ કરવાની તૌફીક઼ આપે. (આમીન)

*–(સુન્ની દા'વતે ઈસ્લામીનો દા'વત નંબર,*
*અઝ : મૌલાના શમ્સુદ્દીન અલીમી મિસ્બાહી)*




# ઈસ્લામની દા'વત ઈન્ટરનેટ પર

રજૂકર્તા **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*

ઈસ્લામ એક ખુદાઈ મઝહબ છે એ કોઈ જમાના કે સમય સુધી સીમિત નથી બલ્કે ઈસ્લામ દરેક યુગ અને જમાનાનો મઝહબ છે. ઈસ્લામ કદી ન જૂનવાણી થયો છે ન થશે. આજે જે કાંઈક સાયન્સી સંશોધનો થઈ રહ્યાં છે એના પાયામાં મુસ્લિમ ઉલ્મા તથા વૈજ્ઞાનિકોનો ખૂનપસીનો સામેલ છે. આજે સાયન્સ જે પ્રગતિ કરી રહ્યું છે તે મુસ્લિમ વિજ્ઞાનીઓનો અને બુદ્ધિજીવીઓના જ પ્રતાપે છે. પરંતુ કૌમે મુસ્લિમ જેના માટે જમીનની હુકૂમત અને આસ્માનની મદદના દ્વારો ઉઘાડાં કરી દેવામાં આવ્યાં, જેના માટે સરદારી અને વિજય અંકિત કરી દેવામાં આવ્યાં એ મુસ્લિમ કૌમ સમગ્ર વિશ્વ પર પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરીને સમજી બેઠી કે હવે આપણે કાંઈ કરવાની જરૂરત નથી ! આ તો મુસલમાનોની તરક્કીની શરૂઆત જ હતી પરંતુ આપણે એને જ અંત સમજ્યા કે આપણે બધું જ પ્રાપ્ત કરી લીધું છે.

એક બાજુ આપણે મૌજ મસ્તીમાં પડી ગયા અને બીજી બાજુ આપણા પૂર્વજોના સંશોધનો પર મહેનત કરી યૂરોપ, અમેરિકા, જાપાન, ફ્રાંસ, જર્મની.... વગેરે દેશોએ ધીરે ધીરે પોતાનો વ્યાપાર, અર્થતંત્ર, હુકૂમત બધું જ સુધારી લીધું. આજે દુનિયાના સર્વ પ્રકારના માધ્યમો પર એમનો જ કબ્જો છે. શૈતાની શક્તિઓએ આપણાથી ઈલ્મ શીખીને દુનિયા જીતી પોતાના તાબે કરી લીધી અને એનાથી વિપરિત આપણે આપણા પૂર્વજોથી, એમના ઈલ્મી ખજાનાથી કોઈ સંબંધ ન રાખ્યો અને દુર્ભાગ્યે એમના આધિન તથા તેમના ગુલામ બની ગયા.

ઈસ્લામ પોતાની હક્કાનિયતના બળ પર કાલે પણ કાયમ હતો, આજે પણ છે અને કયામત સુધી રહેશે, પરંતુ આપણે પોતાની જિમ્મેદારીઓથી ગાફેલ થઈ ગયા. આજે જે આપણે વિશ્વભરમાં મુસ્લિમોની સંખ્યા જોઈને ગર્વ અનુભવીએ છીએ તો એમાં આપણી કોશિશો કરતાં ઈસ્લામની હક્કાનિયતને વધારે દખલ છે. આપણે પોતાને સીમિત કરી લીધા છે. આપણા અમલ કેવા કે ગૈરકૌમો પણ લજાય ! સાચે જ કહ્યું છે :–

**તુમ હો સૂરતમેં નસારા તો તમદુન મેં હુનૂદ**
**યે મુસલમાં હે જિન્હેં દેખકે શર્માએ યહૂદ !**

આપણી આ જ અમલી દુદર્શા જોઈને જ્યોર્જ બર્નાડ શોએ કહ્યું હતું કે, "ઈસ્લામ સર્વોત્તમ ધર્મ છે અને મુસલમાન સૌથી બુરી કૌમ છે."

### ★ ઈન્ટરનેટના લાભાલાભ ★

આ દૌરને ગ્લોબલાઈઝેશન (વૈશ્વિકરણ)નો દૌર કહેવામાં આવે છે. આ યુગમાં માધ્યમો અને અંતરો એટલાં સીમિત થઈ ગયાં છે કે આજે દુનિયાને Global Village (વિશ્વ ગામડુ) કહેવાય છે. ઈન્ટરનેટ પણ આ જ યુગની ઉપજ છે જેનાથી અંતર તો કપાયાં પણ સાથે સાથે દુનિયાભરની ખબરો તથા જાણકારી સેકંડોમાં પ્રાપ્ત થવા લાગી. ઈન્ટરનેટના ઘણા ફાયદા છે જેમ કે ઈન્ટરનેટ દ્વારા ઘર બેઠાં વ્યાપાર વિકસાવી શકાય છે, દરેક પ્રકારની તા'લીમ મેળવી શકાય છે. દુનિયાના કોઈ પણ ખૂણામાં બેઠેલી વ્યક્તિને સંદેશ પહોંચાડી શકાય છે કે વાતચીત કરી શકાય છે, દુનિયાભરના સમાચારપત્રો તથા દીની દુનિયવી પુસ્તકો (ebooks) વાંચી શકાય છે. ઈન્ટરનેટ, ટી.વી. (T.V.) કરતાં ઘણુ જ ફાયદાકારક છે કારણ કે T.V. ચેનલો અમુક હદ સુધી જ પોતાનું પ્રસારણ ટેલીકાસ્ટ કરી શકે છે અને દરેક દેશનું T.V. ચેનલ પૂરા વિશ્વમાં નથી જોઈ શકાતુ પરંતુ ઈન્ટરનેટ દ્વારા ઓછા ખર્ચે દુનિયાના કોઈ પણ ભાગમાં પોતાની વાત પહોંચાડી શકાય છે.

પરંતુ યાદ રહે કે જેવી રીતે ઈન્ટરનેટના અસંખ્ય ફાયદા છે તેવી જ રીતે અગણિત નુકસાનો પણ છે. પ્રારંભિક રીતે દરેક વસ્તુ સારા મક્સદ અર્થે જ બનાવવામાં આવતી હોય છે, પરંતુ નેગેટિવ વિચારશૈલીના લોકો એનો દુરુપયોગ કરીને માનવતાને હાનિ પહોંચાડતા હોય છે. આપણા હાથ, પગ, આંખને જ જુઓ કે એમનાથી જેવાં કાર્યો લેવામાં આવે એવાં જ કામ આપણા અંગો કરે છે, સારાં કામો કરાવો તો સારા અને બુરાં કામો કરાવો તો બુરા, એ જ રીતે ઈન્ટરનેટનો ઉપયોગ પણ સારા કરતાં બુરા કાર્યોમાં વધુ થવા લાગ્યો છે જેમાંથી અમુક આ પ્રમાણે છે.

### ★ બિભત્સ અને નગ્નતાપૂર્ણ વેબસાઈટો ★

ઈન્ટરનેટ પર લાખોની સંખ્યામાં નગ્ન અને બિભત્સ વેબસાઈટો બનાવી પીરસવામાં આવી રહી છે જેનાથી લોકોના વિચાર, સંસ્કાર અને અંતે આખુ જીવન ગંદુ થઈ જાય છે. નવયુવાન પેઢી વિશેષ રીતે એનાથી પ્રભાવિત થઈ રહી છે. **આવી ગંદી વેબસાઈટો જોઈ જોઈને લોકો એવા કામવાસનાના વરૂ થઈ જાય છે કે રોજ રોજ ઝિના, વ્યભિચાર અને બળાત્કારની ઘટનાઓનું પ્રમાણ વધી રહ્યું છે.** આવી વેબસાઈટોનો દુષ્પ્રભાવ એટલો ભયાનક છે કે **આજે બાપના હાથે બેટી સુરક્ષિત નથી રહી** ! ઈન્ટરનેટ દ્વારા માં, બહેન અને બેટી જેવા સ્ત્રીના પવિત્ર રૂપને મિટાવવાની કોશિશ કરવામાં આવી રહી છે.

### ★ ચેટિંગ (Chating) થકી ગુનાહોનું ગરમ બજાર ! ★

ચેટિંગ એટલે વાતચીત, ઈન્ટરનેટ પર ઘણી એવી વેબસાઈટો છે જેમાં ચેટિંગ દ્વારા લોકો ઈચ્છાનુસાર જયારે ચાહે ઓનલાઈન(Online) થઈ એકબીજા સાથે દુનિયાના કોઈપણ ખૂણેથી લખીને અથવા બોલીને અથવા વેબકેમ દ્વારા સામી વ્યક્તિને જોઈને વાતચીત કરી શકે છે. એ જ પ્રમાણે ચેટિંગ દ્વારા હજારો ગુનાહ આચરવામાં આવી રહ્યા હતા અને રહી ગયેલી કસર પણ વેબકેમ (ઈન્ટરનેટ કેમેરા)એ પૂર્ણ કરી નાખી. આજની યુવા પેઢીનો અધિક્તમ સમય ઈન્ટરનેટ પર ચેટિંગનો ભોગ બને છે જેના કારણે અનિંદ્રા, ડિપ્રેશન જેવી હાનિકારક બીમારીઓ તથા ચેટિંગમાં ગંદી વાતચીત અને ગંદા વિચારોની આપલેના કારણે જ ભયાનક પરિણામો જાહેર થઈ રહ્યાં છે તેનાથી સૌ વાકેફ છે અને જતા દહાડે સમાચારપત્રો તથા ન્યૂઝ ચેનલો ચેટિંગ દ્વારા પરસ્પર ઓળખ અને સંબંધ પછી બનતા શરમજનક કિસ્સાઓનો ચિતાર રજૂ કરતાં રહે છે.

### ★ ઈસ્લામ વિરોધી વેબસાઈટો ★
**(Anti Islamic Websites)**

ઈસ્લામ વિરોધી વેબસાઈટોના ઘણા પ્રકાર છે. એક તો બિભત્સ વેબસાઈટો કે એ પણ ઈસ્લામ વિરોધી જ છે કે તેના દ્વારા મુસલમાનોને સંસ્કાર અને ચારિત્રને બગાડી દીનથી દૂર કરવામાં આવી રહ્યા છે. પરંતુ એક પ્રકાર એવી વેબસાઈટોનો પણ છે જે યહૂદીઓ અને ઈસાઈઓ દ્વારા ઈસ્લામ વિરુદ્ધ મટિરિયલના આધારે બનાવવામાં આવી છે જેમાં સાચી ઈસ્લામી તા'લીમત અને લિટરેચરને બગાડી તેમાં ભેળસેળ કરીને ઈસ્લામના નામથી રજૂ કરવામાં આવે છે. આવી વેબસાઈટો જોનાર એ સાઈટોને ઈસ્લામી તા'લીમાત અને ઈસ્લામી લિટરેચર પર આધારિત ઈસ્લામિક સાઈટ સમજે છે પરંતુ **હકીકતમાં આ પ્રકારની વેબસાઈટો દ્વારા સામાન્ય જ્ઞાન ધરાવતા આમ મુસલમમાનોને ઈસ્લામના નામથી ખોટી સમજૂતી અને ઈસ્લામ વિરોધી તા'લીમાત આપી તેમના ઈમાન અકીદાને ખરાબ કરવામાં આવી રહ્યા છે.**

એ જ રીતે અમુક વેબસાઈટો દ્વારા ઈસ્લામ પર વાંધાઓ અને ખોટા જૂઠા આક્ષેપો મૂકી લોકોને ઈસ્લામથી ધૃણા કરતા કરવામાં આવી રહ્યા છે જેનાથી કોઈ બદ્ગુમાન નહીં થાય તો કમસે કમ એનો દુષ્પ્રભાવ એટલો તો જરૂર પડે છે કે આવી સાઈટો જોનાર શંકાકુશંકામાં પડી જાય છે અને છેવટે એ જ વસવસા એને ઈસ્લામી સાચી તા'લીમાતથી બેઝાર

(બેપરવા) કરી દે છે.

દિન પ્રતિ દિન આવી વેબસાઈટો પર વિવિધ રીતે ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺની તૌહીન કરવામાં આવે છે. ગયા વરસે જ આવી એક સાઈટ પર "ટ્રુ કુર્આન" (**True Qur'an**) નામથી એક બનાવટી કુર્આન ઈન્ટરનેટ દ્વારા આખી દુનિયામાં ફેલાવવામાં આવ્યું જેમાં કુર્આને મુકદ્દસની પદ્ધતિ પર ઈસાઈ અકીદા મુજબની સૂરતો બનાવવામાં આવી હતી. અને હાલમાં જ ઈન્ટરનેટ પર "ફિત્ના" (**Fitna**) નામી ઈસ્લામ વિરુદ્ધ ફિલ્મનો પ્રચાર કરવામાં આવ્યો જેમાં કુર્આને અઝીમની અમુક આયતોના આગળ પાછળના ભાગ કાપીને તેનું ખોટુ અર્થઘટન કરી મુસ્લિમોને આતંકવાદી (ત્રાસવાદી) સાબિત કરવાની નાપાક કોશિશ કરવામાં આવી હતી. સારાંશ કે દિન પ્રતિ દિન કોઈપણ રીતે ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺની તૌહીન કરી મુસલમાનોની લાગણી દુભાવવામાં આવી રહી છે જેથી કૌમી તોફાનોનું વાતાવરણ ઉભુ કરી મુસલમાનોના જાન, માલ, ઈજ્જત આબરૂને પાયમાલ કરી શકાય.

એક પ્રકાર એવી સાઈટોનો છે જે ગુમરાહ અને બાતિલ, બેદીન ફિર્કાવાળાઓ થકી બનાવવામાં આવી છે એના દ્વારા આ બદ્‌મઝહબો પોતાના ગુમરાહકુન અકીદા તથા માન્યતાઓની તબ્લીગ કરી ભોલાભાલા મુસલમાનોને ગુમરાહ કરે છે.

### ★ ચિંતાનો વિષય : જવાબી કાર્યવાહીનો અભાવ ★

આપણે જોઈએ છીએ કે દરેક ક્ષેત્રે અને દરેક રીતે ઈસ્લામ અને મુસલમાનોને ગૈર કૌમો તરફથી કેટલી મોટી અને કેવી કેવી ચેલેંજોનો સામનો છે પરંતુ એ સૌથી બેભાન અને અજાણ જેવા મુસ્લિમો દુશ્મન જેટલો સર્તક છે એટલા જ ગફલતમાં રહી આંખ આડા કરી બેઠા છે ! દરેક વિભાગમાં આપણી પીછેહઠ ઘણી જ ચિંતાજનક છે એ જ પ્રમાણે ઈન્ટરનેટ પર આપણુ કામ આટામાં નમકની જેમ જોવા મળે છે.

હવે વિચારો કે જ્યારે સમગ્ર વિશ્વ ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ પ્રયત્નશિલ છે અને આપણી આંખો ઉઘડતી નથી, આવી પરિસ્થિતિમાં જો કોઈ સામાન્ય મુસલમાન કોઈ નવમુસ્લિમ અથવા ગૈર મુસ્લિમ ઈન્ટરનેટ દ્વારા ઈસ્લામી માલૂમાત અને જાણકારી મેળવવા આવી સાઈટો જોશે તો શું ત્યાં આપેલી ગુમરાહકુન તા'લીમાત અને અકાઈદથી એ પ્રભાવિત નહીં થાય ? શું સામાન્ય લોકો હક્ક અને બાતિલની ભેળસેળમાં તફાવત કરી શકે છે ? શું આજના સૌથી મોટા ફિત્નાથી નવયુવાન પેઢીને બચાવવાની આપણી જિમ્મેદારી નથી ? શું ઈન્ટરનેટ દ્વારા ભલાઈનો હુકમ અને બુરાઈથી રોકવાની આપણી ફરજ નથી ?

એક મુસલમાન અને ઈમાનવાળા હોવાના નાતે આપણી ફરજ બને છે કે દુનિયાની નેગેટીવ તથા શયતાની શક્તિઓનો નિરંતર મુકાબલો કરતા રહીએ અને યથાશક્તિ એનો ખાત્મો કરવાની કોશિશ કરીએ અથવા એની ખરાબ અસરો તથા પ્રપંચોથી તમામ ઈન્સાનોને સામાન્યતઃ અને મુસલમાનોને વિશેષ રીતે બચાવવાનો પ્રયાસ કરીએ.

હવે બે પ્રકારની જિમ્મેદારીઓ આપણા માથે આવે છે : એક તો ઈન્ટરનેટ પર પોઝિટિવ રીતે ઈસ્લામની તબ્લીગના પ્રયાસો કરવા અને બીજી ઈસ્લામ દુશ્મન શક્તિઓનો તથા બદ્‌મઝહબોનો રદિયો કરી લોકોને એમના ધોકાથી બચાવવા.

### ★ આપણે શું કરવું જોઈએ ? ★

એવું પણ નથી કે ઈન્ટરનેટ પર સહીહુલ્ અકીદા મુસલમાનોએ નથી કર્યું અથવા ઈસ્લામ અને સુન્નિયતની તબ્લીગ્ માટે કોઈ વેબસાઈટ નથી બનાવવામાં આવી, ઈન્ટરનેટ પર કામ તો થયું છે પરંતુ નહીંવત જેવું, અને તે પણ દુશ્મનોના મુકાબલામાં ઘણુ જ કાચુ, હાં ! અમુક બહુમૂલ્ય અને લાભદાયક સુન્ની વેબસાઈટો છે એ સિવાય આપણી અધિક્તમ વેબસાઈટો નામ માત્રની છે જેમના હોવા ન હોવાથી કાંઈ ફરક નથી પડતો. એમાં પણ કેટલીક

વેબસાઈટો ના'ત, મન્કબત વગેરેની છે. અને આપણી કેટલીક વેબસાઈટો પર તો એક સરખુ જ લિટરેચર અને એક જ મટિરિયલ જોવા મળે છે, જ્યારે કે કાયદેસર રીતે આયોજનપૂર્વક ઈસ્લામ અને અહલે સુન્નત વલ્ જમાઅતના લિટરેચરને નેટ દ્વારા વિશ્વભરમાં ફેલાવવાની જરૂરત છે.

અત્રે અમુક મહત્વના મુદ્દા લખવામાં આવે છે જેના અનુસાર જો પ્રયાસો કરવામાં આવે તો ઈન્ટરનેટ દ્વારા ઈસ્લામ અને સુન્નિયતની તબ્લીગનું વર્તુળ ઘણુ જ વિકસિત થઈ શકે છે અને એનાથી પોતે સહીહુલ્ અકીદા મુસલમાનોને તથા ઈસ્લામમાં રૂચી ધરાવતા અન્ય ધર્મોના અનુયાયીઓને અને વિશેષ રીતે ઈસ્લામ દુશ્મનોના પ્રપંચોથી ઈસ્લામી તા'લીમાત વિશે શંકા કુશંકાઓમાં પડેલા લોકોને ઘણો મોટો ફાયદો થશે.

વિશ્વમાં પ્રચલિત અગત્યની ભાષાઓમાં કુર્આને હકીમના તર્જુમા અને તફસીરો પર આધારિત આપણી કોઈ વેબસાઈટ નથી, જેની ઘણી જ જરૂરત છે. આ એક ઘણુ જ પાયાનું કાર્ય છે અને કોઈ એક વ્યક્તિથી થઈ શકે એમ નથી. કોઈ સંસ્થા અથવા ઈદારો આવા અત્યંત અગત્યના કાર્ય તરફ ધ્યાન દોરે તો એક ઘણુ મોટુ કામ થશે.

એ જ રીતે વિવિધ ભાષાઓમાં હદીષોની સમજૂતી પર આધારિત એક સંપૂર્ણ ભરોસાપાત્ર વેબસાઈટ પણ અનિવાર્ય છે. આજે ગૈર મુકલ્લિદો, અહલે હદીષ અને બાતિલ ફિર્કાવાળા હદીષની કિતાબોમાં ફેરબદલ કરી ખોટી સમજૂતી આપી પોતાના ગલત અકીદાઓને હક્કા સાબિત કરવાની કોશિશો કરી રહ્યા છે અને આપણી પાસે હજુ સુધી અંગ્રેજી જેવી કોમન ભાષામાં પણ કોઈ હદીષનો સંગ્રહ નથી ! સર્વ મહત્વની ભાષાઓમાં હદીષની કિતાબોના ભાષાંતર અને સમજૂતી ઈન્ટરનેટ પર હોવી જરૂરી છે તથા તેની સીડી પણ બનાવી વિના મૂલ્યે અથવા ઓછી કિંમતે ફેલાવવામાં આવે.

અહલે સુન્નત વલ્ જમાઅતની કોઈ સંપૂર્ણ સાઈટ સીરતે નબવી ﷺ પર નથી જેથી સીરતે નબવી ﷺ પર એક એવી સંપૂર્ણ વેબસાઈટ હોવી જોઈએ જે સીરતુન્નબી ﷺનો ઈન્સાયક્લોપિડિયા કહેવાય, જેમાં વિવિધ ભાષાઓમાં મૌખિક અને લેખિત લિટરેચર પીરસવામાં આવે.

દીનની દા'વત અને તબ્લીગથી સંબંધિત એક અલગ સાઈટ તૈયાર કરવામાં આવે જ્યાં ઈસ્લામની દા'વત તથા તબ્લીગનું મહત્વ, તબ્લીગના તરીકા, દાઈયાને ઈસ્લામ (ઈસ્લામ પ્રતિ દા'વત આપનારાઓ)ના વર્ણનો, ગૈર મુસ્લિમો પર દીનની દા'વતની અસરો, નવમુસ્લિમોના ઈસ્લામ સ્વીકાર્યા પછીના અભિપ્રાય વગેરે રજૂ કરવામાં આવે.

એક વેબસાઈટ તસવ્વુફ પર હોવી જોઈએ, અંબિયાએ કિરામ પછી અવલિયા અલ્લાહ દ્વારા જ ઈસ્લામ આખી દુનિયામાં ફેલાયો છે. હિંદુસ્તાનના મુસલમાનો પર ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہનું કેટલા પ્રમાણમાં એહસાન છે કે તેમણે આપણને ઈસ્લામ આપ્યો અને જમાઅતમાં લીધા, પરંતુ આજની વધારે પડતી ખાનકાહો બેઅમલી તથા બદ્અમલીની શિકાર છે. જ્યાંથી આજ સુધી રૂશ્દો હિદાયતનું કામ થયું ત્યાં જ એક સાઝિશ હેઠળ આજે ઈસ્લામની જડો ખોદવામાં આવી રહી છે. એટલે જ એવી વેબસાઈટની જરૂરત છે જે શરીઅત અને તરીકતના સંગમ સાથે તસવ્વુફની તા'લીમાત પર આધારિત હોય અને જ્યાં અવલિયાએ કિરામ અને બુઝુર્ગાને દીન رحمۃ اللہ تعالیٰ علیہم اجمعینની દા'વતી તથા તબ્લીગી ખિદમતોને પણ રજૂ કરવામાં આવે જેથી આપણે પણ એમના નક્શે કદમ પર ચાલી શકીએ.

આ બધામાં એ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવે કે ઉપરોક્ત સૂચનો મુજબ જે સાઈટો બનાવવામાં આવે તેમાં જે તે વિષયને લગતુ મટિરિયલ જ રાખવામાં આવે. એવું ન કરવામાં આવે કે કુર્આન અથવા હદીષ અથવા તસવ્વુફથી સંબંધિત સાઈટમાં નઅતો, મન્કબત, બયાનાત, ઓનલાઈન સવાલ જવાબ વગેરે પણ સામેલ કરી દેવામાં આવે કે આમ કરવાથી સાઈટના વિઝિટર્સની સંખ્યામાં વધારો નહીં થાય અને જે તે વિષયની વેબસાઈટનો જે બહોળો

ફાયદો થવો જોઈએ તે નહીં થાય. હા ! અલબત્ત નઅત, બયાનાત... વગેરેથી સંબંધિત સાઈટોના લિંક, વેબ એડ્રેસ ત્યાં આપી દેવામાં આવે.

દીનની ખિદમતનો જઝબો રાખનાર આધુનિક એજ્યુકેશનવાળા લોકો ઈન્ટરનેટ પર વિવિધ સાઈટોના ગૃપ (Group) અથવા ફાર્મસ (Forum)માં જઈ અથવા ચેટિંગ રૂમ્સમાં ઈસ્લામની સાચી તા'લીમાત લોકો સુધી પહોંચાડી ઘણી મોટી ખિદમત આપી શકે છે. અને નેટ પર ગૃપર્સ ફોર્મસ અથવા ચેટમાં ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ ﷺ પર થતા કોઈપણ પ્રકારના હુમલાનો ઈલ્મી જવાબ દઈ તેમને રદીયો પણ આપી શકે છે અને લોકોને ગુમરાહિયતથી પણ બચાવી શકે છે.

દરેક શહેર અને વિસ્તારમાં ઈસ્લામી ખિદમત અને કૌમે મુસ્લિમના દર્દનો જઝ્બો રાખનારા, નામૂસે રિસાલત ﷺ પર જાન ન્યોછાવર કરવાવાળા થોડાક દીવાનાઓ જો આવા નેક કામ માટે કમરકસી લે તો વધતી જતી ગુમરાહિયત અને બેદીની પર અંકૂશ મૂકી શકીએ છે જે ખરેખર એક ઘણુ જ અગત્યનું તથા એક મહાન કાર્ય થશે.

અને એવું પણ નથી કે આપણામાં આવા જઝ્બાવાળા દીને હક્કના શૈદાઈઓ નથી, અલ્હમ્દુલિલ્લાહ ! આપણે ત્યાં કોઈ વાતની ઉણપ નથી, ઉણપ છે તો લોકોમાં દીનની ખિદમતનો જઝ્બો જાગૃત કરવાની તથા લોકોને સાચા માર્ગદર્શનની.

અલગ અલગ વિસ્તારમાં રહેવાવાળા દોસ્ત અને સગા સંબંધીઓ પોતાના અલગથી ગૃપ અથવા ફોર્મ બનાવે, જ્યાં એકબીજા સાથે દીની મા'લૂમાતની ચર્ચા સાથે ઈસ્લામ પર ઉઠતા પ્રશ્નોના જવાબ આપી શકાય, અને આ કાર્ય ઉર્દૂ સાથે અંગ્રેજી, અરબી જેવી કોમન ભાષાઓમાં થાય તો થોડા જ સમયમાં સારા પરિણામો જોવા મળશે.

ઈન્ટરનેટ પર ખબરો સંબંધે વેબ સાઈટ હોય. સૌ જાણે છે કે આજે પ્રિન્ટ મિડિયા હોય કે ઈલેક્ટ્રોનિક મિડિયા હોય ગૈરોની તથા શૈતાની તાકતો સંપૂર્ણપણે તેના પર કબ્જો જમાવી બેઠી છે જેના કારણે આપણને આપણી મૌતની ખબર પણ આપણા દુશ્મનોથી મળે છે. એટલા માટે સુન્ની આલમની ખબર અંતર પર આધારિત કોઈ એક વેબસાઈટ હોવી અત્યંત જરૂરી છે જેમાં દુનિયાભરમાં વસતા અહલે સુન્નત વલ જમાઅતથી સંબંધિત ખબરો, સમાચાર અને ઉપયોગી એવી જાણકારી હમેશાં મેળવી શકાય, અને દા'વત તથા તબ્લીગ માટે પણ આ જરૂરી છે કે આપણી બેખબરી જ આપણી મૌત છે, અલ્લાહ તઆલાએ મુસલમાનોને ઉમ્મતના જિમ્મેદાર અને દીનની દા'વત આપનાર બનાવી મોકલ્યા છે તો જ્યાં સુધી ક્યાં શું થઈ રહ્યું છે, ક્યાં શાની જરૂરત છે એની વિગત આપણી પાસે નહીં હોય તો આપણે અંધારામાં રહી શું કરી શકવાના ?

અલ્હમ્દુલિલ્લાહ ! આપણા વાર્ષિક ઈજતેમા તો નેટ દ્વારા જીવંત પ્રસારિત (Live cast) કરવામાં આવે છે જેના ફાયદા અને સારા પરિણામ અવારનવાર જોવા મળતા રહે છે. એ જ રીતે હફતાવારી ઈજતેમા પણ પ્રસારિત કરવામાં આવે. આ રીતે થોડા સમયમાં આપણે દા'વત તથા તબ્લીગનો સંદેશ સમગ્ર વિશ્વમાં એક સાથે પહોંચાડી શકીએ છીએ.

આ અમુક મુદ્દા હતા જેમાં વધારા ઘટાડા સાથે નેટ દ્વારા ઈસ્લામી તબ્લીગ અને ખિદમતનું મહાન કાર્ય સરળ અને લાભદાયક થઈ શકે છે. આજના આ અતિ આધુનિક યુગમાં જ્યારે કે લોકો પાસે સમય અને ફુરસત નથી હોતી નેટ દ્વારા જાણકારી મેળવવાનું ચલણ હવા અને પાણીની જેમ જરૂરી થઈ ગયું છે, તો આવા સમયમાં જો આપણે ગફલતમાં રહીએ તો દીન દુનિયાનું ઘણુ મોટુ નુકસાન થશે જેનો વબાલ કાલે કયામતમાં આપણા જ માથે આવશે, માટે દરેકે દરેક રીતે ઈસ્લામની તબ્લીગ કરવા વિશે વિચારવું પડશે.

અફસોસ કે અર્વાચીન એજ્યુકેટેડ લોકોનું સાચુ માર્ગદર્શન ન મળવાના અભાવે તેઓ આ વિષયમાં પોતાને લાચાર સમજે છે.

જરૂરત છે અર્વાચીન એજ્યુકેટેડ, ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીથી સંબંધિત, વેબ ડિઝાઈનર અને સોફટવેર એન્જિનિયર્સ તથા કોમ્પ્યૂટરમાં મહારત ધરાવતા લોકોની, કે જો આવા લોકો આ તરફ ધ્યાન આપે અને પદ્ધતિસર સંપૂર્ણ આયોજનપૂર્વક ઉલ્માએ કિરામની નિગરાનીમાં અને દીની કિતાબોની રોશનીમાં દીનો સુન્નિયતનું કામ કરવામાં આવે તો ઈન્શાઅલ્લાહ ! ટૂંક સમયમાં જ અસરકારક સારા પરિણામ જોવા મળશે.

## ★ અમુક સુન્ની વેબસાઈટો ★


અંતમાં અમુક સુન્ની વેબ સાઈટોની યાદી રજૂ કરીએ છીએ જે દીન તથા સુન્નિયતનું જ્ઞાન મેળવવામાં સૌને લાભદાયી થશે, ઈન્શાઅલ્લાહ !

www.sunnidawateislami.net
www.barkatekhwaja.net
www.trueislam.info
www.truequran.com
www.sunnah.org
www.ja-alhaq.com
www.islamicAcademy.org
www.barkati.net
www.imamahmadraza.net
www.alahazratnetwork.org
www.nooemadinah.net
www.razaemustafa.net
www.raza.co.za
www.ala-hazrat.org
www.ahadees.com
www.hazrat.org
www.dawateislami.net
www.fikreraza.net
www.khatmenabuwat.com
www.thelightofgolrasharif.com
www.noorenabi.net
www.sunnispeeches.com
www.muhammadiya.com
www.humsunni.cjb.net
www.siratemustaqeem.net
www.livingislam.org
www.aqdas.co.uk
www.wahabi.8m.net
www.ishaateislam.net
www.sunniPort.com
www.razaemustafa.net
www.harunYahya.com
www.madni.org
www.faizanemadina.com
www.zamzam.net
www.jamateAhleSunnat.net
www.ahleSunnat.net
www.deenislam.co.uk
www.ahlussunnahSwalijamah.blogsport.com

*(સુન્ની દા'વતે ઈસ્લામીનો દા'વત નંબર, અઝ : મૌલાના મુહમ્મદ ઝુબેર કાદરી)*

## ✪ ઈખ્તિયારે નબી ﷺ સહીહ હદીષની રોશનીમાં ✪

સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે, હુઝૂર રસૂલે ખુદા ﷺ એ ખુત્બો પઢયો, તેમાં આપે ફર્માવ્યું, ''હે લોકો ! તમારી પર હજ્જ ફર્ઝ કરવામાં આવી માટે હજ્જ અદા કરો.'' એક માણસે અર્ઝ કરી કે, દર વરસે યા રસૂલલ્લાહ ?! ﷺ હુઝૂર ﷺ એ મૌન ધારણ કર્યું. તે સહાબીએ ત્રણવાર એ સવાલ દોહરાવ્યો તો હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, **''જો હું 'હા' કહી દેત તો તમારા પર વાજિબ થઈ જાત અને તમારાથી દર વરસે થઈ શકતું નહીં.''** પછી આપે ફર્માવ્યું, જ્યાં સુધી હું કોઈ વાતને તમારાથી બયાન ન કરું તમે મારાથી (તેનો) સવાલ કરો નહીં. આગળના લોકો વધુ પડતા સવાલો અને પછી તે નબીઓની મુખાલેફત (વિરુદ્ધતા)ના કારણે બરબાદ થઈ ગયા. એટલા માટે જ્યારે હું કોઈ વાતનો હુકમ આપું તો જ્યાં સુધી શકય હોય તેને કરો અને જ્યારે હું કોઈ વાતથી મના ફર્માવી દઉં તો તેને છોડી દો.'' *(બહારે શરીઅત, ભાગ–૬)* એકથી વધુ હજ્જનું વાજિબ થવું હુઝૂર ﷺ ના 'હા' કહેવા પર નિર્ભર રહ્યું જે દર્શાવે છે કે હુઝૂર ﷺ ને અલ્લાહે ઈખ્તિયારવાળા બનાવ્યા છે.



# હજજમાં શરૂથી અંત સુધીનાં કામો

★ કાર્યાલય ★

**૧**

**એહરામ** : પોતાના દેશના એરપોર્ટથી જ એહરામ બાંધી લેવો જોઈએ. વગર સીવેલી બે ચાદર (રા–રા મિટરની) એક લૂંગી તરીકે બીજી મોઢા માથા સિવાય ઓઢવાની. સ્ત્રીઓ માટે તેમનાં સાદાં કપડાં જ એહરામ ગણાશે પણ મોઢાને કપડુ સ્પર્શે એ રીતે મોઢું ન ઢાંકવું. પગમાં દરેકે સ્લીપર પહેરવા જેથી હાડકી ખુલ્લી દેખાય, વાળ, નખ, મેલ તથા જૂ દૂર ન કરવી, સંભોગ ન કરવો, ન ખૂશ્બુ લગાડવી, ગાળ ગલોચ, ઝઘડો ન કરવો. લુંગીને ગાંઠ કે દોરી ન બાંધવી. બેલ્ટ બાંધી શકાય. જિદ્દાથી મક્કા પહોંચી પ્રથમ ઉમરો કરી લો.

**૨**

**૮ મી ઝીલ હજ્જ : હજ્જ શરૂ :** સવારમાં ગુસ્લ કરી એહરામ બાંધી હરમ શરીફમાં જઈ બે રકાત નફ્લ પઢી નિયત કરવી. પછી તલબિયા (ત્રણવાર પઢી દુઆ કરવી). તવાફે ઝિયારત વખતે સઈ ન કરવી પડે માટે ચાહો તો નફ્લ તવાફ સાથે સઈ કરી લો જેથી હજ્જ પછી ફક્ત તવાફે ઝિયારત જ બાકી રહેશે. હવે મિના જવા નીકળો. ત્યાં ઝહોરથી બીજા દિવસની ફજર સુધી નમાઝો પઢવી.

**૩**

**૯ મી ઝીલ હજ્જ : બીજો દિવસ** : હવે અરફાત જવા નીકળો. મસ્જિદે નમરહમાં પઢો તો ઝોહર તથા અસ્ર એક સાથે પઢવી. નહીં તો અલગ પઢનારે કે તંબુમાં અલગ જમાઅતો કરનારે ઝોહર તથા અસ્ર દરેકના સમયે જ અલગ અલગ પઢવી. મગરિબના સમયે મગરિબની નમાઝ પઢયા વિના મુઝદલ્ફા જવા રવાના થવું. ઈશાના સમયે ત્યાં મગરિબ તથા ઈશા બંને નમાઝો સાથે પઢી લેવી. શૈતાનને મારવા ૭૦–૭૫ કાંકરીઓ ત્યાંથી વીણી લેવી.

**૪**

**૧૦ મી ઝીલ હજ્જ : ત્રીજો દિવસ** : મુઝદલ્ફાથી ફજર પઢી મિના જવા રવાના થવું. ઝવાલથી પહેલાં મોટા શૈતાનને સાત કંકારીઓ મારવી, પછી કુર્બાની કરી માથુ મુંડાવવું પછી મક્કા જઈ તવાફે ઝિયારત કરી મિના પાછા ફરવું. રાત મિનામાં રોકાવું.

**૫**

**૧૧ મી ઝીલ હજ્જ : ચોથો દિવસ** : મિનામાં રમી કરવી ઝવાલથી મગરિબ સુધી (કમજોરો, ઔરતો, બીમારો, મગરિબ બાદ પણ મારી શકશે) ત્રણેય શૈતાનને, પ્રથમ નાના ને પછી વચલાને પછી મોટા શૈતાનને ૭–૭ કાંકરીઓ મારવી. પ્રથમ બેને માર્યા બાદ દુઆ કરવી છેલ્લાને માર્યા બાદ દુઆ કર્યા વિના ચાલતા રહેવું. રાત્રે મિનામાં રોકાવું.

**૬**

**૧૨ મી ઝીલ હજ્જ : પાંચમો દિવસ** : ઝવાલથી મગરિબ સુધીમાં ૧૧ મી જેમ રમી કરો. અગર કુર્બાની કે તવાફે ઝિયારત બાકી હોય તો આજે કરી લો. અસર મિનામાં પઢી મગરિબ પહેલાં મક્કા ચાલ્યા જાવ. નહીં તો ૧૩ મી એ પણ કાંકરી મારવી વાજિબ થશે.

**ચેતવણી** : વહાબી પાછળ દુનિયાના કોઈ ખૂણામાં નમાઝ થતી નથી ભલે ને હરમમાં હોય ! તો તમારી નમાઝો તેમની પાછળ પઢીને બર્બાદ ન કરશો. તેઓ મહાન ગુસ્તાખે રસૂલ છે તેમની પાછળ નમાઝ થશે નહીં, જેથી હરમ શરીફમાં રહીને એક નમાઝ તેમની પાછળ પઢી તો નમાઝ થશે નહીં જેથી એક લાખ નમાઝ છોડવાનો ગુનોહ તેમજ વહાબી ઈમામને મુસલમાન સમજીને જો પઢશે તો હજજના સવાબને બદલે કુફ્રમાં સપડાશે ! એ પ્રમાણે મદીનામાં વહાબી પાછળ નમાઝ ન પઢે. સુન્ની ઈમામનો બંદોબસ્ત થઈ શકે તો ઠીક, નહીં તો એકલા જ પઢવી. મિનામાં કે અરફાતમાં દરેક જગાએ તમારી સાથે સુન્ની ઈમામ હોય તો ઠીક નહીં તો એકલા પઢો. કેટલાક વહાબી દેવબંદીઓના સાથે ગૃપમાં આવેલા હોવાથી, વહાબી સગાનો સંગાથ (કે જે હરામ છે) હોવાથી દેવબંદી ઈમામ પાછળ નમાઝ પઢી લે છે, તો તેની પણ નમાઝ થશે નહીં. જુમ્આના દહાડે ઝોહર પઢે પણ વહાબી પાછળ નમાઝ કદી ન પઢે. *–તંત્રી :*

# બરકાતે ખ્વાજાની ટપાલ......કાર્યાલય

### ★ જશ્ને યવમે રઝા ★

**વેરાવળ** : તા. ૭–૧૦–૨૦૦૯ના રોજ અલ બરકાતી ગૃપ–વેરાવળ થકી ઈશા બાદ જૂની મામલતદાર ઓફીસ પાસે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાની યાદમાં ૧૦ શવ્વાલે આપની વિલાદત મુબારકના પ્રસંગે ''જશ્ને યવમે રઝા'' મનાવાયો જેમાં ખતીબુલ હિંદ હઝરત મૌલાના અન્વાર અહમદ કાદરી (ઈંદોર M.P.)એ શાને આ'લા હઝરતમાં શાનદાર બયાન કર્યું હતું. જલસાનું સંચાલન મૌલાના નજમુલહુદા સાહબે સંભાળ્યું હતું. *(રજૂઆત : અમીન મુહમ્મદ મોગલ રઝવી)*

### ★ સુન્ની ઈજતેમા યોજાયો ★

**તાંદલજા** : (વડોદરા) ચિશ્તિયા જુમ્મા મસ્જિદ ખાતે ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો શાનદાર ઈજતેમા તા. ૧૪–૧૦–૨૦૦૯ના રોજ જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્ત્યાઝભાઈ ભીવંડીવાળાએ ખૂબ જ અસરકારક ઈસ્લાહી ઈમાન અફરોઝ વર્તમાન હાલાતને અનુલક્ષીને બયાન કર્યું હતું. જનાબ સુલ્તાન રઝા તથા અન્ય મુબલ્લિગોએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. એવું જનાબ અમીરમિયાં કાઝી પોતાની યાદીમાં જણાવે છે.

### ★ ઈન્તેકાલ પૂરમલાલ ! ★

**દયાદરા** : તા. ૯–૧૦–૨૦૦૯ના રોજ જુબેદા મુહમ્મદ માનાનો ઈન્તેકાલ થઈ ગયો છે. રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. (આમીન) –તંત્રી

### મસ્જિદ માટે સહાય કરો

**નાપાવાંટા** : (જિ. આણંદ) મુકામે મસ્જિદે સરકારે મદીના (છાણી મેદાન)નું બાંધકામ ચાલે છે. તો સખીદાતાઓને વિનંતિ કે પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે વધુમાં વધુ સહાય, રોકડ, મટિરિલયલ મોકલી જન્નતના હક્કદાર બનશો. **સંપર્ક સરનામુ** : મસ્જિદે સરકારે મદીના કમિટી, નાપાવાંટા, તા. બોરસદ, જિ. આણંદ (મો.) ૯૭૨૬૫ ૯૭૯૮૨, ૯૯૨૫૫ ૧૭૦૮૦, ૯૯૯૮૭ ૬૧૭૯૧

### દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ (પોરબંદર)માં પ્રવેશ સંબંધી જાહેરાત

જનાબ હાફિઝ અબ્દુલ હબીબ રઝવી (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર)ની યાદી જણાવે છે કે, ''દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ'' અઝીમુશ્શાન દીની દર્સગાહ મસ્લકે આ'લા હઝરત તથા સુન્નિયતના પ્રચાર અને પ્રસારમાં છેલ્લા ૩૦ વરસથી આ ઈદારો કાર્યરત છે. આ દારુલ ઉલૂમ સંબંધે કેટલાકે ખોટો પ્રચાર કર્યો કે દારુલ ઉલૂમ બંધ થઈ ગયો છે તો એવા ખોટા પ્રચારથી ગેરમાર્ગે દોરાવું નહીં. આજે પણ અહીં પઢાઈ રેગ્યુલર ચાલુ થઈ ગયેલ છે અને ઈદારામાં આલિમ, હિફ્ઝ, કિરઅતની સાથે અંગ્રેજી–ગણિત તથા કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવે છે તથા આ પ્રમાણેનો નિષ્ણાત સ્ટાફ તા'લીમમાં વ્યસ્ત છે : (૧) શયખુલ હદીષ અલ્લામા મુફતી અન્વાર અહમદ સાહબ બગદાદી (સદ્દામ યુનિ. બગદાદ શરીફ) (૨) અદીબે શહીર અલ્લામા અબ્દુલ મુઈદ સાહબ અઝહરી (૩) અલ્લામા અર્શદ સાહબ નિઝામી (M.A. અલીગઢ યુનિ.) (૪) અલ્લામા મુહમ્મદ ઈરફાન સાહબ તેહસીની મિસ્બાહી (૫) અલ્લામા હાફિઝો કારી રિઝવાન સાહબ બહેરાઈવી (મુસન્નિફે અહમ કુતુબે ફન્ને કિરઅત) (૬) હાફિઝો કારી ગુલામ મુસ્તફા રઝા–લખનૌ (૭) અલ્લામા મુહમ્મદ અલી કચ્છી (૮) હાફિઝો કારી મુહમ્મદ મોઅઝ્ઝમ અઝીઝી. તાલિબે ઈલ્મોએ વહેલી તકે પ્રવેશ પત્ર ભરી લેવા વિનંતિ છે. ચાલુ વરસથી 'તખસ્સુસ' (અરબી પોસ્ટ ગ્રેજ્યુએશન)નો કોર્સ પણ ચાલુ કરવામાં આવેલ છે તેમાં પણ એડમિશન ચાલુ છે. *–હાફિઝ અબ્દુલ હબીબ રઝવી (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર)*

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| ઈબ્રાહીમભાઈ એચ. માજોઠી | મીઠાપુર |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના સિરાજુલ હુદા | ઝાલોદ |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| કારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ હમીદ મુલ્લા | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| મૌલાના મુખ્તાર અહમદ | કોસંબા |
| મુહમ્મદ આકિબ ખાન બરકાતી | પેટલાદ |
| માસ્તર યૂસુફમિયાં મલેક | બડાપુરા |
| હાજી ઈદ્રીસભાઈ ગોધા | સાંસરોદ |
| મેહબૂબભાઈ બાવાલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| હાફેઝ ગુલામ મરચી | નબીપુર |
| સલીમભાઈ જોંહા | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| યૂસુફ અલી ગડીમલ | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| ઝાકિરભાઈ શેખ | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફુટવાલા | જંબુસર |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| હાફેઝ મુબારક લુવારાવાલા | તીલકવાડા |
| મૌલાના સૈયદ અખ્તર દહીઅપવાળા | ભાલેજ |
| જનાબ કારી શમીમ સાહબ | આમોદ |
| ઈરફાનભાઈ M.R. | ભાવનગર |
| ડો. મકસૂદભાઈ દયાદરવી | ચીખલી |

| નામ | શહેર |
|---|---|
| ઉષ્માનગની મુબલ્લિગ | વડોદરા |
| અબ્દુલ કાદર રઝવી શેખ | નડિયાદ |
| સૈયદ ફારૂકઅલી મહેરઅલી (ટીનાભાઈ) | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| અ. રઝ્ઝાક કાસમાણી | જામનગર |
| રોશન અલીભાઈ | અંજાર |
| હાફેઝ સલીમ સાહબ રઝવી | ખંભાત |
| અબૂબક્રભાઈ ઈસ્માઈલ પટેલ | દેડીયાપાડા |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| મુશ્તાકભાઈ મુન્શી | વાગરા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | મોડાસા |
| આરિફભાઈ હુક્કવાલા | મોડાસા |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબોરી |
| આફતાબભાઈ મુબલ્લિગ | વડોદરા |
| સલીમ રઝા પેટલાદી | અમદાવાદ |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ઈરફાનભાઈ (માણિયા હાતિના) | જામનગર |
| ખાલિદભાઈ કુરૈશી | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| જનાબ હાજી સૈયદ રૂકનુદ્દીન મહંમદમિયાં | હાડગુડ |
| હસન અબ્દુલ મજીદ મુલ્તાની ચાવાલા | ઝંખવાવ |
| મુતવલ્લી હુસૈનભાઈ સાહિબખાન | સેલંબા |

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

| નામ | શહેર |
|---|---|
| બશિરમિયાં રહીમમિયાં શેખ | માંડવી |
| નાશિરહુસૈન ઈબ્રાહીમ શેખ | વડોદરા |
| ઈસ્માઈલભાઈ ચિરાગ (ઈલેક્ટ્રીક સ્ટોર્સ) | વાંકાનેર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| આ'લા હઝરત લાયબ્રેરી | નડિયાદ |
| અબ્દુલ કાદર મુહમ્મદ કારીગર | કપડવંજ |
| અબ્દુર્રઝઝાક કાસમાણી | જામનગર |
| હાફેઝ અબ્દુલ્લાહ પીપલીયાવાળા | પીપલીયા |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| ખેરુ કિતાબ ઘર (રફીકભાઈ લાલપુરવાલા) | ઉનાવા |
| સલીમભાઈ અકબર રાઠોડ | ભોજ |
| ઈમરાનભાઈ (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| ખિઝરભાઈ નવીવાળા | ધોરાજી |
| યૂનુસભાઈ બોરડીવાલા | પારખેત |
| એફ. આઈ. કિતાબ ઘર | અંજાર (કચ્છ) |
| જનાબ મૌલાના ક઼મરુદ્દીન | કાલોલ |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |
| બરકાતી બુરખા કલેકશન | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ દભાડ | ચિખલી |

| નામ | શહેર |
|---|---|
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| સુલ્તાન રઝા | વડોદરા |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| સુદેસરા અહમદભાઈ | વઘઈ (જિ. ડાંગ) |
| મૌલાના અબ્દુલગની છાલાવાળા | ગાંધીનગર |
| અઝીઝભાઈ મછાસરવી | અડાજણ દરગાહ |
| અબ્દુલકાદીરભાઈ વાડીવાળા | સુરત |
| અબ્દુલ સમદભાઈ (નાના વરાછા) | સુરત |
| હાફેઝ સઈદ સાહબ | ભાલેજ |
| મુનીરભાઈ શેખ (અમન મોબાઈલ) | ભરૂચ |
| સૈયદ મુહમ્મદ અસ્ગરઅલી દહીંઅપવાળા | મહુધા |
| મુહમ્મદ ઈકબાલ જાફરભાઈ પનારાવાલા | વિરમગામ |
| ફારૂકભાઈ મુબલ્લિગ | દાહોદ |
| ઝાકીરહુસૈન ગફૂરભાઈ પીરવાલા | દેવકા |
| ઈમ્તિયાઝભાઈ લોહાર | ભુજ |
| ઐયૂબ અ. અઝીઝ | ગોંડલ |
| હાફેઝ ઈલ્યાસ જંબુસરવાળા | કુવૈત |
| ગુલામ રસૂલ રઝવી | બોટાદ |
| માજોઠી મેહમૂદ ઉષ્માનગની | ભુજ–કચ્છ |
| મૌલાના મુલતાની મુહમ્મદ અલ્લારખા રઝવી | વિરમગામ |
| એમ. એમ. અગરીયા | પાલીતાણા |
| સલીમભાઈ લીંબુવાળા | આણંદ |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફ઼ઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તેમની બંને જહાનને આબાદ ફ઼રમાવે. (આમીન)** ***લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

## પેટલાદમાં ઉર્સે નૂરાની યોજાયો

મોહસિને સુન્નિયત હઝરત ક઼િબ્લા સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા رحمة الله عليهનો ઉર્સ મુબારક પેટલાદ મુકામે તા. ૯–૧૦–૨૦૦૯ના રોજ સજ્જાદાનશીન હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવા નૂરાની مدظله العالىની સદારતમાં શાનો શૌકત સાથે મનાવાયો. કુલ શરીફ રાત્રે ૧૨.૨૦ મિનિટે રાખવામાં આવેલ. બીજા દિવસે સંદલ શરીફનું જુલૂસ હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફબાવાની સદારતમાં મુરીદો અક઼ીદતમંદોની હાજરીમાં હઝરતના ઘરેથી સલામ પઢતા પઢતા નીકળ્યું જેમાં મોઈને મિલ્લત પીરે તરીક઼ત હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા) તથા આપના સાહબઝાદા હઝરત સૈયદ અમીરુદ્દીન બાવા સાહબ તથા જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલ્વી (લેસ્ટરથી) તથા મુહમ્મદ જુલ સાહબ તથા અન્ય અગ્રણીઓ, સાદાતો હાજર રહ્યા હતા. સંપૂર્ણ વિધિ શરીઅત મુજબ થઈ. ઔરતોને ક઼બ્રસ્તાનમાં દરગાહ પર આવવા મનાઈ કરી દેવામાં આવી હતી. સંદલ વિધિ તથા ગુલપોશી ચાદરપોશી બાદ અંતમાં હઝરત સૈયદ મુઈનુદ્દીનબાવા સાહબની દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો હતો બાદમાં સૌ હાજરજનોને ન્યાઝ જમાડવામાં આવી હતી.